વર્ષ : ૪૨ • અંક : ૧
જાન્યુઆરી - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર



## ત્રય જિનેન્દ્ર પ્રતિમા

(શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા)

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં યોજાયેલ યુવા ઉત્કર્ષ શિબિરની તસવીરો
(તા. ૨૪-૧૨-૨૦૧૭ થી તા. ૨૬-૧૨-૨૦૧૭)


શ્રી જિનાભિષેક


દીપ-પ્રાગટ્ય


પૂજ્યશ્રીની પાવનનિશ્રા


આદ. શ્રુતપ્રજ્ઞસ્વામીજી


આદ. વિવેકજીવનસ્વામીજી


પૂજ્ય બહેનશ્રી


બા.બ્ર. સુરેશજી


બા.બ્ર. અલકાબેન


આદ. ડૉ. રાગિણીબેન


શ્રી હિતભાઈ મોદી




યુવા શિબિરાર્થીઓ

# દિવ્યધ્વનિ


-: પ્રેરક :-

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

-: તંત્રી - સંપાદક :-

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

-: સ્વત્વાધિકારી :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭ ૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીની અધ્યાત્મસાધના ........... ...................... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૬

(૩) કામનાના કોલાહલથી બહેરું બનતું જીવન ..... ...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૭

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ............... ..................... પ્રા. ચંદાબહેન પંચાલી ... ૧૦

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન.... પૂજ્ય બહેનશ્રી .... ૧૨

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી.. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૪

(૭) શ્રાવકાચાર ................બા.બ્ર. શ્રી સુરેશજી ... ૧૮

(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .....શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૧

(૯) આત્માની સ્વધર્મવ્યાપકત્વશક્તિ.. શ્રી વલભજી હીરજી .... ૨૬

(૧૦) શુભભાવ - સાપેક્ષિત પ્રયોજન .............. ................. શ્રી નવનીતભાઈ પી. શાહ ... ૨૭

(૧૧) યાત્રા-રાગીથી વીતરાગી .... શ્રી મધુભાઈ પારેખ ... ૩૦

(૧૨) હું કેવો મુમુક્ષુ છું ? (જાતપરીક્ષા) .................. ૩૨

(૧૩) બાળવિભાગ ............શ્રી મિતેશભાઈ શાહ ... ૩૪

(૧૪) સમાજ-સંસ્થા દર્શન .............................. ૩૬



**વર્ષ : ૪૨ જાન્યુઆરી, ૨૦૧૮ અંક - ૧**



**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank :** Kotak Mahindra Bank

**Branch :** Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No. :** 08390020000044 • **IFS Code :** KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ 'દિવ્યધ્વનિ' દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા'**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

આપે કહ્યું છે, "રાત્રિ વ્યતિક્રમી ગઈ, પ્રભાત થયું, નિદ્રાથી મુક્ત થયા. ભાવનિદ્રા ટળવાનો પ્રયત્ન કરજો."

આપ પરમજ્ઞાની જાણતા જ હતા કે અમે અલ્પમતિ જીવો ભાવનિદ્રા ટાળવાનો પ્રયત્ન કરી શકીએ એટલા સક્ષમ નથી, તેથી એની સફળતા માટેના સૂચનો નિત્યક્રમના રૂપમાં આપે અમારા હિતને માટે દર્શાવ્યા પણ છે. સદ્‌ગુરુદેવે અમને એ પ્રમાણે કરવાની આજ્ઞા પણ આપી છે. તે ઉપરાંત આપે બતાવેલ સત્સંગનું માહાત્મ્ય, સત્‌શાસ્ત્રનું વાંચન અને 'આત્મસિદ્ધિ'નું અવગાહન મોહનિદ્રાને ટાળવા માટે ઉપકારક છે.

જેમ સૂર્યોદય થતાં જીવો પોતપોતાના કાર્યોમાં પ્રવૃત્ત થાય છે, તેમ આપનો જ્ઞાનપ્રકાશ અનાદિના અમારા મોહાંધકારને દૂર કરવા લાગ્યો છે. સંસારમાં પ્રવર્તતી અમારી વૃત્તિ અને પ્રવૃત્તિ ઓછી થતી જાય છે, નિવૃત્તિની ઇચ્છા વધતી જાય છે અને આસક્તિ ઘટતી જાય છે. આપની અમારા માટેની અપરંપાર કરુણા માટે તો શું કહીએ ?


અમારા પ્રભાતને સુપ્રભાત બનાવી, મોહનિદ્રા ટાળી, અમને શાશ્વતસુખમાં સ્થિત કરવાની અમે આપને પ્રાર્થના કરીએ છીએ. આશિષ આપશો.

"પ્રભુજી આપની જ્ઞાનદૃષ્ટિએ,
અમ પામરના હિત પરખ્યાં,
શુભ ચરણોમાં આશ્રય આપ્યો,
ભાગ્ય અમારા ઝળક્યાં;
આપ જ માતા, આપ જ પિતા,
આપ જ અમારા ગુરુ છો,
અનન્ય શરણ છે આપનું અમને,
આપ જ અમારું જીવન છો."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક ૫૨૨

**મુંબઈ, ભા. સુદ ૩, રવિ, ૧૯૫૦**

જીવને જ્ઞાનીપુરુષનું ઓળખાણ થયે તથાપ્રકારે અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ મોળાં પડવાનો પ્રકાર બનવા યોગ્ય છે, કે જેમ બની અનુક્રમે તે પરિક્ષીણપણાને પામે છે. સત્પુરુષનું ઓળખાણ જેમ જેમ જીવને થાય છે, તેમ તેમ મતાભિગ્રહ, દુરાગ્રહતાદિ ભાવ મોળા પડવા લાગે છે, અને પોતાના દોષ જોવા ભણી ચિત્ત વળી આવે છે; વિકથાદિ ભાવમાં નીરસપણું લાગે છે, કે જુગુપ્સા ઉત્પન્ન થાય છે; જીવને અનિત્યાદિ ભાવના ચિંતવવા પ્રત્યે બળવીર્ય સ્ફુરવા વિષે જે પ્રકારે જ્ઞાનીપુરુષ સમીપે સાંભળ્યું છે, તેથી પણ વિશેષ બળવાન પરિણામથી તે પંચવિષયાદિને વિષે અનિત્યાદિ ભાવ દઢ કરે છે. અર્થાત્ સત્પુરુષ મળ્યે આ સત્પુરુષ છે એટલું જાણી, સત્પુરુષને જાણ્યા પ્રથમ જેમ આત્મા પંચવિષયાદિને વિષે રક્ત હતો તેમ રક્ત ત્યાર પછી નથી રહેતો, અને અનુક્રમે તે રક્તભાવ મોળો પડે એવા વૈરાગ્યમાં જીવ આવે છે; અથવા સત્પુરુષનો યોગ થયા પછી આત્મજ્ઞાન કંઈ દુર્લભ નથી; તથાપિ સત્પુરુષને વિષે, તેનાં વચનને વિષે, તે વચનના આશયને વિષે, પ્રીતિ ભક્તિ થાય નહીં ત્યાં સુધી આત્મવિચાર પણ જીવમાં ઉદય આવવા યોગ્ય નથી; અને સત્પુરુષનો જીવને યોગ થયો છે, એવું ખરેખરું તે જીવને ભાસ્યું છે, એમ પણ કહેવું કઠણ છે.

જીવને સત્પુરુષનો યોગ થયે તો એવી ભાવના થાય કે અત્યાર સુધી જે મારાં પ્રયત્ન કલ્યાણને અર્થે હતાં તે સૌ નિષ્ફળ હતાં, લક્ષ વગરનાં બાણની પેઠે હતાં, પણ હવે સત્પુરુષનો અપૂર્વ યોગ થયો છે, તો મારાં સર્વ સાધન સફળ થવાનો હેતુ છે. લોકપ્રસંગમાં રહીને જે નિષ્ફળ, નિર્લક્ષ સાધન કર્યા તે પ્રકારે હવે સત્પુરુષને યોગે ન કરતાં જરૂર અંતરાત્મામાં વિચારીને દઢ પરિણામ રાખીને, જીવે આ યોગને, વચનને વિષે જાગૃત થવા યોગ્ય છે, જાગૃત રહેવા યોગ્ય છે; અને તે તે પ્રકાર ભાવી, જીવને દઢ કરવો કે જેથી તેને પ્રાપ્ત જોગ 'અફળ' ન જાય, અને સર્વ પ્રકારે એ જ બળ આત્મામાં વર્ધમાન કરવું, કે આ યોગથી જીવને અપૂર્વ ફળ થવા યોગ્ય છે, તેમાં અંતરાય કરનાર 'હું જાણું છું, એ મારું અભિમાન, કુળધર્મને અને કરતા આવ્યા છીએ તે ક્રિયાને કેમ ત્યાગી શકાય એવો લોકભય, સત્પુરુષની ભક્તિ આદિને વિષે પણ લૌકિકભાવ, અને કદાપિ કોઈ પંચવિષયાકાર એવાં કર્મ જ્ઞાનીને ઉદયમાં દેખી તેવો ભાવ પોતે આરાધવાપણું એ આદિ પ્રકાર છે,' તે જ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ છે. એ પ્રકાર વિશેષપણે સમજવા યોગ્ય છે; તથાપિ અત્યારે જેટલું બન્યું તેટલું લખ્યું છે.

ઉપશમ, ક્ષયોપશમ અને ક્ષાયિક સમ્યક્ત્વને માટે સંક્ષેપમાં વ્યાખ્યા કહી હતી, તેને અનુસરતી ત્રિભોવનના સ્મરણમાં છે.

જ્યાં જ્યાં આ જીવ જન્મ્યો છે, ભવના પ્રકાર ધારણ કર્યા છે, ત્યાં ત્યાં તથાપ્રકારના અભિમાનપણે વર્ત્યો છે; જે અભિમાન નિવૃત્ત કર્યા સિવાય તે તે દેહનો અને દેહના સંબંધમાં આવતા પદાર્થોનો આ જીવે ત્યાગ કર્યો છે, એટલે હજી સુધી તે જ્ઞાનવિચારે કરી ભાવ ગાળ્યો નથી, અને તે તે પૂર્વસંજ્ઞાઓ હજી એમ ને એમ આ જીવના અભિમાનમાં વર્તી આવે છે, એ જ એને લોક આખાની અધિકરણક્રિયાનો હેતુ કહ્યો છે; જે પણ વિશેષપણે અત્ર લખવાનું બની શક્યું નથી. પત્રાદિ માટે નિયમિતપણા વિષે વિચાર કરીશ.

# યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીની અધ્યાત્મસાધના

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



ભારતની ભાગ્યશાળી ભૂમિમાં અનેક મહારત્નો પાક્યાં છે. તેમાં આજથી ૧૫૦ વર્ષ પૂર્વે થયેલા, રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક, બહુઆયામી પ્રતિભાસંપન્ન, પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીની અધ્યાત્મસાધના વિષે અત્રે થોડું ચિંતન પ્રસ્તુત કરીએ છીએ.

**પૂર્વ આરાધક :** શ્રીમદ્‌ની અધ્યાત્મસાધના માત્ર આ જિંદગી પૂરતી મર્યાદિત નથી. તેઓ યુગ-યુગની અને જન્મજન્માંતરની સાધના સાથે લઈને આવ્યા હતા. આ વાત તેમના વીસ વર્ષની ઉંમર પહેલાં લખાયેલા સાહિત્ય પરથી જ નહિ પરંતુ તેટલી ઉંમરમાં તેઓએ દૃઢ કરેલા 'માત્ર મોક્ષ-અભિલાષ'ના સંસ્કારો અને યુવાવયમાં જ તેમણે પ્રાપ્ત કરેલા તેમના જ્ઞાનવૈરાગ્યનો પ્રકાશ કરતા તેમના જીવન-પ્રસંગોમાંથી પણ જાણવા મળે છે. આ સંબંધમાં મહાત્મા ગાંધીજીએ દોરેલું તેમનું શબ્દચિત્ર તેનો સ્પષ્ટ ખ્યાલ આપે છે.

**શુદ્ધાત્મજ્ઞાનપ્રકાશ :** વિ. સં. ૧૯૪૭ના પ્રારંભમાં તેઓને જે શુદ્ધાત્મ પ્રકાશ પ્રગટ્યો, તેના પ્રતાપે તેમની આગળની સાધનામાં ઘણું જ અંતરંગ બળ પ્રાપ્ત થયું અને એકાંત મૌન-ધ્યાન-ચિંતન-તપ અર્થે તેઓ મુંબઈના પોતાના વ્યાવસાયિક કાર્યથી નિવૃત્તિ લઈ વારંવાર ચરોતરના પ્રદેશોમાં ૧૦-૧૫-૨૦ દિવસો સુધી રહેવા લાગ્યા અને ત્યાંની સરળ - ખેતીપ્રધાન - જિજ્ઞાસુ જનતાને પોતાની અધ્યાત્મપ્રસાદી પ્રસંગોપાત્ત પીરસતા ગયા. તેમની પરમ પ્રજ્ઞાએ જૈન, વેદાંત આદિ સમસ્ત ભારતીય દર્શનોના હાર્દને ઘણાં જ થોડાં વર્ષોમાં હૃદયગત કરી લીધું અને સેંકડો શાસ્ત્રોનું અવલોકન કરીને 'સાક્ષાત્ સરસ્વતી' અને 'નિઃસંદેહ જ્ઞાનાવતાર' પણાની પ્રાપ્તિ કરી લીધી.

**જ્ઞાનીઓનો સનાતન માર્ગ :** શ્રીમદ્‌ના સાહિત્યમાં ઠેર ઠેર 'નિર્ગ્રંથપ્રણીત સનાતન જ્ઞાનીઓના વીતરાગધર્મ'ની વાત આવે છે; અને વિ.સં. ૧૯૫૩માં લખાયેલા 'અપૂર્વ અવસર'માં તેમણે નિર્ગ્રંથદર્શનને અનુસરીને આત્માના (અને પોતાના) અધ્યાત્મવિકાસનું સૂક્ષ્મ, વૈરાગ્યપુરિત, ક્રમબદ્ધ અને વૈજ્ઞાનિક વર્ણન કર્યું છે. તેમાં તેઓશ્રીએ પોતાના જીવનની અનુભૂતિને વણી લઈને જ કહ્યું, 'દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે' - અને લગભગ વિ. સં. ૧૯૫૩ના સમયથી તેમણે અધ્યાત્મવિકાસની જે હરણફાળ ભરી તે આ કાળનું એક અલૌકિક અને અતિ મહાન પરાક્રમ છે. મુખ્યપણે આવી અંતરંગ શુદ્ધિનું સાધક આધ્યાત્મિકતા, સાધારણ જનતા કે જિજ્ઞાસુને નથી તો સમજમાં આવતી અને નથી તો કાંઈ રસ ઉપજાવી શકતી, તોપણ તે એક પરમાર્થસત્ય છે, અલૌકિક છે, ઉત્તમ મુમુક્ષુઓ અને જ્ઞાનીજનોને પરમ પ્રેરણાદાયી છે. વળી, આ ઉચ્ચ અધ્યાત્મકક્ષાની સાધનાના ગહન ચિંતન અને અનુભૂતિને શબ્દો દ્વારા વ્યક્ત કરવાની તેમની વિશિષ્ટ ક્ષમતાને લીધે, વર્તમાન આધ્યાત્મિક જગત પર તેમનો મહાન ઉપકાર છે. જોકે આપણી ભવ્ય ભારતભૂમિમાં અનેક સંતો-જ્ઞાનીઓ અને મહર્ષિઓ થયા છે, તોપણ પોતાની આગળની (ઉચ્ચકક્ષાની) અધ્યાત્મચિંતવના

(અનુસંધાન પાના નં. ૨૬ પર...)

# કામનાના કોલાહલથી બહેરું બનતું જીવન

પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ

બાળપણમાં કોઈ રમકડું મેળવવા માટે બાળક કેવી અતિ તીવ્ર ઝંખના રાખતું હોય છે ! એ યુવાન થાય ત્યારે એની ઝંખનામાં પરિવર્તન આવે છે અને એ સમયે એ કોઈ ખૂબસૂરત અને અત્યંત સુશીલ યુવતીને જીવનસાથી તરીકે પામવા માટે રાતદિવસ એક કરે છે. એ પછી ભવ્ય વૈભવશાળી વિશાળ બંગલો, વંશ-વારસો જાળવનાર પુત્ર, સૌથી શ્રેષ્ઠ અને કીમતી મોટર જેવી કામનાઓ એને સતત દોડાવ્યે જ રાખે છે. કોઈને સર્વોચ્ચ પદની પ્રાપ્તિની ઝંખના હોય છે, તો કોઈને સામાજિક, ધાર્મિક કે રાજકીય પ્રતિષ્ઠાની લાલસા હોય છે. આ કામનાઓ, ઈચ્છાઓ કે વિષય-કષાયની ઝંખનાઓ માનવીને નિરાંતે જંપીને બેસવા દેતી નથી. બહારની દોડધામને કારણે એને શાંતિથી પોતાના જીવન-ધ્યેય વિશે કે જીવનસાફલ્ય વિશે વિચારવાનો સમય જ મળતો નથી.

આજના માનવીને માટે જિંદગી એટલે એક અવિરત આંધળી દોડ. એ આંખો મીંચીને એક દિશામાં સતત દોડતો રહે છે, ક્યારેક હાંફી જાય છે, થાકીને લોથપોથ થઈને પડી જાય છે, છતાં પાછો ઊભો થઈને પ્રાપ્તિની સ્પર્ધામાં દોડ લગાવે છે. હા, એના રસ્તા ક્યારેક બદલાતા રહે છે. એક વાર એ એક માર્ગ પર દોડ લગાવે છે. વળી થોડા સમયે એની દોડનો માર્ગ બદલાઈ જાય છે. રસ્તા બદલાય, રસ-રુચિમાં પલટો આવે, ઉંમર વધે, પણ વૃત્તિની આંધળી દોડ તો સતત ચાલુ જ રહે છે.

કોઈ એક સ્વપ્નની પાછળ એ પાગલ બની જાય છે. એની ચાહનાનું કે ઈચ્છાઓનું એ સ્વપ્ન સિદ્ધ થાય, ત્યાં તો વળી નવી ચાહના કે મોટી ઈચ્છા જાગે છે. આમ, ઈચ્છાની તરસ ગમે તેટલી પ્રાપ્તિ છતાં ક્યારેય છિપાતી નથી અને એ ક્યારેય પૂર્ણ રૂપ સંતોષ અનુભવતી નથી. એ ઈચ્છા દિનપ્રતિદિન વધતી જાય છે અને માનવી એમાં વધુને વધુ ખૂંપતો જાય છે. એ ઈચ્છા કરે છે કે જીવનમાં પચીસ લાખ રૂપિયા મળશે એટલે આરામ કરીશ અને નિવૃત્તિ લઈ લઈશ, પરંતુ પચીસ લાખ રૂપિયા મળતાં પહેલાં વીસ લાખ મળે ત્યારે એને કરોડપતિ થવાની તીવ્ર કામના જાગે છે. ફરી પાછી એની દોડ શરૂ થાય છે. આથી જીવનમાં સૌથી મુશ્કેલ કિન્તુ મહત્ત્વની વાત ઈચ્છાઓના સીમાનિર્ધારણની છે. જો ઈચ્છા કોઈ સીમા કે મર્યાદામાં નહીં રહે, તો એ વ્યક્તિના સમગ્ર જીવનને નષ્ટ - ભ્રષ્ટ કરી નાખશે.

આ ચાહના, ઈચ્છા કે લાલસા આપણી આસપાસ સ્વપ્નવત્ સંસાર રચે છે. આપણી ચાહના પ્રમાણે આપણે સંબંધો બાંધીએ છીએ. ધનવાન થવાની ચાહના હશે તો જ્ઞાની પુરુષ પ્રત્યે આદર નહીં જાગે, પણ અતિ ધનવાનને જોતાં એના પર વારી જવાશે. ભૌતિક વસ્તુઓ પાછળ મનની દોડ હશે, તો આધ્યાત્મિક વાતો કાં તો પસંદ નહીં પડે અથવા એની હાંસી ઉડાવીને એના પ્રત્યે ઉપેક્ષા અને ઉપહાસનો ભાવ દાખવશે.

ઈચ્છાઓ, કામનાઓ અને તૃષ્ણાઓ જીવનમાં જુદી જુદી અવસ્થાએ બદલાતી જાય છે અને આપણું જીવન એ તૃષ્ણાકેન્દ્રી બની જાય છે. એમ કહેવાયું છે કે બધી નદીઓ ભેગી થઈને સાગરને

મળે છે, તેમ આપણી સઘળી પ્રવૃત્તિ એકઠી થઈને તૃષ્ણાનું પોષણ કરે છે. ધન-સંપત્તિની અદમ્ય ઇચ્છા રાખીને અને પછી એવું બને કે ધનલાભમાં ખોટા માર્ગે ધન મેળવવા જતાં, કરચોરીમાં પકડાઈ જતાં વળી નવી સમસ્યા ઊભી થાય. વાસનાને નિરંકુશ મહાલવા દઈએ અને એને પરિણામે પારિવારિક સંબંધોની સમસ્યા ઊભી થઈ જાય. સત્તા મેળવવા માટે આંધળી દોડ લગાવી હોય અને પરિણામે કેટલાંય માન અને અપમાન સહન કરવાનો વારો આવે. આમ, જિંદગી જેટલી સમસ્યાઓ ઊભી કરે છે, એનાથી વધુ સમસ્યા આ ઇચ્છાઓ અને કામનાઓ આપણા જીવનમાં સર્જે છે.

આનું કારણ એ છે કે આપણા ચિત્ત પર કામનાઓનું પ્રત્યક્ષ અને પ્રબળ આક્રમણ થતું હોય છે. આ કામનાઓ જીવનની સઘળી બાબતોને - શુભ વિચાર, કલ્યાણલક્ષી પ્રવૃત્તિ કે આધ્યાત્મિક વિકાસને - આપણા મનમાંથી દૂર હડસેલીને એના પર પોતાનું આધિપત્ય જમાવે છે. સ્થિતિ એવી આવે છે કે આપણું ચિત્ત માત્ર આ કામનાઓનો જ વિચાર કરે છે. અને સૌથી વિલક્ષણ બાબત એ છે કે આ કામનાઓને ક્યારેય પૂર્ણવિરામ હોતું નથી. આથી જ મહાભારતમાં મહર્ષિ વેદવ્યાસે કહ્યું છે કે 'પ્રલોભનયુક્ત માનવીની કામના ક્યારેય પૂર્ણ થતી નથી.' એનું એક પ્રલોભન પૂર્ણ થાય તે પહેલાં જ એ વ્યક્તિ સામે બીજું પ્રલોભન ઊભું કરી દે છે.

હજી પહેલી ઇચ્છાની પૂર્ણાહુતિ થઈ ન હોય, ત્યાં તો બીજી ઇચ્છાનો પ્રારંભ થઈ ચૂક્યો હોય છે. કામના એક એવો કોલાહલ સર્જે છે કે જે ચિત્તમાં સતત વધતો ને વધતો રહે છે. જ્યાં આવી સ્થિતિ હોય, ત્યાં મન મોકળું બને કઈ રીતે ? ચિત્ત કઈ રીતે ઈશ્વર તરફ અભિમુખ બને ? સતત દોડતું મન માનવીને સહેજે નવરું પડવા દેતું નથી, તેથી એના મનમાંથી શાંતિ, સમતા અને સ્વસ્થતાને દેશવટો મળે છે. આપણું આંગણું ચોખ્ખું હોય તો ઈશ્વર આવે ને ! એ જ રીતે આપણા મનમાં કામનાઓનો એટલો બધો ઉન્માદ, ઉત્પાત અને ઉધમાત હોય છે કે એ ચિત્તને પળવાર પણ શાંત થવાની તક આપતું નથી. એક અર્થમાં કહીએ તો જ્યાં સુધી ઇચ્છાઓની સાઠમારી છે, ત્યાં સુધી ચિત્તને શાંતિનો કોઈ અહેસાસ થશે નહીં.

આજના માનવીની વિટંબણા એ છે કે એ મનને કામનાથી મુક્ત કર્યા વિના શાંતિની ખોજ કરે છે. પરિણામે એ માથેરાન કે મહાબળેશ્વર, ઑસ્ટ્રેલિયા કે સ્વિટ્ઝર્લૅન્ડની સહેલગાહે જશે, છતાં રમણીય પ્રાકૃતિક વાતાવરણ વચ્ચે પણ એનું મન શેરબજારની તેજી-મંદીમાં સતત દોડતું રહેશે. ગમે તેવી સુંદર બાહ્ય પરિસ્થિતિમાં પણ એના ચિત્તની વ્યાકુળતા ઓછી થશે નહીં. આથી જીવનમાં શાંતિ પ્રાપ્ત કરવા માટેની શરત કામનામુક્તિ છે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'ના બીજા અધ્યાયમાં સ્વયં ભગવાન શ્રીકૃષ્ણે કહ્યું છે કે 'આસક્તિથી કામના ઉત્પન્ન થાય છે અને કામનાથી ક્રોધ ઉત્પન્ન થાય છે.'

આનો મર્મ એ છે કે મનુષ્યમાં રહેલી કામના માત્ર એક જ વિકાર-કષાય જગાવતી નથી. એક કામના, વાસના કે કષાય એનામાં અનેક વિકારોનું સર્જન કરે છે. જેમ કે કોઈ વ્યક્તિ સત્તાવાન બનવાની કામના સેવે એટલે એ પહેલું કામ એ કરશે કે પોતાની સત્તા વધે, તે માટે પોતાના હરીફોને દૂર કરવાનો વિચાર કરશે. ક્યારેક અકળાશે, તો એમ પણ વિચારશે કે મારા આ પ્રબળ પ્રતિસ્પર્ધીની હત્યા કરી નાખું. આમ, એના મનમાં ક્રોધ જાગશે. હિંસાનો ભાવ પેદા થશે અને પછી એ પ્રબળ પ્રતિસ્પર્ધીને પરાજિત કરવા માટે જુદી જુદી લાલચ અને પ્રલોભનોની જાળ બિછાવશે, છલકપટ કરશે, અસત્યમય આચરણ કરશે, સાચી શિખામણ કાને નહીં ધરે. આથી તો સત્તાલોભી દુર્યોધને એના કાકા

વિદુરની કે માતા ગાંધારીની યુદ્ધ નહીં કરવાની સલાહની તિરસ્કારયુક્ત અવગણના કરી હતી. આ રીતે એક કામના એક જ નહીં, પણ એકાધિક અનર્થો સર્જે છે. એક વિકાર અનેક વિકાર જગાવે છે. એક ઇચ્છા માત્ર એક જ પ્રકારના મોહને જગાડવાને બદલે વ્યક્તિમાં અનેક પ્રકારના મોહ જાગ્રત કરે છે. આથી જ કામનારહિત અને કામનાસહિત વચ્ચેનો ભેદ સમજવા જેવો છે. નિષ્કામી સાધુ વિશે સંત કબીરે ગાયું છે –

સાધુ ભૂખા ભાવ કા, ધન કા ભૂખા નાહીં,
ધન કા ભૂખા જો ફિરૈ, સો તો સાધુ નાહીં.

આનો અર્થ જ એ કે જેને ધનની કામના છે, એ કદી ધાર્મિક થઈ શકે નહીં, કારણ એટલું જ કે જો એ ધનની કામના રાખે, તો એની દૃષ્ટિ એને ધર્મને બદલે ધન તરફ સતત દોરતી રહેશે. આ ધન એનામાં લાલસા જગાડશે અને પછી એની એ વૃત્તિ એટલી બધી પ્રબળ થશે કે ધનપ્રાપ્તિ માટે ખોટા માર્ગો અપનાવતાં કે શોષણ કરતાં સહેજે થડકારો કે લેશમાત્ર આંચકો નહીં અનુભવે. એ સાધુતા ગ્રહણ કરશે તો પણ એ ધનલોભમાં ડૂબ્યો રહેશે. પોતાનાં વ્યાખ્યાનોમાં એ સાચદિલ ધર્મોપાસકોની નહીં, પણ ધનિકોની પ્રશંસા કરશે. ધર્મના માર્ગે ચાલવાથી થતું કલ્યાણ દર્શાવવાને બદલે ધન વાપરવાથી થતી સદ્‌ગતિની વારંવાર વાત કરશે. પછી એવું પણ બનશે કે એનાં વ્યાખ્યાનોમાં એ જરૂર ન હોય, તો પણ ધનત્યાગ કરનારાઓની વાતો તાણી લાવશે, જેથી શ્રીમંત શ્રોતાઓ ધનત્યાગ માટે તત્પર બને અને એના ધનલોભને તૃપ્ત કરે !

આમ, કામના સામાન્ય વ્યક્તિને તો ઠીક, પરંતુ મોટા - મોટા સાધુ-સંતોને પણ ક્યાંના ક્યાં દોરી જાય છે ! જે આવી ઇચ્છાઓ અને કામનાઓથી દોડે છે, એને શું મળે છે ? વધુને વધુ ઇચ્છાઓ અને અંતે જીવન વ્યર્થ વ્યતીત કર્યું તેની ઘોર નિરાશાઓ. આ બંને મોટી-નાની બહેનો છે. પહેલાં મોટી બહેન આવે છે, પછી એમાં નાની બહેન પ્રવેશે છે. કામનાથી દોડનારને અંતે નિષ્ફળ, વ્યર્થ અને કરુણ જીવન જ હાથ લાગે છે.

• • •

## શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)

(પાના નં. ૨૦ પરથી ચાલુ...)

(૩) **પ્રમાદરૂપ અભક્ષ્ય :** જે પદાર્થોના સેવનથી પ્રમાદ અર્થાત્ નશો ઉત્પન્ન થાય તેને પ્રમાદરૂપ અભક્ષ્ય કહે છે. જેમ કે, ભાંગ, ચરસ, ગાંજો, ગુટકા આદિ.

(૪) **અનિષ્ટરૂપ અભક્ષ્ય :** એવી વસ્તુ કે જે ભક્ષ્ય તો છે અર્થાત્ વધારે હિંસક ન હોય પરંતુ પોતાની શારીરિક પ્રકૃતિને અનુરૂપ ન હોય તેને અનિષ્ટરૂપ અભક્ષ્ય કહેવાય છે. જેમકે દમના રોગી માટે દહીં, મધુપ્રમેહ (ડાયાબીટીસ) ના રોગી માટે ખાંડ, કફ પ્રકૃતિવાળા માટે અતિ ઘી-તેલ ઇત્યાદિ.

(૫) **અનુપસેવ્યરૂપ અભક્ષ્ય :** જે વસ્તુ ભક્ષ્ય તો છે; પરંતુ તેનું સેવન ધાર્મિક કુલીન સભ્યપુરુષો માટે યોગ્ય નથી તેને અનુપસેવ્યરૂપ અભક્ષ્ય કહેવાય છે. જેમકે ગૌમૂત્ર સેવન, સ્વમૂત્ર સેવન, હાથણી, ઊંટડી આદિના દૂધનું સેવન ઇત્યાદિ. આ શ્રેણીમાં ભોજન-પાન સિવાય પણ પોતાની સભ્યતા તથા સંસ્કૃતિને અનુરૂપ જે ન હોય તે બધું આવી જાય છે. જેમ કે સ્ત્રીઓએ ચુસ્ત (ફીટ), ટૂંકા તથા અશ્લીલ વસ્ત્ર પહેરવાં, વાળ નાના રાખવાં, પુરુષોને યોગ્ય પોશાક પહેરવો, રાતપાળી નોકરી કરવી ઇત્યાદિ તથા પુરુષોએ લાંબા વાળ રાખવા (મહિલાઓની જેમ), સ્ત્રીઓને યોગ્ય વસ્ત્ર પહેરવાં, નાક-કાનમાં આભૂષણ પહેરવાં ઇત્યાદિ અનુપસેવ્યની શ્રેણીમાં આવે છે. **(ક્રમશઃ)**

• • •

### શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત
# સમાધિતંત્ર - અમૃતરસપાન
### (ક્રમાંક - ૫૨)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

સ્વરૂપમાં વિશ્રામી, સિદ્ધપદના પરિશ્રમી, નિજ ધ્યાનધારાના આશ્રમી એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીની સરસ્વતી ભારતી પત્રાંક ૧૬૬માં આવે છે. "(૩) અનાદિકાળના પરિભ્રમણમાં અનંતવાર શાસ્ત્રશ્રવણ, અનંતવાર વિદ્યાભ્યાસ, અનંતવાર જિનદીક્ષા, અનંતવાર આચાર્યપણું પ્રાપ્ત થયું છે. માત્ર, 'સત્' મળ્યા નથી, 'સત્' સુણ્યું નથી, અને 'સત્' શ્રધ્યું નથી, અને એ મળ્યે, એ સુણ્યે અને એ શ્રધ્યે જ છૂટવાની વાર્તાનો આત્માથી ભણકાર થશે. (૪) મોક્ષનો માર્ગ બહાર નથી, પણ આત્મામાં છે. માર્ગને પામેલો માર્ગ પમાડશે. (૫) બે અક્ષરમાં માર્ગ રહ્યો છે, અને અનાદિ કાળથી એટલું બધું કર્યા છતાં શા માટે પ્રાપ્ત થયો નથી તે વિચારો." આ પહેલાના લેખાંકમાં પત્રાંક ૧૬૬ના બે આંક લીધા હતા. અહીં બીજા ચાર આંકનો અભ્યાસ કરીશું. અનંતવાર પુરુષાર્થ કર્યો પણ વિપરીત અભિપ્રાય સાથે સુણ્યું, મળ્યું અને શ્રદ્ધામાં વિપરીત માન્યતાને કારણે કાર્યસિદ્ધિ થઈ નહીં. મોક્ષનો માર્ગ અંતરમાં છે અને બહાર શોધ કરી અન્ય નિમિત્તમાં જીવ ભરમાયો તેથી કાર્યસિદ્ધિ ન થઈ. જે માર્ગને પામ્યા છે તે જ માર્ગ પમાડી શકે તેવી દૃઢતા પરમ આવશ્યક છે. વિચારતાં વિચારતાં યથાર્થ સમજણ થતાં કાર્ય સિદ્ધ થાય છે.

સમાધિશતકનો શ્લોક ૩૨નો અભ્યાસ કરી રહ્યા છીએ. ગત લેખાંકમાં વિશેષાર્થ **मया एव मयि स्थितं** - મારા વડે મારામાં સ્થિત થઈને આત્મા પ્રાપ્ત થાય છે તે વિચાર્યું હતું. બાહ્ય ઈન્દ્રિયોના વિષયોથી મુક્ત થઈને હું મારા વડે, મારામાં સ્થિત થઈને પરમાનંદથી રચાયેલા જ્ઞાન સ્વરૂપ આત્માને પામ્યો છું. અહીં વિશેષાર્થ સમજીએ.

**बोधात्मानं प्रपन्नः अस्मि** - જ્ઞાન સ્વરૂપ આત્માને પ્રાપ્ત થયો છું. આત્મા જ્ઞાન સ્વરૂપ છે. આત્માની પ્રાપ્તિમાં પૂ. આચાર્યદેવે કહ્યું છે કે પહેલા ઈન્દ્રિયોનો વ્યાપાર પંચ ઈન્દ્રિયોના વિષયોમાં રમ્યા કરે છે તે વિષયોથી મુક્ત થા. પછી જ્ઞાની સત્પુરુષના ઉપદેશના આશયને સમજીને તે પ્રમાણે પ્રયોગનો પુરુષાર્થી બન. જ્ઞાની પુરુષનો આશય છે કે અમે માર્ગ બતાવીએ - ચાલવાનું સ્વયં છે. સ્વ-પુરુષાર્થથી આત્મા પ્રાપ્ત થાય છે. ત્યારે પૂ. આચાર્યદેવે કહ્યું, **मया एव मयि स्थितं** - મારા વડે મારામાં સ્થિત થઈને જ્ઞાન સ્વરૂપ આત્માને પ્રાપ્ત થયો છું. **प्रपन्नः अस्मि ।** અન્ય અવલંબને કે અન્યના આધારે આત્મપ્રાપ્તિ શક્ય નથી. ભૂમિકામાં બધા અવલંબન રૂપ સાધકને સાધનામાર્ગ ચાલે છે. નિર્વિકલ્પદશામાં આત્મા આત્મા વડે આત્મામાં સ્થિત થાય છે. જે નિઃશંક છે ત્યાં બાહ્યભાવો-ક્રોધ, માન, માયા, લોભ ટળી જાય છે. જો ન ટળે તો વિચારીને - સ્વ-અવલોકન કરીને સૂક્ષ્મતાથી સ્વ-વિચારણા જરૂરી છે. જ્યાં અહં છે ત્યાં આત્મપ્રવેશ નથી - અહં દૂર થતાં સોહમ્ શક્ય બને છે.

**દૃષ્ટાંત :** શ્રી શુકદેવજી આજન્મ વૈરાગી હતા. વિચારણા જાગતા આત્મસ્વરૂપનો મહિમા આવ્યો. પિતાશ્રી વેદવ્યાસજીને પ્રશ્ન પૂછ્યો કે આત્મ સ્વરૂપ મને સમજાવો. શ્રી વેદવ્યાસજીએ આત્મ સ્વરૂપને વિસ્તારથી સમજાવ્યું ત્યારે શ્રી શુકદેવજીને લાગ્યું કે જે આપે વાત કરી તે હું જાણતો હતો. શ્રી શુકદેવજીને

તેનું સામાન્યપણું લાગ્યું. શ્રી વ્યાસજી આખી સ્થિતિથી સભાન થયા. તેથી શ્રી શુકદેવજીને કહ્યું શ્રી જનકવિદેહી જ્ઞાની છે. તેમની ઉપાસના કરવાથી તમને સંતોષ થશે અને પ્રસન્નતા મળશે. આનંદ થશે. પરિણામે શ્રી શુકદેવજી શ્રી જનક વિદેહી પાસે મિથિલાનગરી જવા તૈયાર થયા. ત્યાં પહોંચ્યા ત્યારે શ્રી જનક વિદેહીના જ્ઞાનમાં આવ્યું કે શ્રી શુકદેવજી આત્મજ્ઞાન માટે અત્રે આવ્યા છે. શ્રી જનક મહારાજ આસનઆરુઢ હતા પણ શ્રી શુકદેવજી આવ્યા છે એમ જાણતા હોવા છતાં તેઓનું સ્વાગત કરવા ગયા નહિ. દ્વારપાળ પાસે પહોંચી શુકદેવે વિનંતી કરી કે મારે શ્રી જનકરાજાને મળવું છે. દ્વારપાળે શ્રી જનક રાજા પાસે જઈને કહ્યું કે શ્રી શુકદેવજી આપને મળવાની વિનંતી કરે છે. ત્યારે શ્રી જનક મહારાજાએ કહેવરાવ્યું કે તેઓને કહો કે ચોખ્ખા થઈને આવે. દ્વારપાળે શ્રી શુકદેવજીને સંદેશ દીધો. શ્રી શુકદેવજી સ્નાન કરીને આવ્યા. પુનઃ વિનંતી કરી ત્યારે પણ શ્રી જનક રાજાએ એ જ શબ્દો કહ્યા કે ચોખ્ખા થઈને આવો. શ્રી શુકદેવજી પુનઃ સ્નાન કરીને આવ્યા. પુનઃ વિનંતી કરી કે શુકદેવજી આપને મળવા આવ્યા છે. ત્યારે એ જ વાત દોહરાવી કે ચોખ્ખા થઈને આવો. ત્યારે શ્રી શુકદેવજી વિચારવા લાગ્યા કે ચોખ્ખા થવું તેમાં કોઈ રહસ્યબોધ છે. ગહન વિચારણા કરી હું આત્મજ્ઞાન માટે આવ્યો છું અને હું બેવાર શરીરસ્નાન કરી આવ્યો. દેહ પવિત્ર કેમ થાય ? આત્માની પવિત્રતાનું રહસ્ય છે. આત્માને મલિન કરનાર પાંચ ઇન્દ્રિયોના વિષયો છે. આંખને બધું બહારનું જોવું ગમે છે. કાન સારું નરસું બધું સાંભળી ઉત્તેજિત થાય છે, રસેન્દ્રિય-રસ-ભોજનના વિષયમાં લોભાઈ છે. સ્પર્શેન્દ્રિયને સ્પર્શ સુખ અંતરથી વહાલું લાગે છે. આ રીતે માયિક સુખમાં ઇન્દ્રિયો રખડ્યા કરે છે તથા આત્માને મલિન બનાવ્યા કરે છે. મન, ઇન્દ્રિય એવી ગતિશીલ છે કે બધે ત્વરિત ગતિથી ફર્યા કરે છે તે આત્મામાં એકાગ્ર કેમ થાય ? મનને સ્વ તરફ વાળવું મુશ્કેલ છે. સદ્‌ગુરુનો બોધ ઇન્દ્રિયોના વિષયમાંથી પાછા વાળી શકે છે. શ્રી શુકદેવજી વિચાર કરવા લાગ્યા. સત્ય સમજાયું. પછી શ્રી જનકરાજા પાસે જઈને શાંત ચિત્તે, મનને એકાગ્ર કરી સ્થિત થયા. ઊભા રહ્યા. શ્રી જનક રાજાએ યથોચિત તેમની પૂજા કરી. વાર્તાલાપ થયો. શ્રી જનક વિદેહીએ કહ્યું કે તમે જે વિચારણા કરી છે તે યથાર્થ છે. આપ તો આજન્મ વૈરાગી છો. મારાથી ત્યાગ બની શકતો નથી પણ ભાવ તો વનમાં રહેવાના જ રહે છે. આપ નિઃશંક થઈ પંચ ઇન્દ્રિયોના વિષયોને રોકીને આત્માથી આત્મામાં સ્થિત થાઓ. પ્રસન્ન રહો. શ્રી શુકદેવજી પરમ પ્રેમે આત્મધ્યાન લીન થયા. આનંદમય અવસ્થામાં રહેવા લાગ્યા.

આ ગાથામાં આ વાતને વ્યક્ત કરી છે. શિષ્યનો પ્રશ્ન હતો કે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કેવી રીતે થાય ? તે માટે ગાથા ૩૧માં કહ્યું કે જે પરમાત્મા છે તે હું છું અને હું છું તે પરમાત્મા છે. તેથી હું જ મારા વડે ઉપાસવા યોગ્ય છું. બીજો કોઈ ઉપાસ્ય નથી. અને શ્લોક ૩૨માં કહ્યું કે બાહ્ય ઇન્દ્રિયોના વિષયોથી મુક્ત થઈને મારા વડે, મારામાં સ્થિત થઈને પરમ આનંદથી જ્ઞાન સ્વરૂપ આત્માને પ્રાપ્ત થયો છું. આત્મ સ્વરૂપમાં રહું છું. પ્રસન્ન છું.

પૂજ્ય બેનશ્રી ચંપાબહેનની ગરિમાપૂર્ણ ગિરા નોંધે છે. ''આત્મા અલૌકિક ચૈતન્યચંદ્ર છે. જેનું અવલોકન કરતાં મુનિઓને વૈરાગ્ય ઉછળી જાય છે. મુનિઓ શીતળ-શીતળ ચૈતન્યચંદ્રને નિહાળતાં ધરાતાં નથી. થાકતા જ નથી. હું અનાદિ અનંત મુક્ત છું એમ શુદ્ધ આત્મદ્રવ્ય પર દૃષ્ટિ દેતાં શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે. 'દ્રવ્ય તો મુક્ત છે.' મુક્તિની પર્યાયને આવવું હોય તો આવે, એમ દ્રવ્ય પ્રત્યે આલંબન અને પર્યાય પ્રત્યે ઉપેક્ષાવૃત્તિ થતાં સ્વાભાવિક શુદ્ધ પર્યાય પ્રગટે છે.'' આત્મભાવમાંથી

**(અનુસંધાન પાના નં. ૩૫ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૧૬)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા - ૧૬)**

**शशि शांतिकरन तप हरन हेत,**
**स्वयमेव तथा तुम कुशल देत ।**
**पीवत पीयूष ज्यों रोग जाय,**
**त्यों तुम अनुभवतैं भव नशाय ॥**

**શબ્દાર્થ :** જેમ ચંદ્રમા પોતે પોતાના પ્રભાવથી ગરમીને હરી લઈને શીતળતા પ્રદાન કરે છે તેવી જ રીતે હે પ્રભો ! આપની સ્તુતિના પ્રભાવથી સહજ આનંદ પ્રાપ્ત થાય છે. જેમ અમૃત (ઔષધ) પીવાથી રોગનો નાશ થઈ જાય છે તેવી જ રીતે તમારો અનુભવ (સાક્ષાત્કાર) થવાથી સંસારરૂપી રોગનો નાશ થઈ જાય છે.

**વિશેષાર્થ :**

ભક્તકવિ દૌલતરામજી ભક્તની ભાષામાં પરમાત્માનું માહાત્મ્ય દર્શાવે છે. જેમ 'ભક્તામર સ્તોત્ર'માં શ્રી માનતુંગ આચાર્ય લખે છે –

"કાંતિ તારી અતિ સુખભરી તેજવાળી વિશેષે,
ઝાંખા પાડે ત્રણ જગતના દ્રવ્યનાં તેજને યે;
જોકે ભાસે રવિસમૂહની ઉગ્રતાથી ય ઉગ્ર,
તોયે લાગે શીતળ બહુ એ, ચંદ્રની ઠંડીથીય."

ભગવાનને શું ઉપમા આપી શકાય ? તમે સૂર્ય જેવા પ્રતાપી છો, છતાં ચંદ્ર જેવા શીતળતા અને આહ્લાદ આપનારા છો. ભગવાન આપણી માતા પણ છે અને પિતા પણ છે. તેઓ આપણા સર્વસ્વ છે. તેમના ગુણોનું વર્ણન ગણધરદેવ પણ કરી શકતા નથી. કારણ કે તે વાણીમાં આવી શકતા જ નથી.

"જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?"

**– શ્રીમદ્ રાજચંદ્રજી**

પરમાત્મા અનંતગુણોના ભંડાર છે. તેમના ૧૦૦૮ ગુણો આચાર્યશ્રી જિનસેન (૭મી સદી), શ્રી હેમચંદ્રાચાર્યે (૨૦મી સદીમાં) અને પંડિત આશાધરજીએ (૧૩મી સદીમાં) દર્શાવ્યા છે.

ભગવાન એક કુશળ વૈદ્ય છે, જે આપણા અનાદિના જન્મ-મરણરૂપી ભયંકર ભવરોગનો નાશ કરી પૂર્ણ સુખમાં સ્થાપિત કરી દે છે. પરમકૃપાળુદેવ વ.પ.૨૧૩માં જણાવે છે –

"આ લોક ત્રિવિધ તાપથી આકુળવ્યાકુળ છે. ઝાંઝવાનાં પાણીને લેવા દોડી તૃષા છિપાવવા ઇચ્છે છે, એવો દીન છે. અજ્ઞાનને લીધે સ્વરૂપનું વિસ્મરણ થઈ જવાથી ભયંકર પરિભ્રમણ તેને પ્રાપ્ત થયું છે. સમયે સમયે અતુલ ખેદ, જ્વરાદિક રોગ, મરણાદિક ભય, વિયોગાદિક દુઃખને તે અનુભવે છે; એવી અશરણતાવાળા આ જગતને એક સત્પુરુષ જ શરણ છે; સત્પુરુષની વાણી વિના કોઈ એ તાપ અને તૃષા છેદી શકે નહીં એમ નિશ્ચય છે."

પરમાત્માનો સાક્ષાત્કાર કહો - પરમાત્મદર્શન કહો - સ્વાત્મોપલબ્ધિ કહો - આત્માનો અનુભવ કહો - સમ્યગ્દર્શન કહો - તે થવાથી આપણા સર્વ દુઃખોનો નાશ થઈ જાય છે અને આ અનુભવ જ

ક્રમે કરીને મોક્ષનું શાશ્વત સુખ પ્રાપ્ત કરાવે છે.

- અનુભવ ચિંતામણિ રતન,
  અનુભવ હૈ રસ કૂપ;
  અનુભવ મારગ મોખકો,
  અનુભવ મોખ સ્વરૂપ.

**— શ્રી સમયસાર નાટક**

- વસ્તુ વિચારત ધ્યાવતેં, મન પાવત વિશ્રામ,
  રસ સ્વાદત સુખ ઊપજૈ, અનુભવ યાકૌ નામ.

**— શ્રી સમયસાર નાટક**

પરમાત્મા અથવા સત્પુરુષનું અવલંબન આપણને સંસારના દુઃખોથી મુક્ત થવાનો અને અનંત શાશ્વત સુખ જ્યાં છે તેવો મોક્ષપ્રાપ્તિનો માર્ગ બતાવે છે. માટે આપણે પરમાત્માના સાચા ભક્ત - સેવક બની તેમનું શરણ સ્વીકારવું જોઈએ. પરમાત્મા સિવાય આપણું બીજું કોઈ શરણ નથી.

- સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
  આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
  અનાથ એકાંત અનાથ થાશે,
  એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

**— શ્રીમદ્ રાજચંદ્રજી**

- અશરણ કે તુમ શરણ હો, નિરાધાર આધાર,
  મૈં ડૂબત ભવ સિંધુ મે, ખેઓ લગાઓ પાર.

**— શ્રી વિનયપાઠ**

પરમાત્માની અનન્ય ભક્તિથી (સાચી શ્રદ્ધાથી) આ લોકનું સર્વોત્કૃષ્ટ પદ પ્રાપ્ત થાય છે. શ્રી તત્ત્વાર્થ સૂત્રનો પ્રથમ શ્લોક છે : सम्यग्दर्शन-ज्ञानचारित्राणि मोक्षमार्गः ।

સમ્યગ્દર્શન (સાચી શ્રદ્ધા)ને મોક્ષમાર્ગની પ્રથમ સીડી કહી છે. પરમાત્માની ભક્તિથી શું શું ફળ મળે તેનું વર્ણન 'શ્રી રત્નકરંડશ્રાવકાચાર'માં કહ્યું છે —

देवेन्द्र-चक्र महिमान-ममेयमानं
राजेन्द्र चक्रे भवनीन्द्र शिरोऽर्चनीयम् ।
धर्मेन्द्र-चक्रमधरीकृत सर्वलोकं,
लब्धवा शिवं च जिनभक्ति रूपैति भव्यः ॥

**શબ્દાર્થ :** જિનેન્દ્રદેવની ભક્તિ કરવાવાળો જિનભક્ત (શ્રદ્ધાવાન-સમ્યક્દષ્ટિ) ભવ્ય જીવ અપરિમિત પ્રતિષ્ઠા અથવા જ્ઞાન સહિત દેવેન્દ્રોના સમૂહના ઐશ્વર્યને, રાજાઓના મસ્તક દ્વારા પૂજનીય ચક્રવર્તીના રત્નને, અને સર્વલોકને જેણે નીચા કરી દીધાં છે અર્થાત્ સર્વલોકમાં જે ઉત્તમ છે તેવા ધર્મેન્દ્રના ચક્રને એટલે કે તીર્થંકરપદને પ્રાપ્ત કરી મોક્ષ પામે છે.

સાચા ભક્ત ભગવાન પાસે કાંઈ માંગતા નથી, માત્ર તેમની ભક્તિ માંગે છે.

जाचुं नही सुरवास पुनि नर राज परिजन साथ जी,
'बुध' जाचहूं तुव भक्ति भव भव दीजिये शिवनाथजी

**— भक्तकवि बुद्धजनजी**

આપણને અનાદિથી મિથ્યાત્વરૂપ (આત્મભ્રાંતિરૂપ) મહારોગ થયો છે, જે આપણને પંચ પરાવર્તનરૂપ પરિભ્રમણ કરાવે છે.

- આત્મભ્રાંતિ સમ રોગ નહીં, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
  ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન.

**— શ્રી આ.સિ. ગાથા - ૧૨૯**

આ રોગ મટાડવા સાચા કુશળ વૈદ્ય તે પરમાત્મા અને સદ્ગુરુ છે. તેમની આજ્ઞાનું પાલન (તેમની શરણાગતિ) તે પથ્ય છે અને સુવિચાર અને ધ્યાન તે એકમાત્ર ઔષધ છે. જેને ગ્રહણ કરવાથી આત્મભ્રાંતિનો નાશ થઈ સ્વસ્વરૂપની પ્રાપ્તિ થઈ જાય છે.

**(અનુસંધાન પાના નં. ૩૧ પર...)**

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

**અશોકભાઈ પી. શાહ**

## છઠ્ઠા તીર્થંકર

## શ્રી પદ્મપ્રભુ ભગવાન સ્તવન પ્રારંભ

**ભૂમિકા :** ગણિશ્રી દેવચંદ્રજી મહારાજે શ્રી સુમતિનાથ સ્તવનમાં પરમાત્માનું આશ્ચર્યકારક પણ સૈદ્ધાંતિક સ્વરૂપ બતાવી પ્રભુભક્તિ કરી અને સાધકને સમાધિ સુધીનો માર્ગ બતાવી આપ્યો. પણ કેટલાક ભક્તો એવા હોય કે :

*આણં તાણં કાંઈએ ન જાણં, ધણીએ જાણ્યું પરમાણં,*
*તને હજો ઈ મને હજો;*
*તારો છેડો છોડું નહીં, મને બીજી કશી પડે ના ગમ,*
*તને હજો ઈ મને હજો !*

તેઓ એવા સરળહૃદયી હોય કે પ્રભુના બહુ બુદ્ધિગમ્ય સૈદ્ધાંતિક સ્વરૂપ કરતાં જે હૃદયગમ્ય સ્વરૂપ હોય તેનાથી જ પોતાનું કામ કરી લ્યે. મૂકકેવળી શ્રી શિવભૂતિ મુનિ અને આપણા પૂજ્યશ્રી સોભાગભાઈ આવા ભક્તોની નાતમાં આવે કે જેઓ ગુરુઆજ્ઞારૂપ ભક્તિથી પરાભક્તિને પામી મોક્ષમાર્ગે બીજા કરતાં આગળ નીકળી જાય ! તો આવા ભક્તો માટે શ્રી દેવચંદ્રજી મહારાજ પ્રભુપ્રેમથી છલકાતું, શ્રી પદ્મપ્રભુ તીર્થંકર ભગવાનનું ઉલ્લાસપૂર્વક ગુણગાન કરતું સ્તવન પીરસે છે. એક ગાથામાં થોડી નય-નિક્ષેપની વાત આવશે. પરંતુ તે પણ માત્ર પ્રભુદર્શનનું સ્વરૂપ સમજાવવા. *"મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી."* એવી અંતરંગ દઢ શ્રદ્ધા ધરાવતા ઉપાધ્યાયશ્રી યશોવિજયજી અને ગણિશ્રી દેવચંદ્રજી જેવા સંતો પોતાનાં આત્મકલ્યાણમાં પ્રભુને જ આધારસ્તંભ માની પ્રભુભક્તિ કરતા કદી ધરાતા નથી. *"ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત"* – આવી ભૂલ આપણે ન કરી બેસીએ એ દૃષ્ટિએ શ્રી દેવચંદ્રજી કઈ રીતે અનેક દૃષ્ટાંતો દ્વારા પ્રભુરૂપી નિમિત્તની પુષ્ટિ કરે છે અને પ્રભુના ગુણગ્રામ કરતાં આપણને આત્મસિદ્ધિના લક્ષ તરફ લઈ જાય છે, તે જોઈએ.

**શ્રી પદ્મપ્રભજિન ગુણનિધિ રે લાલ,**
**જગતારક જગદીશ રે વાલ્હેસર;**
**જિન-ઉપગાર થકી લહે રે લાલ,**
**ભવિજન સિદ્ધિ જગીશ રે. વા૦ ૧**

**શબ્દાર્થ :** (જેમના પરમ ઔદારિક શરીરનો રંગ લાલ હતો એવા) શ્રી પદ્મપ્રભુ જિનેશ્વર ગુણોના ભંડાર છે અને જગતના તારણહાર જગદીશ્વર છે. જિનેશ્વરના ઉપકાર થકી ભવ્ય જીવો પણ જગતના ઈશ થવારૂપ આત્મસિદ્ધિને પામે છે. આવા જિનેશ્વર મને ખૂબ વહાલા છે ! (ગુણનિધિ = ગુણોના ભંડાર, ગુણોનો ખજાનો; જિન-ઉપગાર = જિનેશ્વરનો ઉપકાર; લહે = પ્રાપ્ત કરે; ભવિજન = મોક્ષને પાત્ર ભવ્ય જીવો; સિદ્ધિ = આત્માની સિદ્ધિ)

**વિશેષાર્થ :** શ્રી દેવચંદ્રજી શ્રી પદ્મપ્રભુ ભગવાનનો અચિંત્ય મહિમા બતાવતાં સ્તવનની શરૂઆત કરે છે. પ્રભુના દર્શન થતાં જ તેમના અનંત ગુણોનું તેઓ સ્મરણ કરે છે અને પોતા પર થયેલા અનંત ઉપકારનું વેદન પણ કરે છે. તેથી જ તેમને પ્રભુ વાલ્હેસર, અત્યંત વલ્લભ, અત્યંત વહાલા લાગે છે. એટલા વહાલા કે *"મન મહિલાનું રે વાહલા ઉપરે, બીજાં કામ કરંત"* – એ લોકમાં ગણાતા ઉત્કૃષ્ટ પ્રેમની ઉપમા પણ દેવચંદ્રજીના પ્રભુપ્રેમ આગળ ઝાંખી પડે, કારણ કે તે લૌકિક પ્રેમ સીમિત છે, મર્યાદિત છે; જ્યારે દેવચંદ્રજીનો પ્રભુપ્રેમ અસીમ છે, અમર્યાદિત છે. તેથી જ તેઓ દરેક ગાથામાં **'વાલ્હેસર'** કહી પ્રભુને પોકારે છે. વળી, દરેક ગાથામાં **'લાલ'** શબ્દ માત્ર પ્રાસ બેસાડવા નહિ, પરંતુ શ્રી પદ્મપ્રભુના પરમ ઔદારિક શરીરનો રંગ

પણ લાલ હતો તેનું સૂચક છે. પ્રભુના લાલરંગી શરીરના દર્શન કરતી વખતે તત્ત્વદૃષ્ટા દેવચંદ્રજીનું પ્રયોજન તો એ જ છે કે શ્રી કબીરજી કહે છે તેમ "ચદરીયા લાલોલાલ કર દીની" — આપણા આત્માને પ્રભુ અને સદ્‌ગુરુરૂપી રંગરેજને સોંપી દઈએ તો તે નિષ્કારણ કરુણાવંત ગુણનિધિ આપણને પણ તેમના ગુણોથી 'લાલોલાલ' કરી દે !

અનંત ચતુષ્ટય આદિ ગુણોથી યુક્ત, ગુણોના ભંડાર, 'ગુણનિધિ' એવા શ્રી પદ્મપ્રભજિન જેવી ગુણસંપદા મારામાં તેમ જ જગતના ભવિકજનોમાં પ્રગટાવવામાં પ્રભુ જ એક પ્રબળ નિમિત્ત છે; પ્રભુરૂપી એક દીપકમાં બીજા અનંત દીપ પ્રગટાવવાની ક્ષમતા છે તેથી પ્રભુને અહીં 'જગતારક' કહ્યા. પ્રભુ ભલે કેવળજ્ઞાન પામી કૃતકૃત્ય થયા, પરંતુ જગતના જીવોને તારવાનું કામ કરીને પછી જ સિદ્ધલોકમાં જાય છે ! તેથી તેઓ 'જગતારક' છે. જગતના અનાથ અજ્ઞાની જીવોને પરમ શરણરૂપ બની સનાથ બનાવનાર આ ત્રણ લોકના નાથ તેથી જ જગતના ઈશ્વર, જગદીશ, જગીશ કહ્યાં છે. *"જિન-ઉપગાર થકી ભવિજન સિદ્ધિ લહે"* — એમ કહી શ્રી દેવચંદ્રજીએ નિમિત્ત-ઉપાદાનની સુંદર સંધિ કરી છે. જિનેશ્વર તો જગતારક હોવાથી સર્વ જીવ પર ઉપકાર કરે છે, પરંતુ જે આસન્નભવ્ય છે, માત્ર મોક્ષઅભિલાષરૂપ જેનું ઉપાદાન જાગૃત થયું છે તેવા ભવિજન જ તે ઉપકારરૂપ નિમિત્તનું અવલંબન લઈ આત્મ-સિદ્ધિરૂપ કાર્ય સફળ કરી લે છે. આવા જગતારક, ગુણનિધિ, જગદીશ, ઉપકારક પ્રભુના દર્શન કઈ રીતે કરવા જોઈએ તેનું સુંદર, સચોટ અને સ્વરૂપલક્ષી માર્ગદર્શન શ્રી દેવચંદ્રજી હવે આપે છે :

**તુજ દરિશણ મુજ વાલહું રે લાલ, દરિશણ શુદ્ધ પવિત્ત રે, વા૦**
**દરિશણ શબ્દનયે કરે રે લાલ, સંગ્રહ એવંભૂત રે.**
**વાલ્હેસર. તુજ દરિશણ૦ ૨**

**શબ્દાર્થ :** હે પ્રભુ, તારું દર્શન મને ખૂબ વહાલું છે, (કારણ કે) તારું દર્શન મને શુદ્ધ અને પવિત્ર બનાવે છે. તે દર્શન (સાધકે) શબ્દનય, સંગ્રહનય અને એવંભૂત નયથી કરવા જોઈએ.

**વિશેષાર્થ :** શ્રી પદ્મપ્રભુ દેવચંદ્રજીના વાલ્હેસર તો છે જ પરંતુ પ્રભુનું દર્શન પણ તેમને અત્યંત વહાલું છે. તેમનું હૃદય તેથી વારંવાર પ્રભુના દર્શન માટે એટલું તરસે છે કે દરેક ગાથામાં "તુજ દરિશણ મુજ વાલહું રે" ને ધ્રુવકડીરૂપે મૂકી છે. તે દ્વારા આપણને પણ નિર્દેશ કરે છે કે પ્રભુદર્શનને માત્ર કોરો નિત્યક્રમ ન બનાવી દેતા, પણ પ્રભુભક્તિ અત્યંત પ્રીતિ લાવીને કરજો. પ્રભુદર્શન અત્યંત વહાલું એટલા માટે છે કે પ્રભુમાં તેમને સકળ કર્મરહિત શુદ્ધતા અને નીરાગી, નિર્વિકારીરૂપ પવિત્રતાના દર્શન થાય છે. એટલું જ નહિ, પણ પોતામાં પણ તે શુદ્ધતા અને પવિત્રતાનો સંચાર થતો અનુભવે છે. પ્રભુમાં વીતરાગતાના દર્શનથી પોતાના મોહનીય આદિ આત્મઘાતક કર્મોની મલિનતા દૂર થતાં આત્મા શુદ્ધ બને છે અને વિકારો નાશ પામતાં ચિત્ત પવિત્ર બને છે. તેથી જ હે પ્રભુ, તારું દર્શન મને ખૂબ વાલહું છે.

દર્શન આવી અત્યંત વહાલપ અને પ્રેમસભર ભક્તિપૂર્વક થાય તે માટે દર્શન કઈ રીતે કરવા તેનું વ્યાવહારિક અને પારમાર્થિક સ્વરૂપ શ્રી દેવચંદ્રજી ત્રણ નય, અર્થાત્ ત્રણ દૃષ્ટિકોણથી સમજાવે છે. અને તે છે - શબ્દનય, સંગ્રહનય અને એવંભૂત નય. (નયના મુખ્ય સાત પ્રકાર છે, તેમાંથી પણ આ ત્રણ નયને મુખ્ય કરીને અહીં વાત કરી છે) આ ત્રણ પ્રકારે પ્રભુદર્શન કરવાથી સાધક સગુણ ભક્તિથી શરૂ કરી નિર્ગુણ ભક્તિ અર્થાત્ નિર્વિકલ્પ સમાધિ સુધી પહોંચી શકે. તો દર્શનને આ ત્રણ નય દ્વારા સમજીએ. (મુખ્ય આધાર : પૂજ્યશ્રી રાકેશભાઈ પ્રવચન)

**'શબ્દનય'** વસ્તુના સ્વરૂપને સીધેસીધું જેમ છે તેમ શબ્દ દ્વારા રજૂ કરે છે. શબ્દનયથી દર્શન એટલે દર્શન શબ્દ જે ભાવ સૂચવે છે તે જ ભાવે, લક્ષ્યાર્થથી, હેતુપૂર્વક, પોતાના પરિણામની જાગૃતિપૂર્વક પ્રભુના દર્શન કરવા જોઈએ. પ્રભુદર્શન કરવા પાછળ મારો

હેતુ બીજો કોઈ અપેક્ષા વિના માત્ર પ્રભુની પ્રતિમાના મુખમુદ્રાના દર્શન કરવાનો છે એમ નક્કી કરી મંદિરમાં પ્રવેશ કરવો. જેમ શ્રી દેવચંદ્રજી આગળ ઉપર શ્રી અનંતનાથ સ્તવનમાં દર્શન કરવાના છે તેમ :

*મૂરતિ હો પ્રભુ, મૂરતિ અનંત જિણંદ,*
*તાહરી હો પ્રભુ, તાહરી મુજ નયણે વસીજી.*

આપણા સૌના અહોભાગ્ય કે પ્રભુના દર્શન કરવા આપણને આંખ મળી છે. તેથી આંખ અને હૃદય ધરાઈ ન જાય ત્યાં સુધી પ્રભુની શાંત મુખમુદ્રાના દર્શન કરી લેવા, જેથી મીરાંબાઈની જેમ "મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું" — એમ વૈરાગ્યભાવ દૃઢ થાય.

**'સંગ્રહનય'** એટલે અનેક વસ્તુમાં એકરૂપતા જોવી, જેમ કે, "સર્વ જીવ છે સિદ્ધસમ." આ નયથી, આ દૃષ્ટિથી પ્રભુના દર્શન કરવાથી હું સત્તાગતપણે પ્રભુ જેવો જ છું એવો ભાવ જાગે છે, જેથી સત્તામાં રહેલી પોતાની પ્રભુ જેવી જ શક્તિ પ્રગટ કરવાનો ઉત્સાહ જાગે છે. બીજું, સર્વ જીવો સંગ્રહનયે, હું જેનું દર્શન કરી રહ્યો છું તે પ્રભુ જેવા જ સત્તાગતપણે છે એવો ભાવ થતાં 'સર્વાત્મમાં સમદૃષ્ટિ'નો ગુણ ખીલે છે !

**'એવંભૂતનયથી દર્શનઃ'** ઉપરોક્ત બે પ્રકારના દર્શનથી ઉત્તમ પાત્ર થયેલો સાધક હવે પ્રભુદર્શનના ઉત્કૃષ્ટ નિમિત્તનું અવલંબન લઈ અંતર્મુખતા સાધતો કોઈ ધન્યપળે પોતાના જ સ્વરૂપનું નિર્વિકલ્પ, અભેદપણે દર્શન કરે છે. સર્વ પ્રભુદર્શનનું એકમાત્ર લક્ષ આ જ હોવું જોઈએ — 'એવંભૂતનય'થી દર્શન અર્થાત્ નિજાત્મસ્વરૂપનું દર્શન ! સંગ્રહનયથી જે આત્મસ્વરૂપ તે હવે એવંભૂતપણે પર્યાયમાં પોતાની દશામાં પ્રગટ થાય છે; પર્યાયમાં તેનું વેદન, અનુભૂતિ થાય છે. ટૂંકમાં ભક્ત ભગવાન જેવો બનતો જાય છે ! આવું દર્શન થાય ત્યારે જ ખરેખર એમ કહી શકાય કે મેં પદ્મપ્રભુને જોયા ! તેથી જ ઉપાધ્યાયશ્રી યશોવિજયજી શ્રી મુનિસુવ્રત સ્તવનમાં કહે છે :

*"આજ સફળ દિન મુજ તણો, મુનિસુવ્રત દીઠા."*

કેમ આજે જ દીઠા ? પ્રભુદર્શન તો રોજિંદો ક્રમ હતો. પણ પહેલાંનો તે ક્રમ વ્યાવહારિક હતો, જેમાં હું શબ્દનય અને સંગ્રહનયથી દર્શન કરતો હતો. તે દર્શન મારી પાત્રતા વધારવામાં ઉપકારી હતાં. પણ તેના ફળસ્વરૂપે જ્યારે આજની ધન્ય પળે મેં પ્રભુ જેવા મારા સ્વરૂપના દર્શન કર્યા ત્યારે જ મેં પ્રભુ મુનિસુવ્રતને ખરેખર દીઠા કહેવાય !

સાધકના આવા ધરખમ રૂપાંતરણમાં દેવચંદ્રજી જેવા ભક્ત તો પ્રભુને જ આગળ કરે ને ! પ્રભુના પ્રબળ નિમિત્તની પ્રેમપૂર્વકની ઉપાસનાથી જ ભવિજનને આત્મસિદ્ધિરૂપ કાર્ય શક્ય બને છે એમ વિવિધ દૃષ્ટાંતો દ્વારા હવે રજૂ કરી દેવચંદ્રજી પોતાની પ્રભુભક્તિને પુષ્ટ કરે છે :

**બીજે વૃક્ષ અનંતતા રે લાલ, પસરે ભૂજલ યોગ રે, વા.**
**તિમ મુજ આતમસંપદા રે લાલ, પ્રગટે પ્રભુ સંયોગ રે.**
**વાલ્હેસર. તુજ દરિશણ૦ ૩**

**શબ્દાર્થ :** જેમ જળ અને જમીનનો યોગ મળતાં એક બીજ અનંતા વૃક્ષરૂપે પ્રસરે છે, તેમ પ્રભુના સંયોગથી મારી આત્મસંપત્તિ પ્રગટે છે. (પસરે = પ્રસરે, ફેલાય; ભૂ = ભૂમિ, જમીન; જલ = જળ, પાણી)

**વિશેષાર્થ :** એક નાનકડા બીજમાં વિશાળ વૃક્ષ બનવાની ક્ષમતા છે. તે વૃક્ષમાંથી અસંખ્યાતા બીજ અને તેમાંથી બીજા અસંખ્યાતા વૃક્ષ... એ રીતે પરંપરાએ એક બીજમાં કાળક્રમે અનંતા વૃક્ષરૂપે પ્રસરવાની, ફેલાવાની શક્તિ છે. પરંતુ એ કાર્ય પણ તે બીજને સુયોગ્ય ભૂમિ અને પાણી મળે ત્યારે જ સંભવે એ તો સ્વાભાવિક સમજાય એવી વાત છે. એ જ દૃષ્ટાંત પ્રમાણે શ્રી દેવચંદ્રજી કહે છે કે મારા આત્મામાં અનંત ચતુષ્ટયરૂપ સંપત્તિ જે શક્તિરૂપે સુષુપ્ત હતી, તે સંપદા 'પ્રભુ સંયોગ'રૂપ નિમિત્ત મળતાં પ્રગટ થઈ છે. પ્રભુનો સંયોગ એટલે પ્રભુ અને આત્મજ્ઞાની સદ્‌ગુરુના વચનામૃત, મુદ્રા અને

સત્સમાગમનો યોગ. પ્રભુની વીતરાગી દશા પ્રત્યે બહુમાન જાગે, બહુમાન જાગતાં તેમની ભક્તિ થાય, ગાથા-૨માં કહ્યા પ્રમાણે પ્રભુના દર્શન અત્યંત વહાલપ સાથે થાય, પ્રભુની આજ્ઞા એ જ ધર્મ અને એ જ તપ મનાય, અને જેમાં પ્રભુતા પ્રગટી છે એવા સદ્‌ગુરુની આજ્ઞાનું નિષ્ઠાપૂર્વક આરાધન થાય - આ રીતે નિમિત્તની ઉપાસના થાય તો પ્રભુની જે અનંત જ્ઞાન, આનંદરૂપ સંપત્તિ છે તે આપણામાં 'પ્રસરે' અને પ્રગટે. *"સર્વજીવ છે સિદ્ધસમ"* — એમ બીજરૂપે રહેલો આ આત્મા જ્યારે *"સદ્‌ગુરુ આજ્ઞા, જિનદશા નિમિત્ત કારણ"* નો આશ્રય કરે તો આત્મજ્ઞાનરૂપી વૃક્ષ ઊગે અને કાળક્રમે *"જે સમજે તે થાય"* — પ્રભુ જેવી સિદ્ધદશારૂપ ફળની પ્રાપ્તિ થાય. જો ભૂ-જલરૂપી નિમિત્ત ન મળે તો બીજ પડ્યું પડ્યું સડી જાય પણ વૃક્ષ ન બને. તેમ, 'પ્રભુસંયોગ' રૂપ નિમિત્તનો આશ્રય કર્યા વિના *"અનંતકાળ સુધી જીવ નિજ છંદે ચાલી પરિશ્રમ કરે તો પણ પોતે પોતાથી જ્ઞાન પામે નહીં, પરંતુ જ્ઞાનીની આજ્ઞાનો આરાધક અંતર્મુહૂર્તમાં પણ કેવળજ્ઞાન પામે."* એમ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક-૨૦૦માં ફરમાવ્યું છે.

નિમિત્ત - ઉપાદાનની સંધિ કરવાની સાથે પ્રભુભક્તિરૂપ ઉત્કૃષ્ટ નિમિત્તની મુખ્યતાનો દોર ચાલુ રાખતા શ્રી દેવચંદ્રજી એક બીજું દૃષ્ટાંત આપે છે :

**જગતજંતુ કારજ રુચિ રે લાલ, સાધે ઉદયે ભાણ રે, વા.**
**ચિદાનંદ સુવિલાસતા રે લાલ, વાધે જિનવર ઝાણ રે.**
**વાલ્હેસર. તુજ દરિશણ૦ ૪**

**શબ્દાર્થ :** જેમ જગતના જીવોને જે કંઈ કાર્ય કરવાની રુચિ હોય છે, તે સૂરજનો ઉદય થાય પછી જ સાધે છે, તેમ જિનેશ્વરના ધ્યાનથી આત્મામાં ચિદાનંદની વિલાસતા સુપેરે વૃદ્ધિગત થાય છે. (જગતજંતુ = જગતના જીવો; કારજ= કાર્ય; સાધે = કરે, સિદ્ધ કરે; ઉદયે ભાણ = સૂર્ય ઊગતાં; ચિદાનંદ = ચૈતન્યનો આનંદ; વાધે = વધે છે; ઝાણ = ધ્યાન)

**વિશેષાર્થ :** જગતના જીવો પોતપોતાની રુચિ અનુસાર સંસારમાં વિવિધ પ્રકારના કાર્યો કરે છે. પરંતુ તે કાર્યો પ્રાયે સૂરજના ઊગ્યા પછી સાધવામાં આવે છે એવો આપણા સૌનો અનુભવ છે. દિવસ ઊગતાની સાથે જ સર્વ જીવો, પછી તે પશુ-પંખી હોય કે મનુષ્ય, પોતાની રુચિ અનુસાર કાર્યવંત બની જાય છે. જેમ સૂર્ય તેમના કાર્યોમાં મુખ્ય નિમિત્તભૂત છે તેમ જિનેશ્વરરૂપી સૂર્યનો જ્ઞાનપ્રકાશ મળતાં, તે જિનેશ્વરની પરમ શાંતદશાનું ધ્યાન કરતાં સાધક જીવનો ચિદાનંદ વિલાસ વૃદ્ધિ પામવા લાગે છે. જિનેશ્વરના સ્વરૂપનું, તેમના ગુણોનું ધ્યાન એકાગ્રપણે થાય તો તે નિમિત્તનું અવલંબન લેતાં ધીમે ધીમે સાધક સહજપણે પોતાના જ સ્વરૂપમાં સરકી જઈ ચિદાનંદનો સુવિલાસ, ચિદાનંદની મોજ માણવા લાગે છે. શ્રી દેવચંદ્રજી ગત ચોવીશીના પાંચમા શ્રી વિમલનાથ સ્તવનમાં પ્રભુધ્યાનરૂપ નિમિત્તનું સુંદર ફળ બતાવતાં કહે છે :

*ઈણીપરે વિમલ જિનરાજની વિમલતા,*
*ધ્યાન મનમંદિરે જેહ ધ્યાવે;*
*ધ્યાન પૃથક્ત્વ સવિકલ્પતા રંગથી,*
*ધ્યાન એકત્વ અવિકલ્પ આવે.*

જિનેશ્વરનું ભેદરૂપ સવિકલ્પ ધ્યાન અને તે પ્રબળ નિમિત્તના અવલંબને નિર્વિકલ્પ ધ્યાન, અભેદ સ્વાનુભૂતિ - એમ અન્યોન્ય સંબંધ વધુ ને વધુ ગાઢ બનતાં તે ભવ્યાત્માની ચિદાનંદ સુવિલાસતા પણ વાધે છે, અર્થાત્ આત્માનંદની મોજ માણવારૂપ દશા દિવસે દિવસે વૃદ્ધિને પામે છે.

આવો શ્રી પદ્મપ્રભુની ભક્તિનો પ્રબળ પ્રભાવ છે, જેનું શ્રી દેવચંદ્રજી વધુ બે દૃષ્ટાંત વડે આગળની ગાથાઓમાં સમર્થન કરવાના છે અને પ્રભુના ઉપકારના વધુ ગુણગાન કરી ઉપસંહાર કરશે, જે યથાવસરે અવલોકીશું. **(ક્રમશઃ)**

● ● ●

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)
(ક્રમાંક - ૧૨)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

**(૨) પ્રોષધોપવાસ શિક્ષાવ્રત :**

પ્રોષધનો અર્થ પર્વ થાય છે તથા ઉપવાસનો અર્થ સમીપ રહેવું થાય છે. અર્થાત્ પર્વોના દિવસે ઉપવાસ કરવો તે પ્રોષધોપવાસ છે. પર્વનો અભિપ્રાય અહીં અષ્ટમી તથા ચતુર્દશીથી છે અને ઉપવાસનો આશય સત્‌દેવ-શાસ્ત્ર-ગુરુ અને આત્મા પાસે (સમીપ) રહેવું છે અને આ સમીપ રહેવું તે સર્વ આરંભ, સર્વ પ્રકારના આહાર તથા સર્વ કષાયોના ત્યાગપૂર્વક થવું જોઇએ. અર્થાત્ પર્વોના દિવસે સર્વ પ્રકારના આહાર, વિષય અને કષાયોનો ત્યાગ કરીને પૂર્ણ સમય ધર્મધ્યાનમાં લગાવવો તે પ્રોષધોપવાસ નામનું શિક્ષાવ્રત કહેવાય છે.

પ્રોષધોપવાસનો મૂળ ધ્યેય સર્વ આરંભોનો ત્યાગ કરીને ધર્મધ્યાનમાં મન લગાડવાનો છે. આરંભોનો ત્યાગ થઇ જવાથી સ્વયં જ વિષયોનો ત્યાગ થઇ જાય છે; અને ધર્મધ્યાનમાં ચિત્ત લગાડવાથી કષાયોનો ત્યાગ સ્વતઃ જ થઇ જાય છે. આ રીતે પ્રોષધોપવાસવ્રત વિષય-કષાયોનો ત્યાગ કરીને આત્માની સાથે રહેવાનું ઉત્તમ સાધન છે. એટલા માટે જે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને પણ જો આરંભ અને કષાયોનો ત્યાગ નથી કરતો તેને શ્રી ગુરુ ઉપવાસ ન કહીને માત્ર લાંઘણ કહે છે, જેનાથી માત્ર શરીરની પીડારૂપ આર્ત્ત પરિણામોની જ નિષ્પત્તિ થાય છે.

પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય એમ ત્રણ ભેદ બતાવ્યા છે :-

(૧) **ઉત્કૃષ્ટ પ્રોષધોપવાસ :** તિથિના દિવસે પૂર્ણ ઉપવાસ કરીને પારણાના દિવસે એકાશન કરવું તે ઉત્કૃષ્ટ પ્રોષધોપવાસ વ્રત છે. વાસ્તવમાં આને જ પ્રોષધોપવાસ કહે છે.

(૨) **મધ્યમ પ્રોષધોપવાસ :** તિથિના દિવસે ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને ધર્મધ્યાનમાં લાગવું તે મધ્યમ પ્રોષધોપવાસ છે. આને ઉપવાસ પણ કહે છે.

(૩) **જઘન્ય પ્રોષધોપવાસ :** તિથિના દિવસે એકાશન કરવું તે જઘન્ય પ્રોષધોપવાસ છે. આ રસત્યાગપૂર્વક કરવું જોઇએ. આનું નામ પ્રૌષધ પણ છે.

★ **પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના અતિચાર :**

**''अप्रत्यवैक्षिताप्रमार्जितोत्सर्गादानसंस्तरोपक्रमणा-
नादरस्मृत्यनुपस्थानानि ॥''**

અર્થાત્ અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગ, અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિતાદાન, અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિત સંસ્તરોપક્રમણ, અનાદર અને સ્મૃત્યનુપસ્થાન આ પાંચ પ્રોષધોપવાસ શિક્ષાવ્રતના અતિચાર છે.

**(૧) અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગ :-** અપ્રત્યવૈક્ષિતનો અર્થ છે દેખ્યા વિના, અપ્રમાર્જિતનો અર્થ છે શોધન કર્યા વિના (સાફ કર્યા વગર) તથા ઉત્સર્ગનો અર્થ છે ક્ષેપણ (ત્યાગ કરવો) કરવું. અર્થાત્ દેખ્યા વિના તથા શોધન કર્યા વિનાની જમીન પર મળ-મૂત્રનું ક્ષેપણ કરવું તે અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગ અતિચાર કહેવાય છે. તેનો અભિપ્રાય એ છે કે પ્રોષધોપવાસમાં સર્વ આરંભોનો ત્યાગ થાય છે, જેથી સર્વ પાપોની નિવૃત્તિ થઇ શકે. પરંતુ મળ-મૂત્ર ક્ષેપણ આદિ કેટલાક અનિવાર્ય આરંભ છે કે જેના વિના ચાલે નહીં તેથી તેને અત્યંત

યત્નાપૂર્વક કરવાની આજ્ઞા છે, જેથી પ્રમાદથી ક્યાંક જીવહિંસા ન થઇ જાય. માટે દેખ્યા વગર કે શોધન કર્યા વિના આવશ્યક ક્રિયાઓ કરતા પ્રમાદને લીધે વ્રતનો એકદેશભંગ મનાય છે. આનું નામ જ અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિતોત્સર્ગ અતિચાર છે.

(૨) **અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિતાદાન** :- આદાનનો અર્થ ઉઠાવવું થાય છે અર્થાત્ જોયા વિના, શોધન કર્યા વિના પૂજાદિના ઉપકરણ ઉઠાવવા તે અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિતાદાન અતિચાર કહેવાય છે. શ્રાવક માટે અન્ય આરંભોની જેમ પૂજા, અભિષેક, સ્નાન આદિનો ત્યાગ નથી હોતો. તેથી આ કાર્યોનાં પ્રયોગમાં આવનાર ઉપકરણોને દેખ્યા વિના તથા સાફ-સફાઇ કર્યા વિના ઉઠાવવાથી જીવહિંસાની સંભાવના રહે છે અને કદાચિત્ જીવહિંસા ન થાય તો પણ પ્રમાદરૂપ હિંસા તો થાય જ છે માટે દેખ્યા વિના કે શોધન કર્યા વિના ઉપકરણ ઉઠાવવાથી પ્રોષધોપવાસ શિક્ષાવ્રતનો એકદેશે ભંગ મનાય છે. આ જ અપ્રત્યવૈક્ષિતાપ્રર્જિતાદાન અતિચાર છે.

(૩) **અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિતસંસ્તરોપક્રમણ** :- સંસ્તરનો અર્થ છે પાથરવું તથા ઉપક્રમણનો અર્થ કપડાં, ચટાઇ આદિ પાથરવા, ઓઢવા યોગ્ય સામગ્રીથી છે અર્થાત્ દેખ્યા વગર કે શોધન કર્યા વગર વસ્ત્ર, ચટાઇ આદિ પાથરવા તે અપ્રત્યવૈક્ષિતાપ્રમાર્જિતસંસ્તરોપક્રમણ અતિચાર કહેવાય છે. વગર જોયે કે શોધન કર્યે ચટાઇ આદિ પાથરવાથી પ્રમાદયુક્ત જીવહિંસાનો દોષ લાગે છે તેથી વ્રતનો એકદેશભંગ માનવામાં આવે છે.

(૪) **અનાદર** :- અવશ્ય કરવા યોગ્ય ધર્મકાર્યોમાં ઉત્સાહ ન હોવો તે અનાદર કહેવાય છે. અર્થાત્ ભૂખથી વ્યાકુળ થઇને અથવા ભૂખ્યા રહેવાથી ઇન્દ્રિયશક્તિ મંદ પડી જવાથી ઉપયોગ મંદ થઇ જાય છે, જેથી ધર્મકાર્યોમાં મન ન લાગવાથી જેમ-તેમ અનુત્સાહપૂર્વક કરવું તે અનાદર અતિચાર કહેવાય છે. પ્રોષધોપવાસનું મૂળ ધ્યેય ધર્મધ્યાનમાં લાગવું છે. અને તેમાં જ મન ન લાગવાથી વ્રતનું કોઇ ઔચિત્ય રહેતું નથી તેથી અનાદરથી વ્રતનો એકદેશભંગ મનાયો છે.

(૫) **સ્મૃત્યનુપસ્થાન** :- કરવા યોગ્ય આવશ્યક ધર્મકાર્યોને ભૂલી જવા તે સ્મૃત્યનુપસ્થાન કહેવાય છે. અર્થાત્ અન્ય સાંસારિક સંકલ્પ-વિકલ્પોમાં મન ફસાયેલું રહેવાથી પૂજા, સામાયિક આદિ આવશ્યક કાર્ય વિસ્મૃત થઇ જાય છે. અથવા સમય વીત્યા બાદ યાદ આવે તે સ્મૃત્યનુપસ્થાન નામક પ્રોષધોપવાસવ્રતનો પાંચમો અતિચાર છે.

આશય એ છે કે પ્રોષધોપવાસવ્રત શ્રાવકની નિયમિત આત્મવિશુદ્ધિનું ઉત્તમ સાધન છે. સામાન્યરૂપે શ્રાવક પોતાની આજીવિકા તથા અન્ય ગૃહકાર્યોમાં એટલો વ્યસ્ત રહે છે કે સારી રીતે પોતાના આવશ્યક પણ કરી શકતો નથી. કારણ કે સમયનો અભાવ રહે છે અને ચિત્તવૃત્તિ વિષયાધીન રહે છે. પ્રોષધોપવાસવ્રતમાં ૩૬ કે ૪૮ કલાક માટે સંપૂર્ણ નિવૃત્તિ લેવામાં આવે છે તથા વિષયોના નિમિત્તનો ત્યાગ કરવાથી મન પવિત્ર રહે છે અને પૂર્ણ સમય ધર્મધ્યાનમાં લગાવવાથી આગલા છ-સાત દિવસોમાં જે પાપકર્મ કર્યા હતા તેનું વિશેષ નિસ્તરણ (નિકાલ) થઇ જાય છે અને આ ૩૬ કે ૪૮ કલાકમાં ધર્મધ્યાનના પ્રભાવથી જે વિશુદ્ધિ થાય છે તેનો પ્રભાવ પછીના છ-સાત દિવસ સુધી ચાલે છે અને જ્યારે તેનો પ્રભાવ ઓછો થવા લાગે છે ત્યાં સુધીમાં તો બીજી તિથિ આવી જાય છે. આમ, આ રીતે શ્રાવક નિયમિતરૂપે વિશુદ્ધિને પ્રાપ્ત થતો રહે છે અને વિશિષ્ટ કર્મનિર્જરા કરે છે. આવું જાણીને નિયમિતરૂપે પ્રોષધોપવાસ અથવા પ્રોષધ કરવું જ જોઇએ.

### (૩) ભોગોપભોગપરિમાણ શિક્ષાવ્રત

**"એકવાર સેવન કરવામાં આવે તેને ભોગ**

**કહે છે તથા કોઇ પદાર્થનું અનેકવાર સેવન કરવામાં આવે તેને ઉપભોગ કહે છે.''** પરિમાણનો અર્થ મર્યાદા કરવાથી છે અથવા પ્રમાણ નિયત કરવાથી છે. અર્થાત્ ભોગ અને ઉપભોગની સામગ્રીની મર્યાદા અથવા પ્રમાણ (માત્રા) નિયત કરવી તેને ભોગોપભોગપરિમાણ કહે છે. ભોજન-પાન, ગંધ, પુષ્પમાળા આદિ ભોગસામગ્રીના ઉદાહરણ છે; કારણ કે તેને એકવાર જ સેવન કરી શકીએ છીએ. વસ્ત્ર, વાહન, સ્ત્રી આદિ ઉપભોગના ઉદાહરણ છે કારણ કે આને એકથી વધારે વખત સેવન કરી શકાય છે. ઉપરોક્ત **''ભોગ અને ઉપભોગના પદાર્થોને હું આનાથી વધારે સેવન નહીં કરું અથવા આમાંથી આટલાનું જ સેવન કરીશ, બાકીનાનો ત્યાગ કરું છું.''** આ પ્રકારના સંકલ્પને ભોગોપભોગ પરિમાણ શિક્ષાવ્રત કહે છે.

આ વ્રત પદાર્થોની ભોગોપભોગ કરવાની વાસનાઓનું નિયમન કરવાનો અતિ ઉત્તમ ઉપાય છે. હકીકતમાં આ જીવને અનાદિકાલીન પ્રવાહરૂપ મિથ્યાત્વના પ્રભાવથી લોકના સર્વ પદાર્થોને સ્પર્શ કરવાની, ચાખવાની, સુંઘવાની, જોવાની, સાંભળવાની તથા અન્ય રીતે ભોગવવાની ઇચ્છાઓ અંદર પડેલી છે. ત્રણલોકના સર્વ પદાર્થો જો કોઇ એક જીવને ભોગવવા માટે આપવામાં આવે તો પણ આ જીવને તૃપ્તિ થતી નથી. આટલો તૃષ્ણાનો ભાવ ભરેલો છે. હવે, બધાને તેમની અભિષ્ટ (ઇષ્ટ) સામગ્રી મળી પણ નથી શકતી કારણ કે દ્રવ્યનો સંયોગ - વિયોગ તો પાપ-પુણ્યને આધીન છે, ઇચ્છાને આધીન નથી અને જ્યારે ઇષ્ટ વસ્તુ ના મળે ત્યારે જીવ આકુળ-વ્યાકુળ થઇ જાય છે અને આ જ દુઃખ છે. આ દુઃખથી બચવાનો એકમાત્ર ઉપાય છે ઇષ્ટ વસ્તુના ભોગની ઇચ્છાનો જ ત્યાગ કરી દેવો, પરંતુ બધા પ્રાણીઓની એટલી શક્તિ નથી હોતી કે તે બધી વાસનાઓનો એક સાથે ત્યાગ કરી શકે; માટે સાધક સર્વપ્રથમ ઇચ્છાઓનું નિયમન અર્થાત્ સંક્ષેપીકરણ કરે છે. આ લક્ષથી તે બાહ્ય ભોગોપભોગની સામગ્રીની મર્યાદા કરે છે; કારણ કે ભોગની સામગ્રીથી ભોગની ઇચ્છા અવશ્ય થાય જ છે. આ ભોગોપભોગની સામગ્રીનું સંયમન કરવું એ જ ભોગોપભોગપરિમાણવ્રત કહેવાય છે.

શ્રાવક પાસે ભોગોપભોગ માટે મુખ્યરૂપથી દશ પ્રકારના બાહ્ય પરિગ્રહ તથા ભોજન-પાન, સુગંધિત વસ્તુઓ આદિ રહે છે તે બધાનું પોતાની શક્તિ અનુસાર પરિમાણ કરે છે. પોતાની મૂળભૂત આવશ્યકતાઓ અને થોડી સુવિધાની સામગ્રી છોડીને વિલાસિતાની તથા અનાવશ્યક સર્વ ભોગોપભોગની સામગ્રીનો ત્યાગ વ્રતી શ્રાવક કરે છે. દશ પ્રકારના બાહ્ય પરિગ્રહોની સંક્ષિપ્ત વિચારણા પરિગ્રહપરિમાણ અણુવ્રતમાં કરેલ છે. અહીં ભોજન-પાન સંબંધી પરિમાણની વિચારણા કરીશું. ભોજન-પાનના પરિમાણમાં મુખ્યરૂપથી પાંચ પ્રકારના અભક્ષ્યોનો ત્યાગ આવે છે, જે શ્રાવક માટે અવશ્ય કરણીય છે. ત્રસઘાતરૂપ અભક્ષ્ય, બહુઘાતરૂપ અભક્ષ્ય, પ્રમાદરૂપ અભક્ષ્ય, અનિષ્ટરૂપઅભક્ષ્ય અને અનુપસેવ્યરૂપ અભક્ષ્ય વગેરે અભક્ષ્યની જાતિઓ છે. આના અંતર્ગત જેટલા પણ પદાર્થ આવે તેમનો ત્યાગ શ્રાવક નિયમથી કરે છે. જે પદાર્થો સેવન કરવા યોગ્ય નથી તેમને અભક્ષ્ય કહે છે.

**(૧) ત્રસઘાતરૂપ અભક્ષ્ય :** જે પદાર્થોને ખાવાથી ઘણા ત્રસ જીવોનો ઘાત થાય તેને ત્રસઘાતરૂપ અભક્ષ્ય કહે છે. જેમ કે માંસ, મદિરા, મધ, પાંચ ઉદંબર ફળ ઇત્યાદિ.

**(૨) બહુઘાતરૂપ અભક્ષ્ય :** જે પદાર્થોને ખાવાથી અનંત સ્થાવર જીવોનો ઘાત થાય તેને બહુઘાતરૂપ અભક્ષ્ય કહે છે. જેમ કે બટાકા, મૂળા, ગાજર, આદુ આદિ સર્વ પ્રકારના કંદમૂળ ઇત્યાદિ.

**(અનુસંધાન પાના નં. ૯ પર...)**

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૩૬)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## ભયભંજક પ્રભુ આશ્રય
## ૪. સર્પભયભંજક

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**रक्तेक्षणं समदकोकिलकंठनीलं,**
**क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।**
**आक्रामति क्रमयुगेन निरस्तशंक -**
**स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥४१॥**

● **શબ્દાર્થ :** रक्त - લાલ(એવી), ईक्षण - આંખ (છે જેની તે), रक्तेक्षणं - લાલ આંખોવાળા, समद - મદ સહિત, ઉન્મત્ત, कोकिल - કોયલ (ના), कंठनीलं - કંઠ સમાન કાળા, क्रोधोद्धतं - ક્રોધથી ઉધ્ધત(ધમધમતા), અત્યંત ક્રોધાયમાન, फणिनम् - સાપને, उत्फणम् - ઊંચી ફેંણ કરેલા, आपतन्तम् - (કરડવાને) સામે આવી રહેલા, आक्रामति - ઓળંગી જાય છે, સ્પર્શ કરે છે, क्रम - પગ, युगेन - બે વડે, क्रमयुगेन - (પોતાના) બંને પગ વડે, निरस्त - દૂર થયેલી છે, शंक (शङ्क) - શંકા, निरस्तशंकः - શંકા રહિત, નિર્ભય થઈને, त्वत् - તમારું, नाम - નામ (મંત્ર, સ્મરણ, કીર્તન), नागदमनी - નાગને વશ કરી શકાય તેવી જડીબુટ્ટી, हृदि - હૃદયમાં, यस्य - જે, पुंसः - પુરુષના.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**કાળો કાળો અતિશય બની, લાલ આંખો કરેલી,**
**ક્રોધે પૂરો બહુવિધ વળી, ઊછળે ફેણ જેની;**
**એવો મોટો મણિધર કદી, આવતો હોય સામે,**
**નિશ્ચે થંભે તુરત અહિ તે, હે પ્રભુ ! આપ નામે.(૪૧)**

● **ભાવાર્થ :** (હે ભગવન્ !) જે પુરુષના હૃદયમાં તમારા નામરૂપી નાગદમની (જડીબુટ્ટી) હોય છે તે પુરુષ, લાલ આંખોવાળા, મદોન્મત્ત, કોયલના કંઠ સમાન કાળા, ક્રોધથી ઉધ્ધત(ઉન્મત્ત) થયેલ, ફેંણ ઊંચી કરીને, ડંસ આપવા (ડંખવા, કરડવા) માટે સામે આવતા સર્પને જોઈને પણ નિઃશંકપણે પોતાના બે પગ વડે તેને ઓળંગી જાય છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** શ્લોક ૩૮-૪૦માં ત્રણ કષાયોનું; ગજપતિ હાથી દ્વારા માનનું, મૃગપતિ સિંહ દ્વારા ક્રોધનું અને દાવાનળ અગ્નિની ચારે બાજુ ફેલાતી જ્વાળા દ્વારા માયાની ફેલાતી જાળનું વર્ણન કર્યા પછી હવે આ શ્લોક-૪૧માં સર્પમણિધર દ્વારા લોભનું વર્ણન છે.મહાભયોની ગણતરીમાં સર્પભયની પણ ગણના થાય છે. સર્પોમાં પણ કાળા નાગ (King Cobra)ની ગણના મહાવિષધરમાં થાય છે. આવા સર્પનો સામનો કરવાનું કામ સહેલું નથી, તો પછી તેની નજીક જઈને ઓળંગવામાં કે પગ વડે સ્પર્શ કરવામાં તો મોટું જોખમ રહેલું છે.

આ સર્પ કેવો છે ? (૧) મહાભયંકર કીંગ કોબ્રા છે, (૨) મહાવિષધર છે, (૩) કૃષ્ણલેશ્યા સાથે કાળો ડીબાંગ છે, (૪) આંખો લાલઘુમ છે, (૫) ચંચળ ભયજનક નેત્રો છે, (૬) ક્રોધથી ધમધમે છે, (૭) ફેંણ ઊંચી કરીને સામે દોડ્યો આવે છે, (૮) ફૂંફાડા મારે છે, (૯) જીભ લપકારા મારે છે અને (૧૦) કરડવાની તૈયારી છે.

સર્પનું વર્ણન તેના લાલકણોથી સ્ફૂરાયમાન નેત્રપંક્તિ દ્વારા કરે છે. જૈન દર્શનમાં તેજોલેશ્યા રક્તવર્ણી હોય છે. તેજસનો અર્થ ઉત્તેજના કે આવેશ થાય છે. નેત્ર માટે શ્લોકમાં 'ઈક્ષણ' શબ્દ મૂક્યો છે. વ્યક્તિ જ્યારે ચપળ કે ચંચળ બનીને નેત્ર દ્વારા

ચારે તરફ ઉગ્રતાથી જુએ છે, ત્યારે તે ઈક્ષણ બની જાય છે. આ સર્પ પણ લાલનેત્રોથી ઘેરાયેલો પોતાના શિકાર ઉપર આક્રમણ કરવા માંગતો હોય તેમ ઈક્ષણ કરી રહ્યો છે, અર્થાત્ ચંચળ ભયજનક આંખોથી જોઈ રહ્યો છે. સર્પની બંને આંખો લાલઘુમ બનેલી છે ને કાંઠલો કાળો છે. તે બે આંખો એટલે મિથ્યાત્વ અને અજ્ઞાન. તે જ્યારે જીવાત્માને ઘેરી વળે છે ત્યારે તે કાળી કૃષ્ણ લેશ્યાને પામે છે અને નરકગામી બને છે.

આ વિશ્વમાં જોવા મળે છે કે જ્યારે કોઈ વ્યક્તિને સર્પ કરડે છે ત્યારે ગારુડી (મંત્રથી ઝેર ઉતારનાર) આવીને સર્પના ઝેરને ઉતારવાને મંત્રોચ્ચાર કરે છે, જેને 'ગારુડીમંત્ર' કહે છે. એ મંત્રોચ્ચારના સામર્થ્યથી સર્પનું ઝેર ઊતરી જાય છે અને વ્યક્તિ નિર્વિષ બની સ્વસ્થ થઈ જાય છે. પરંતુ ગારુડીમંત્રથી એક ડગલું આગળ અને ઊંચે જઈને, પ્રસ્તુત શ્લોકમાં માનતુંગાચાર્ય પ્રભુના નામ-સ્મરણને 'નાગદમની' કહે છે. એટલે નાગ કરડે તે પહેલા જ તેને શાંત કરી દે છે. ગારુડીમંત્ર 'વિરોધ'રૂપી ઉપાય છે (કરડ્યા પછીનો), જ્યારે નાગદમની 'નિરોધ'રૂપી ઉપાય છે (કરડ્યા પહેલાનો).

અધ્યાત્મ દૃષ્ટિએ જોઈએ તો નાગ સમાન ફૂંફાડા મારતો, કંઈકના જીવનને નંદનવનમાંથી વેરાનવન બનાવતો, કંઈકની જિંદગી ઝેરમય કરી દેતો 'લોભ' છે. શાસ્ત્રોમાં તેના અનેક દૃષ્ટાંતો છે. યથાઃ સીતાજીના સોનેરી મૃગ પરના લોભે રામાયણ સર્જ્યું, સુભૂમ ચક્રવર્તી ૭મો ખંડ જીતવાના લોભે ૭મી નરકે ગયો, બ્રહ્મદત્ત ચક્રવર્તી સ્ત્રીરત્નના લોભે ૭મી નરકે ગયો, મમ્મણ શેઠને લોભ નરકમાં લઈ ગયો વગેરે.

૩૮ થી ૪૧ સુધીના ચાર શ્લોકમાં અનંતાનુબંધી કષાયોનું સ્વરૂપ તથા તેના ઉપાય કહ્યા છે. ગજપતિના ઉપસર્ગમાં અનંતાનુબંધી માન સમાયેલું છે. હાથી એ માનનું પ્રતીક છે. માનભાવમાં ભલભલા પતનને શરણ થાય છે. મૃગપતિ સિંહના ઉપસર્ગ વિષે અનંતાનુબંધી ક્રોધ સમજાય છે. તેને વશ થનાર વ્યક્તિ સારાસાર વિવેક ગુમાવે છે. અગ્નિના ઉપસર્ગ દ્વારા અનંતાનુબંધી માયાનું સ્વરૂપ સમજી શકાય છે. માયાના ચક્કરમાં ફસાનારો ક્રોધને નિમંત્રણ આપે છે. માયાના ફંદમાં આવનારા આત્મિક તેમજ પૌદ્ગલિક સુખોથી વંચિત બને છે. મણિધરસર્પ એ લોભનું પ્રતીક છે. માથા પર મણિ ધારણ કરનાર સર્પ પોતાની પાસે જે કાંઈ છે તેનો ઉપભોગ કરતો નથી તેમ જ બીજાને કરવા દેતો પણ નથી. લોભી માણસ ગમે તેમ વર્તતાં જરા પણ અચકાતો નથી. તેમાં પણ તેને જ્યારે ક્રોધનો સાથ મળે ત્યારે તો તે જીવ માઝા જ મુકે છે.

પૂજ્ય ઉદયરત્ન મહારાજ 'લોભની સજ્ઝાય'માં કહે છે કે -

**લોભે મુનિજન પામે ક્ષોભના રે,**
**લોભે ડાહ્યા મન ડોલ્યાં કરે રે,**
**લોભે પાપ ભણી પગલાં ભરે રે,**
**લોભે મર્યાદા ન રહે કેહની રે.**

આ ચાર કષાય દ્વારા મોહનીયનું પ્રબળપણું સૂચવાય છે. માનતુંગાચાર્યને બેડીમાં જકડનાર રાજામાં આ ચારે કષાય કેવી રીતે હતા તે ખૂબીથી દર્શાવાયું છે. ધ્યાનમગ્ન આચાર્યશ્રીએ રાજાના આમંત્રણનો ઉત્તર ન આપ્યો એથી રાજાનું માન ઘવાયું. વિશેષ પ્રયત્ને પણ એ જ દશા રહી તેથી ક્રોધનો સથવારો મળ્યો. દરબારીઓની ભંભેરણીથી માયા વિસ્તરી. પોતાનું ધાર્યું જ કરીને જંપવાના ભોજરાજાના નિશ્ચયમાં લોભે પોત પ્રકાશ્યું. તે સર્વ સામે માનતુંગાચાર્ય પ્રભુના નામ-મંત્ર-સ્મરણથી દૃઢતાથી ટકી રહ્યા.

ક્રોધ અને માન અંગત-વ્યક્તિગત છે, એકને અનુલક્ષીને થાય છે. માયા સર્વવ્યાપી છે, અનેકને

અનુલક્ષીને વ્યાપે છે. લોભવશ જીવ પોતાના ઉપરાંત અન્યનું પણ ગ્રહણ કરવા તત્પર થાય છે. આમ, એમાં વ્યક્તિગત અને સર્વવ્યાપી એમ બંને તત્ત્વો સમાવેશ પામે છે, અર્થાત્ લોભ એ સર્વનાશ કરવામાં સૌથી વધુ ઉદ્યમી છે. ચારે કષાયમાં લોભ આવવામાં પહેલો અને જવામાં છેલ્લો છે, છેક દસમા ગુણસ્થાને (ક્ષપકશ્રેણીમાં) જાય અને ઉપશમશ્રેણીમાં જીવને ૧૧મા ગુણસ્થાનેથી પાડનાર સૂક્ષ્મ સંજવલન લોભ જ છે. ભગવાન શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં લોભને નરકનું દ્વાર કહેલ છે. યથા :

**त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।**

**कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत्त्रयं त्यजेत् ।**

**( १६-२१ )**

**અર્થ :** કામ, ક્રોધ તથા લોભ - આ ત્રણ નરકના દ્વાર, આત્માનો નાશ કરનારા (એટલે કે એને અધોગતિએ લઈ જનારાં) છે, માટે આ ત્રણેયને ત્યજી દેવા જોઈએ.

**વિશેષ :** સર્વ અનર્થોના મૂળ અને નરકની પ્રાપ્તિ થવાના કારણ હોવાને લીધે અહીં કામ, ક્રોધ તથા લોભને 'નરકના દ્વાર' કહ્યા છે.

પ્રભુસ્મરણથી માન છૂટે છે, ક્રોધ આવી શકતો નથી, માયા શાંત બને છે અને લોભની રૂકાવટ થાય છે. આમ, આ ચાર પ્રતીકો દ્વારા આચાર્યશ્રીએ યોગ્ય વ્યવહાર અને ઉપાય દર્શાવેલ છે.

અહીં સર્પના દૃષ્ટાંતે લોભ કષાયનું સ્વરૂપ કહ્યું છે. લોભી મરીને સર્પયોનીમાં જઈને ધનનું રક્ષણ કરે છે, કોઈને વાપરવા દેતો નથી. તે રીતે ભોજરાજા પણ સર્પ સમાન બન્યો છે. આચાર્યશ્રી ગુણો અને જ્ઞાનના નિધાન સમા છે છતાં રાજા તેમને કારાગ્રહમાં પૂરી ચમત્કાર જોવાના લોભના કારણે બીજા કોઈને ગુરુનો ધર્મલાભ લેવા દેતો નથી. આચાર્યશ્રી તો સમભાવમાં રહી પોતાના સાધુપણાના આચારને જરા પણ દૂષિત કર્યા વગર પ્રભુ નામ-સ્મરણથી પોતાના બેડી અને કર્મબંધનને દૂર કરે છે, એટલું જ નહિ પણ પ્રભુભક્તિનું માહાત્મ્ય વગર ઉપદેશે સમજાવીને રાજાના અજ્ઞાન અને મિથ્યાત્વને દૂર કરે છે (નિમિત્ત અપેક્ષાએ). લોભને વશ ન થતાં પ્રભુસ્મરણ કરીને ઉદયમાં આવેલા લોભને જીતવાનું રાજાભોજને અને પરમાર્થથી આપણને સૂચવે છે.

પરમાર્થથી ચારે ઘાતી કર્મનું સ્વરૂપ કહ્યું છે. તે ઘાતી કર્મ આત્માના ગુણનો ઘાત કરે છે. ઘાતીકર્મ દેખીતા પ્રબળ છે છતાં તેવા પ્રબળ કર્મોને પણ જપ-તપ-ધ્યાનથી દૂર કરી શકાય છે ને સદેહે ઘાતી કર્મોથી મુક્ત બની શકાય છે. યથાઃ ૧૩મે ગુણસ્થાને રહેલ સદેહી સયોગી કેવળી અને અરિહંત પરમાત્મા.

ચારે કષાયોમાં ક્રોધ ભોળો છે, તે તરત જણાઈ આવે છે. માન તુરત જણાઈ ન આવે પણ વિશેષ પ્રયત્ને જણાય, તે ક્રોધથી સૂક્ષ્મ છે. ક્રોધ અને માન સ્વલક્ષી છે, પોતાને થાય છે. તેથી સામી વ્યક્તિને અસર થાય કે ન થાય, પણ પોતાને તો તરત જ નુકસાન પહોંચાડે છે. માયા એ તો ક્રોધ અને માનથી પણ સૂક્ષ્મ છે. તે પરલક્ષી અને સર્વવ્યાપી છે. લોભ તો સ્વ અને પર બંનેને લક્ષમાં રાખીને થાય છે. લોભી પોતાની જાતને માટે પણ લોભ કરે અને અન્ય માટે પણ. તેથી જ તેને 'સવ્વવિણાસણો' — સર્વનાશક કહ્યો છે. કર્મગ્રંથો કહે છે કે આ દરેકના દલિકો (કર્મપુદ્ગલો) એકેક કરતા અનુક્રમે વધારે ને વધારે સૂક્ષ્મ થતા જાય છે. શુદ્ધ આત્મા જ્યારે આ બધા દલિકોથી મુક્ત બની જાય છે ત્યારે તે હળવોફુલ બનીને પોતાનું 'અગુરુલઘુ' સ્વરૂપ પ્રગટાવે છે. (જુઓ 'પુચ્છિસુણં સૂત્ર' - ગાથા ૨૬)

'દશવૈકાલિક સૂત્ર' અધ્યાય ૮ની ગાથા - ૩૮માં આ ચારે કષાયના લક્ષણ (ફળ, પરિણામ) કહ્યા છે અને તેને કેમ જીતવા તે ગાથા - ૩૯માં કહ્યું છે યથા :

**કોહો પીઈ પણાસેઈ, માણો વિનયનાસણો ।**
**માયા મિત્તાણિ નાસેઈ, લોહો સવ્વ વિણાસણો ॥૩૮॥**

**અર્થ :** ક્રોધ પ્રીતિનો, માન વિનયનો, માયા મિત્રતાનો અને લોભ સર્વનો નાશ કરે છે.

**ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જીણે ।**
**માયં ચજ્જવ ભાવેણ, લોભં સંતોષઓ જિણે ॥૩૯॥**

**અર્થ :** ક્રોધને ઉપશમ (સમતા)થી, માનને મૃદુતાથી, માયાને સરળતાથી અને લોભને સંતોષથી જીતો.

દિગ્ગજ આચાર્ય કુંદકુંદાચાર્ય પણ આ ચારે કષાય અને તેના ઉપાય વિષે તેમ જ કહે છે યથાઃ

**જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને;**
**આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને.**

(નિયમસાર-૧૧૫)

જેના હૃદયમાં વીતરાગ સર્વજ્ઞનું સ્મરણ-ભક્તિ છે અને જેની પાસે સર્વજ્ઞની શ્રદ્ધારૂપ નાગમણિ છે તેને મિથ્યાત્વસર્પનું ઝેર કેવું ? ભગવાન મહાવીરે નિષ્કામ કરુણા વડે મહાભયંકર ચંડકૌશિકને શાંત કર્યો. સર્પનું ઝેર તો એકવાર મારે છે (વર્તમાન ભવ, જીવન), જ્યારે મિથ્યાત્વનું ઝેર સંસારમાં અનંતવાર મારે છે. તે મિથ્યાત્વ-ઝેરને જિનેશ્વર પ્રભુની ઉપાસના વડે જેણે દૂર કર્યું તેને હવે બહારમાં સર્પના વિષનો ભય કેવો ? મહાકવિ ધનંજયના 'વિષ-અપહાર' સ્તોત્ર ('સ્વાત્મસ્થિતઃ સર્વગતઃ સમસ્ત... ૪૦ શ્લોક') ભક્તિથી સર્પદંશથી અચેત બનેલ તેમના પુત્રનું ઝેર ઉતરી ગયું અને સ્વસ્થ થઈ ગયો.

જિનભક્તિના પ્રતાપે શુભકર્મની ઉદ્દીરણા થતા ઘણીવાર આવા આશ્ચર્યકારી (બાહ્યરીતે અને વહેવારથી, પરમાર્થથી તો જે થાય તે યોગ્ય જ છે) બનાવો બને છે પણ ત્યાં ભક્ત-ધર્માત્માનો આશય તો વીતરાગના ગુણગાન અને વીતરાગતાની ભાવનાનો જ હોય છે, કોઈ લૌકિક આશા હોતી નથી. ધ્યેય (પ્રભુ)ને લક્ષ બનાવી, તેનું નામ-મંત્ર-સ્મરણ-કીર્તન-ધ્યાન કરીએ તો તેના ગુણ ધ્યાતા (આપણા)માં આવે. વર્તમાનમાં કોઈને નિકાચિત અશુભકર્મના ઉદયે બહારમાં એવો યોગ ન બને તો પણ અંતરની જિનભક્તિ નિષ્ફળ જતી નથી, અને કાળક્રમે ઉત્તમ ફળ આપે છે. તેમની જ્ઞાનચેતના ઉદયભાવોથી જુદી ને જુદી અલિપ્ત રહે છે. અંતર્મુખ ભાવથી જેણે ભગવાનનું શરણ લીધું તેને હવે જગતમાં કોઈનો ભય નથી. ધર્મી જીવો ઉદય અને જ્ઞાનના ભેદજ્ઞાનરૂપ મંત્રવિદ્યા વડે તે સર્પને તેમજ ભયને, બંનેને પોતાની ચેતનાથી જુદા રાખે છે.

કોઈક મુનિરાજને એવી ઋદ્ધિ હોય છે કે, કોઈને ઝેરી સર્પ કરડ્યો હોય ત્યાં તે મુનિરાજના શરીરને સ્પર્શીને હવા આવે તો તેનું ઝેર ઉતરી જાય. તો હે સર્વજ્ઞદેવ ! ઋષભદેવ પ્રભુ ! આપ તો જગતમાં સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાન ઋદ્ધિવાળા છો, આપની સર્વજ્ઞતાને સ્પર્શીને આવતી શ્રદ્ધારૂપી હવા વડે જીવોના મિથ્યાત્વનું ઝેર ઊતરી જાય એમાં કોઈ આશ્ચર્ય નથી. આપના ભક્તને મિથ્યાત્વસર્પ કરડી શકતો નથી, ને બહારનો સર્પ પણ તેની આત્મસાધનાને અટકાવી શકતો નથી.

કવિવર પંડિત સંતલાલજી 'સિદ્ધચક્ર વિધાન'માં કહે છે કે -

**रागादिक मल को हरैं, तनक नही अनवास ।**
**महा विशुद्ध अत्यंत हैं, हरो पाप-अहि-डांस ॥९५३॥**

**અર્થ :** જે રાગાદિક મલને હરે છે તેમાં લેશ માત્ર (તનક) પણ સંશય (અનવાસ) નથી એવા હે અત્યંત મહા વિશુદ્ધ ! (સિદ્ધ ભગવંત !) મારા પાપ-સર્પ(નું ઝેર) તથા ડાંસ(નો ડંખ)ને હરો.

ભગવાન પાર્શ્વનાથ પૂર્વે છઠ્ઠા ભવમાં જ્યારે અગ્નિવેગ મુનિ હતા ને ધ્યાનમાં બેઠા હતા ત્યારે

ભોરીંગ અજગર થયેલો ભવોભવનો વેરી કમઠનો જીવ તે મુનિને આખા ને આખા મોઢામાં ગળી ગયો. તે અજગરના મોઢાની વચ્ચે પણ મુનિરાજ ભયભીત ન થયા, તેમણે આત્માની આરાધના છોડી નહિ, કેમ કે તે વખતે ય તેમના અંતરમાં જ્ઞાયક તત્ત્વનું વેદન હતું. આ જ્ઞાયક તત્ત્વની ભાવના તે જ સંસારનું ઝેર ઊતારવાની સાચી જડીબુટ્ટી છે અને એ જ સાચી જિનભક્તિ છે.

નાગદમની શું છે ? મનુષ્યના અંતઃકરણની ગ્રંથિઓમાં ઘણા ચમત્કારી સ્કંધો અને પરમાણુઓ સમાયેલા છે, જે વિશેષ પ્રકારની સાધનાથી પ્રગટ થાય છે. પુદ્‌ગલ પરમાણુમાં વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ ઉપરાંત કેટલીક અલૌકિક શક્તિ સમાયેલી છે. આવી બે પ્રકારની શક્તિઓ મારક અને રક્ષકરૂપે અસ્તિત્વ ધરાવે છે. વિષના પરમાણુઓ જીવનનો નાશ કરી શકે છે. તેનાથી વિપરીત દિવ્ય ઔષધિઓના પરમાણુ જીવનમાં ઉપકારી થાય છે.

જ્યારે મનુષ્ય પ્રભુના નામનું શ્વાસોચ્છ્‌વાસ સાથે અનુસંધાન કરી, મન અને પ્રાણને એકાગ્ર કરે છે ત્યારે એક દિવ્યશક્તિનું સર્જન થાય છે. આને યોગબળ કહે છે. અંતઃકરણ સુધી પહોંચેલું પ્રભુનું નામ સુષુપ્ત ગ્રંથિઓને સક્ષમ અને સક્રિય કરે છે. ત્યાર પછી સાધકની દૃષ્ટિ, વાણી અને હલનચલનમાં એક દિવ્ય પ્રભાવ આલોકિત થાય છે. આ પ્રભાવ હિંસક અને આક્રમક પ્રાણીઓ પર પડે છે. વિષાક્ત મણિધર સર્પ પણ આ અલૌકિક શક્તિના પ્રભાવે શાંત થઈ જાય છે.

જૈન ધર્મ અને જૈન પ્રક્રિયા વ્યક્તિના દમનને હિંસા માને છે અને વૃત્તિના દમનને અહિંસા માને છે. અહીં જે નાગના દમનની વાત છે, તેમાં તેની વૃત્તિના દમનનો ઉલ્લેખ છે.

અનાદિથી આપણને સંસારમાં રખડાવનાર આપણા અજ્ઞાન, મોહ અને મિથ્યાત્વ છે. ચરણાનુયોગથી કહીએ તો પાંચ ઇન્દ્રિયના વિષય અને ચારે કષાય છે. પરમકૃપાળુદેવે પત્રાંક - ૫૦૬માં વિષય અને કષાયના ઉપાય વૈરાગ્ય અને ઉપશમ કહેલ છે. વૈરાગ્યને આત્મસાધનાનો એકડો કહ્યો છે તો ઉપશમને આત્મસાધનાનું એન્જિન ગણ્યું છે. વિષયથી સંસાર છે અને કષાયથી અનંત સંસાર છે.

ભક્તામર સ્તોત્રમાં વ્યવહારથી બાહ્યરીતે તીર્થંકર પરમાત્માની સ્તુતિ હોવા છતાં મુમુક્ષુ સાધકો તે સ્તુતિ આત્મલક્ષે કરતા કરતા અંતર્મુખતામાં સરી પડે છે. માનતુંગાચાર્યે ૯ શ્લોકમાં જે પહેલા ચાર ભય દર્શાવ્યા છે (શ્લોક ૩૮-૪૧), તે વ્યવહારથી ઉપસર્ગ (હાથી, સિંહ, અગ્નિ, સર્પ) હોવા છતાં પરમાર્થથી તે આપણા અનંત સંસારનું કારણ અનંતાનુબંધી કષાયની ચોકડી છે (અનુક્રમે માન, ક્રોધ, માયા, લોભ). ભયોની તીવ્રતા અને વિકરાળતા અનંતાનુબંધી દર્શાવે છે. બાકીના ચાર ભય (સંગ્રામ, સમુદ્ર, વ્યાધિ, બંધ) હવે પછીના શ્લોક ૪૨-૪૬માં દર્શાવાશે.

અંતમાં સર્વ જીવો પ્રભુ નામ-સ્મરણ-ભક્તિથી વિવિધ બાહ્ય ઉપસર્ગના ભયથી અને અનેકવિધ આંતરિક કર્મો-કષાયથી નિર્ભય-મુક્ત થાય તેવી મંગલભાવના સાથે, જિનઆજ્ઞાથી કાંઈ વિપરિત લખાયું હોય તો ત્રિવિધે મિચ્છા મિ દુક્કડમ્.

॥ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

**જગત આત્મરૂપ માનવામાં આવે; જે થાય તે યોગ્ય જ માનવામાં આવે; પરના દોષ જોવામાં ન આવે; પોતાના ગુણનું ઉત્કૃષ્ટપણું સહન કરવામાં આવે તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે; બીજી રીતે નહીં.**

**- શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક - ૩૦૧**

# આત્માની સ્વધર્મવ્યાપકત્વ શક્તિ (૨૫)

વલભજી હીરજી 'કેવલ'

આ જ્ઞાનસ્વરૂપ આત્મામાં અનંત શક્તિ છે- તે સંખ્યાથી અનંત છે. કાળથી અનંત છે. તે ભાવરૂપ સામર્થ્યથી પણ અનંત છે. હવે પચીસમી સ્વધર્મવ્યાપકત્વ નામની શક્તિ છે. આત્મા સદા પોતાની અનંત ગુણ-પર્યાયોરૂપ સ્વધર્મમાં જ તન્મયપણે રહ્યો છે. શરીરમાં તે કદી તન્મય થયો નથી. ભિન્ન ભિન્ન અનંત શરીરોમાં રહેવા છતાં તે શરીરના જડધર્મરૂપે આત્મા કદી થયો નથી, પણ પોતાના ચેતનધર્મરૂપે જ સદાય રહ્યો છે, સર્વ શરીરોમાં એક આત્મસ્વરૂપે જ પોતાના ધર્મમાં રહ્યો છે. એટલે કે શરીરમાં કદી વ્યાપ્યો નથી. આત્મ-વ્યાપકપણે જ આત્મા ત્રિકાળ રહ્યો છે. આત્મા શરીરના સંયોગમાં રહેવા છતાં શરીરરૂપે કદી નથી થયો. પોતાની નિર્મળ ગુણની પર્યાયમાં વ્યાપીને રહે એવો આત્માનો સ્વભાવ છે. આત્મા એક ભવમાંથી બીજા ભવમાં જાય ત્યાં પોતાના જ્ઞાનધર્મને સાથે લઈ જાય છે, પણ શરીરને સાથે લઈ જતો નથી. આત્માને શરીર સાથે તન્મયપણું કદી નથી. કેમ કે —

જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતનભાવ,
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ.

જેનો જે ધર્મ હોય તેનાથી તે કદી જુદો પડે નહીં. શરીરથી ભિન્ન રહીને, પોતાના નિર્મળ જ્ઞાનાનંદ સ્વરૂપમાં વ્યાપીને તેને જ આત્મા પોતાનું રહેઠાણ બનાવે છે એ જ આત્માનું નિજપદ છે. શરીર અને પરભાવો તો અનેક પ્રકારના બદલાયા. પણ આત્મા એકસ્વરૂપપણે જ સદા સ્વધર્મમાં રહ્યો છે. આત્મા પોતાના જ્ઞાન-દર્શન-આનંદાદિ ગુણોને તેની નિર્મળ પર્યાયો એવા જે સ્વધર્મો તેમાં પ્રસરીને સદા રહ્યો છે. એવું તેનું સ્વધર્મવ્યાપકપણું છે. જ્ઞાનમાત્ર વસ્તુ રાગમાં કે જડમાં વ્યાપે નહીં. આત્મા તો પોતાના અનંત ધર્મોમાં જ વ્યાપ્યો છે. એક સ્વરૂપે જ રહ્યો છે. રાગમાં કે દેહમાં મૂર્છાઈ જાય એવો આત્માનો સ્વભાવ નથી. જ્ઞાતા - દૃષ્ટા એ આત્માનો સ્વભાવ છે. જ્ઞાનનું વ્યાપકપણું જ્ઞાનભાવમાં હોય, આવા આત્માને જ્ઞાનમાં જ્ઞેય બનાવે એટલે કે સ્વાનુભવમાં લે તો આત્મજ્ઞાન થયું કહેવાય. નિર્મળ પર્યાયને સાથે ભેળવીને આ શક્તિઓનું વર્ણન છે. પ્રતીત કરવાનું કાર્ય તો નિર્મળ પર્યાયમાં થાય છે. ■ ■ ■

## યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્રજીની અધ્યાત્મસાધના

(પાના નં. ૬ પરથી ચાલુ...)

અને સાધના (Advanced spiritual contemplation and state of Equanimity) નજીકના ભૂતકાળમાં અને અદીક્ષિત જીવનમાં સિદ્ધ કરીને, તેઓએ મહાવીરપ્રભુની અનેકાંતાત્મક છતાં અધ્યાત્મપ્રધાન શૈલીનું અને વેદાંતની સાચી આધ્યાત્મિકતાના સમન્વયનું મૂર્તિમંત સ્વરૂપ આપણી સમક્ષ રજૂ કર્યું છે - જે રોમાંચક, પ્રેરક અને ચિંતનીય છે.

તેઓશ્રીની આત્મસાધના અને અપ્રતિમ સાહિત્યસાધના સામાન્યપણે સૌને ઓછા-વધતા અંશે ઉપકારી છે, પરંતુ વિશેષપણે આગળની કક્ષાના ગંભીર સાધકોને ઉપયોગી છે. ગુરુગમથી, આત્માર્થીપણાની ભાવનાથી અને નિષ્પક્ષતાથી તેમાં નિમજ્જન કરવાથી સદ્‌ગુણસંપન્નતા, પરમ-વૈરાગ્ય, આત્મજ્ઞાન, આત્મસમાધિ આદિ અનેક રત્નોની પ્રાપ્તિ થઈ શકે છે. આપણે સૌ તેમાંથી પ્રેરણા લઈને, આપણા આત્માની ઉન્નતિ માટે દૃઢસંકલ્પી થઈને આગળ વધીએ, અન્યોને પણ તેમાં સહાયભૂત થઈએ અને માનવભવના ચરમ- પુરુષાર્થરૂપ મોક્ષના સુખને અહીં જ મ્હાણીને અંતે પૂર્ણ આનંદ પામીએ.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

● ● ●

# શુભ ભાવ - સાપેક્ષિત પ્રયોજન

**નવનીતભાઈ પી. શાહ (ચેન્નાઈ)**

જીવોના ભાવ આ પ્રકારે છે :

- **ભાવ**
  - **અશુદ્ધ ભાવ**
    - **અશુભ ભાવ** (પાપ–ભાવ)
    - **શુભ ભાવ** (પુણ્ય–ભાવ)
  - **શુદ્ધ ભાવ**
    - **આત્માનુભૂતિ-નિર્વિકલ્પ**

સામાન્ય રીતે અશુભભાવ-પાપભાવ છોડવા લાયક છે એ સૌને સમજાય છે; શુદ્ધભાવ-મોક્ષભાવ પ્રગટ કરવા યોગ્ય છે એ પણ સમજાય છે; પરંતુ વચલા શુભ ભાવને સમજવામાં ગરબડ થાય છે — રાખવો કે છોડવો ! જો એમાં રહેલી સાપેક્ષતા સમજાય તો બધું સરળ છે

નિશ્ચયનયથી શુભભાવ-પુણ્યભાવ હેય છે; પણ એ શુદ્ધભાવની અપેક્ષાએ છે. અશુભ ભાવની અપેક્ષાએ તો શુભ ભાવરૂપી સાધના કાર્યકારી છે. માત્ર ધ્યાન એ રાખવાનું છે કે શુભક્રિયાથી સંતોષાયા વગર — અભિપ્રાયમાં એને ધર્મસ્વરૂપ માન્યા વગર સહજપણે શુદ્ધાત્માના લક્ષે એને 'પાત્રતા પ્રાપ્તિના પ્રયાસ ગણવા' (પ.કૃ.દેવ - પત્રાંક ૧૪૦)

'અભિપ્રાય' અને 'આચરણ' એ સાધનાની ગાડીના બે પૈડા છે. અભિપ્રાયમાં શુદ્ધભાવ-મોક્ષભાવ જ ઉપાદેય હોય અને આચરણમાં શુભપ્રવૃત્તિરૂપ સાધન હોય 'શ્રી આત્મસિદ્ધિ'માં ગાથા-૧૩૧માં કહ્યું, "નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવાં સોય" અને ગાથા - ૩૮માં કહ્યું, "કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ; ભવે ખેદ, પ્રાણી દયા, ત્યાં આત્માર્થ નિવાસ." પત્રાંક -૬૪૩માં કહ્યું, "ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ મુમુક્ષુ જીવે સહજ સ્વભાવરૂપ કરી મૂક્યા વિના 'આત્મદશા કેમ આવે ?' આ બધા શુભ ભાવો જ છે. મોક્ષમાળા શિક્ષાપાઠ - ૪૫માં પ.કૃ. દેવે ગાયું. "શુભ ભાવ વડે મન શુદ્ધ કરો."

નિશ્ચયનયથી કે જ્ઞાનનયથી શુદ્ધભાવ અને વ્યવહારનયથી કે ક્રિયાનયથી શુભ ભાવ ગણાય છે. આ વિષયમાં કેટલાક સત્‌શાસ્ત્રોના આધાર અવલોકીએ :

**શ્રી સમયસાર (શ્રી કુંદકુંદાચાર્યદેવ)**

- **ગાથા - ૧૨ ટીકા :** 'માટે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે - એવો સ્યાદ્‌વાદમતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે.
- **કળશ - ૧૧૧ :** કર્મનયના પક્ષપાતી કે જ્ઞાનનયના પક્ષપાતી-બંને પુરુષો સંસારસમુદ્રમાં ડૂબે છે
- **કળશ - ૨૬૭ :** જ્ઞાનનય અને ક્રિયાનયની પરસ્પર તીવ્ર મૈત્રી સાધવી — સમન્વય કરવો જરૂરી છે.
- **કળશ - ૧૩૭ :** મિથ્યાદષ્ટિનો અધ્યાત્મ-શાસ્ત્રમાં પ્રથમ તો પ્રવેશ નથી કારણ તે વ્યવહારને સર્વથા છોડી ભ્રષ્ટ થાય છે અથવા તો નિશ્ચયને સારી રીતે જાણ્યા વિના વ્યવહારથી જ મોક્ષ માને છે.
- **ગાથા - ૨૬૫ની ટીકા :** બાહ્યવસ્તુ વિના નિરાશ્રયપણે અધ્યવસાન ઊપજતાં નથી તેથી બાહ્યવસ્તુઓનો ત્યાગ કરાવવામાં આવે છે. (બાહ્યવસ્તુઓનો ત્યાગ શુભ ભાવ છે.)

**શ્રી પ્રવચનસાર (શ્રી કુંદકુંદાચાર્યદેવ)**

- **ગાથા - ૯ ટીકા :** ચોથાથી છઠ્ઠા ગુણસ્થાન સુધી તારતમ્યપૂર્વક (વધતો વધતો) શુભોપયોગ છે - આવું વર્ણન કથંચિત્ થઈ શકે છે.
- **ગાથા - ૨૧૩ :** શ્રમણને પરદ્રવ્ય-પ્રતિબંધો નિષેધવા યોગ્ય છે (આ શુભ ભાવ છે)
- **ગાથા - ૨૧૯ :** શ્રમણોએ પ્રથમથી જ સર્વ પરિગ્રહનો ત્યાગ કરવો જોઈએ.

**શ્રી મૂલાચાર-ષટ્ આવશ્યક અધિકાર (શ્રી કુંદકુંદાચાર્યદેવ)**

- **ગાથા - ૭૯ :** જિનેશ્વરદેવ અમને સમાધિ આદિ આપો એમ કહેવું તે ભક્તિ વચન જાણવું.

**શ્રી નિયમસાર ટીકા (શ્રી પદ્મપ્રભમલધારીદેવ)**

- **શ્લોક - ૨૮ :** (હે જિનેન્દ્ર !) દૈવયોગે હું સ્વર્ગમાં હોઉં, આ મનુષ્યલોકમાં હોઉં... નારકોના નિવાસમાં હોઉં... કે અન્ય ગમે તે સ્થળે હોઉં, પરંતુ મને ફરી ફરીને આપના પદપંકજની ભક્તિ હો.

**શ્રી પુરુષાર્થસિદ્ધિ-ઉપાય (શ્રી અમૃતચંદ્રાચાર્ય)**

- **શ્લોક - ૨૨૨ :** નિશ્ચયમોક્ષમાર્ગ સાક્ષાત્ મોક્ષમાર્ગનો સાધક છે તથા વ્યવહારમોક્ષમાર્ગ પરંપરાએ મોક્ષમાર્ગનો સાધક છે અર્થાત્ વ્યવહારમોક્ષમાર્ગ નિશ્ચયમોક્ષમાર્ગનું કારણ છે.

**શ્રી રત્નકરંડ શ્રાવકાચાર (શ્રી સમંતભદ્રાચાર્ય)**

- **શ્લોક - ૧૧૯ :** અરિહંતદેવના ચરણમાં સર્વ દુઃખોને નાશ કરનારી પૂજા આદરયુક્ત - ભક્તિયુક્ત થઈને હંમેશાં પ્રતિદિન કરવી જોઈએ.

**શ્રી જ્ઞાનાર્ણવ (શ્રી શુભચંદ્રાચાર્ય)**

- **સર્ગ - ૮, શ્લોક - ૩૫ :** એક જીવકો બચાને મેં જો પુણ્ય હોતા હૈ વહ સમસ્ત પૃથ્વી કે દાન સે ભી અધિક હોતા હૈ.

**શ્રી પરમાત્મપ્રકાશ-અધિકાર-૨ (શ્રી યોગીન્દુદેવ)**

- **ગાથા - ૧૪ :** હે જીવ ! તું સમ્યગ્-દર્શનજ્ઞાનચારિત્રરૂપ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ નિશ્ચયમોક્ષમાર્ગના સાધક એવા વ્યવહાર-મોક્ષમાર્ગને જાણ કે જેને જાણવાથી તું પરંપરાએ પવિત્ર પરમાત્મા થઈશ.
- **ગાથા - ૫૫ :** શુદ્ધાત્માની અનુભૂતિસ્વરૂપ અવસ્થાને પ્રાપ્ત કર્યા સિવાય જે ગૃહસ્થઅવસ્થામાં દાન-પૂજાદિક છોડે છે અને મુનિની અવસ્થામાં છ આવશ્યક આદિને છોડીને ઉભયભ્રષ્ટ થતો વર્તે છે ત્યારે તો પુણ્ય-પાપ બંનેને સમાન માનવાં તે તો દૂષણ જ છે.
- **ગાથા - ૧૬૮ :** દાન, પૂજા અને પંચપરમેષ્ઠીઓની વંદના આદિરૂપ શ્રાવકધર્મ પરંપરાએ મુક્તિનું કારણ છે.

**શ્રી આત્માનુશાસન (શ્રી ગુણભદ્રાચાર્ય)**

- **શ્લોક - ૨૩ :** હે ભવ્યાત્મા ! અશુભ પરિણામ છોડી શુભ પરિણામમાં પ્રવૃત્તિ કર, કે જેથી પુણ્યનો સંચય અને પાપનો નાશ થાય.
- **શ્લોક - ૩૧ :** હે ભવ્યાત્મા ! જો તું સુખનો અભિલાષી હોય તો પુણ્ય કર.
- **શ્લોક - ૧૨૨ :** શ્રુતજ્ઞાન વડે જીવ અશુભથી છૂટી શુભને પ્રાપ્ત થઈ તથારૂપ પુરુષાર્થે ક્રમે કરી શુદ્ધ થાય છે.
- **શ્લોક - ૧૨૩ :** જેને શુદ્ધોપયોગની પ્રાપ્તિ નથી, તેણે શુભોપયોગરૂપ સરાગપણું છોડીને શું અશુભમાં પ્રવર્તવું ? તો માત્ર સ્વચ્છંદતાની જ વૃદ્ધિ થશે. તથારૂપ વીતરાગ પરિણતિ જાગ્રત થયા પહેલાં શ્રદ્ધાનમાં હેય અને પ્રવૃત્તિમાં ઉપાદેય રાખવાં એમાં જ આત્મહિત છે.
- **શ્લોક - ૧૨૪ :** જો કે શુભ કે અશુભ એ બંને

વસ્તુતાએ રાગ ભાવ જ છે, પરંતુ નીચેની દશામાં શુભરાગ શુદ્ધતાના સાધકને કથંચિત્ શુદ્ધતાનું કારણ છે. નીચેની દશામાં શુભરાગ થોડો થાય છે પણ અધોગતિના કારણરૂપ અશુભરાગ વધારે થાય છે. તો પ્રયત્નપૂર્વક પણ તે અશુભરાગનો ત્યાગ કરી શુભ રાગમાં આવવું એ ઈષ્ટ છે.

- **શ્લોક - ૨૩૯ :** નિશ્ચય દૃષ્ટિએ જોતાં એક શુદ્ધોપયોગ જ ઉપાદેય છે. શુભાશુભ સર્વ વિકલ્પો ત્યાજ્ય છે. તથાપિ તેવી તથારૂપ દશાસંપન્નતા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તે જ દશાની પ્રાપ્તિના લક્ષપૂર્વક પ્રશસ્ત યોગ(શુભ)પ્રવૃત્તિ ઉપાદેય છે.

### શ્રી મોક્ષમાર્ગપ્રકાશક
### (આચાર્યકલ્પ પંડિતપ્રવર ટોડરમલજી)

- **અધિકાર - ૧ :** અરિહંતાદિક પ્રત્યે જે સ્તવનાદિરૂપ ભાવ થાય છે તે કષાયની મંદતાપૂર્વક હોય છે માટે તે વિશુદ્ધ પરિણામ છે તથા સમસ્ત કષાયભાવ મટાડવાનું સાધન છે તેથી તે શુદ્ધ પરિણામનું કારણ પણ છે.
- **અધિકાર - ૭ :** શુભને છોડી અશુભમાં પ્રવર્તવું યોગ્ય નથી. (પાનું. ૨૦૯)

અનુક્રમમાં પહેલાં તીવ્રરાગાદિ પણ છોડવા અર્થે અનેક અશુભકાર્યો છોડી શુભકાર્યમાં લાગવું, પછી મંદરાગાદિ પણ છોડવા અર્થે શુભને પણ છોડી શુદ્ધોપયોગરૂપ થવું. (પાનું. ૨૧૨)

અશુદ્ધોપયોગને અને પરદ્રવ્યની પ્રવૃત્તિને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે, તેથી પહેલાં અશુભોપયોગ છૂટી શુભોપયોગ થાય, પછી શુભોપયોગ છૂટી શુદ્ધોપયોગ થાય, એવી ક્રમપરિપાટી છે. (પાનું. ૨૬૨)

### પૂ. શ્રી કાનજીસ્વામીનાં
### શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પર પ્રવચનો

- **ગાથા - ૧૨ :** આધ્યાત્મિક ભાષામાં શુદ્ધને પવિત્ર શુભ કહ્યો છે.
- **ગાથા - ૨૯ :** મનની સ્થિરતા વડે ધર્મ માને છે, પણ કષાય મંદ પડ્યા વિના તો પુણ્ય પણ નહિ થાય, તો ધર્મ તો ક્યાંથી થાય ?
- **ગાથા - ૮૬ :** વીતરાગભાવને શુદ્ધભાવની અપેક્ષાએ ઉત્કૃષ્ટ શુભ પરિણામ પણ કહી શકાય છે.

### 'આત્મધર્મ' (સોનગઢ પ્રકાશિત માસિક)

- **ડિસે. ૨૦૧૫ :** દયાના ભાવ છે તે પુણ્યનું કારણ છે. જીવદયાના ભાવમાં પાપ મનાવે એને તો ઘણી વિપરીતતા છે. ધર્મ ચીજ તો હજી જુદી છે, પણ આને તો પુણ્ય અને પાપ વચ્ચેનો ય વિવેક નથી.
- **ઑગસ્ટ - ૨૦૧૬ :** સમ્યગ્દૃષ્ટિને એમ હોતું નથી કે શુભ અને અશુભ બંને સરખા છે. માટે અશુભ ભલે આવે. સમ્યગ્દૃષ્ટિ અશુભથી છૂટવા વાંચન, શ્રવણ, વિચાર, ભક્તિ આદિ કરે છે. પ્રયત્નથી પણ અશુભ છોડી શુભ કરો એમ શાસ્ત્રમાં ઉપદેશ આવે છે. શુભ ને અશુભ પરમાર્થે સરખા છે તોપણ પોતાની ભૂમિકા પ્રમાણે અશુભ કરતાં શુભમાં રહેવાનો વિવેક હોય છે અને તેવો વિકલ્પ પણ આવે છે.

### ઉપસંહાર

સાધક મુમુક્ષુએ ભાવોનું નામકરણ કે નયકરણ કરવાની જરૂર નથી ! પ.કૃ.દેવની આજ્ઞા પ્રમાણે ત્યાગ, વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિ સહજ સ્વભાવરૂપ કરી આત્મદશા પ્રગટાવીએ તો ગંતવ્ય દૂર નથી. ઈતિ શુભમ્ અસ્તુ !

• • •

# યાત્રા - રાગીથી વીતરાગી

**મધુભાઈ પારેખ (રાજકોટ)**

મનુષ્યનું જીવન સ્વયં એક યાત્રા છે. માતાના ઉદરથી યાત્રાનો આરંભ થાય છે અને સ્મશાન-ભૂમિ ઉપર યાત્રાનો અંત આવે છે. જો કે આ યાત્રા પણ જીવાત્માની તો માત્ર એક ભવની યાત્રા છે. આત્મા અનંતકાળથી આજ પર્યંત યાત્રા જ કરતો રહ્યો છે. કોઈ પણ ક્રિયા થવામાં કંઈ ને કંઈ કારણ પણ હોય જ છે. યાત્રા પણ એક ક્રિયા છે તો તેની પાછળ કયું કારણ રહેલું છે તેનો વિચાર આપણે કરીએ છીએ ? જવાબમાં એમ લાગશે કે બહુ જ થોડા માનવજીવો આનો વિચાર કરે છે. જેને આવો વિચાર થાય છે, તેને સાચું કારણ જણાય છે ? તો જવાબ મળશે હા, કોઈકને મળે છે — જણાય છે. આ પ્રક્રિયા માનવજીવો ઘણા ઘણા કાળથી — યુગોથી કરતા રહ્યા છે.

ઉપરોક્ત પ્રક્રિયા કરીને જેમને આ અનંતની યાત્રાનું સાચું કારણ સમજાયું તેઓએ એવું તારણ કાઢ્યું કે આ યાત્રા સુખદ તો નથી જ, બહુધા દુઃખદ છે. આવો નિર્ણય થયાથી યાત્રાનાં મૂળ કારણનો જ નાશ કરવાનો પુરુષાર્થ કરવા તત્પર થાય છે. આવો પુરુષાર્થ કરનાર માનવી સાધક છે. પુરુષાર્થના આરંભથી સિદ્ધિ પ્રાપ્ત થતા સુધી તે સાધક છે. કારણનો નાશ થવો તે સિદ્ધિ છે. અનંતની યાત્રાનો અંત એ સિદ્ધિ છે, મોક્ષ છે.

માનવજીવો મુખ્યત્વે રાગી છે. રાગ સંસારનું મૂળભૂત કારણ છે. પરિભ્રમણનું કારણ છે. અનંતની યાત્રાનું કારણ છે. આ પરમ સત્ય જેમને સમજાયું અને અથાગ પરિશ્રમ કરીને જેઓ સર્વથા રાગરહિત થયા તે વીતરાગી કહેવાયા. આવા વીતરાગી પુરુષો (શુદ્ધાત્મા) ને જેનો તીર્થંકર-કેવળી કહે છે, વેદાંતીઓ પરમહંસ કહે છે, બૌદ્ધો પરમબોધિ કહે છે.

સમસ્ત માનવજીવો તરફ દૃષ્ટિપાત કરતા એમ જણાશે કે મુખ્યતાએ માનવજીવો રાગી છે. બહુ જ થોડા ત્યાગી છે. ત્યાગી પૈકી બહુ થોડા વૈરાગી છે. વૈરાગી પૈકી કોઈક જ વીતરાગી છે. અને સર્વથા સિદ્ધિ તો વીતરાગીને જ પ્રાપ્ત થાય છે. ઘર-સંસાર છોડીને જે ત્યાગી થયા છે તેમણે તો માત્ર સાધક અવસ્થામાં પ્રવેશ કર્યો છે, સિદ્ધિથી ઘણા દૂર છે. કેમ કે ચોક્કસ વસ્તુઓ કે સંગનો ત્યાગ કર્યો તેની સાથે બીજી કેટલીક વસ્તુઓ કે સંગનું ગ્રહણ પણ થતું હોય છે. જેમ કે ઘર છોડી - ઉપાશ્રય કે આશ્રમ ગ્રહણ થાય, સગા-સંબંધી છોડીને શિષ્યપરિવાર કે ભક્તો-અનુયાયીઓનું ગ્રહણ થવું, અમુક પ્રકારે વસ્ત્રો-સાધનો છોડી બીજા પ્રકારે વસ્ત્રો-સાધનો ગ્રહણ થાય. આમ, ત્યાગ એક પ્રારંભિક અવસ્થા છે તે બાબતે ત્યાગીને સભાનતા જરૂરી છે.

આગળની ભૂમિકા પ્રાપ્ત થવા અર્થે ત્યાગીએ વૈરાગી થવાનો પુરુષાર્થ કરવો ઘટે છે. વૈરાગ્યદશામાં વૈકલ્પિક સાધનો અને સંગ રહિત - અસંગતાનો અભ્યાસ દીર્ઘકાળ પર્યંત કરવાથી વૈરાગ્ય પુષ્ટ થાય છે. દેહ પ્રત્યેથી પણ મમત્વ છૂટી જાય, ઉપસર્ગ કે પરિષહ પ્રત્યે પણ ઉદાસીનતા રહેતી થાય. આ ઉત્તમ વૈરાગ્ય દશા છે.

ઉત્તમ વૈરાગ્ય દશાવાન સાધકે હવે છેલ્લો મુકામ કરવાનો છે તે વીતરાગતાનો છે. સર્વથા રાગરહિત દશા તે વીતરાગદશા છે. દેહ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને સંકલ્પ કે વિકલ્પોથી પણ પર થાય છે. ત્યાં કશું જ પોતાનું નથી - પારકું નથી. કોઈ

ઈચ્છા-સ્પૃહા-વાસના નથી. મોક્ષની પણ ઈચ્છા રહેતી નથી. કેવળ નિર્વિકલ્પ દશા, સ્વ-સ્વરૂપમાં અખંડ સ્થિરતા વગેરે વીતરાગતાનું સ્વરૂપ છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ લખ્યું છે : -

"કેવળ નિજ સ્વભાવનું, અખંડ વર્તે જ્ઞાન;
કહીએ કેવળજ્ઞાન તે, દેહ છતાં નિર્વાણ."

અને

"નહિ તૃષ્ણા જીવ્યા તણી, મરણયોગ નહીં ક્ષોભ;
મહાપાત્ર તે માર્ગના, પરમયોગ જિતલોભ."

અનંતકાળના પરિભ્રમણમાં આવો વિચાર તો માત્ર માનવભવમાં જ થઈ શકે છે અને માનવભવ વારંવાર મળતો નથી. હાલ જો મળ્યો જ છે તો પછી આ અનંતની યાત્રાનો અંત લાવવાનું જરૂરી નથી લાગતું ? સાધન બધા જ ઉપલબ્ધ છે, પુરુષાર્થ અને દૃઢ ઈચ્છાની જરૂર છે. ત્યાગી અને વૈરાગી થયા પછી જાણે કંઈ વિશેષ કરવાનું રહેતું નથી એમ માનીને ત્યાં જ રોકાય જવાનું ઘણું કરીને થતું જોવામાં આવે છે. માટે શ્રીમદ્જીએ લખ્યું છે : - "અટકે ત્યાગ, વિરાગમાં તો ભૂલે નિજ ભાન." સાધકે આ વાત ગંભીરતાથી વિચારવાની જરૂર છે, સાવધાન થવાની જરૂર છે. ઘણું અંતર કપાઈ ગયું છે, થોડું જ બાકી છે. વીતરાગતા વિના પૂર્ણ મોક્ષ નથી. વીતરાગતા માટે સાધકે ક્રમે કરીને પારમાર્થિક અવલંબનો ઘટાડતા જઈને, સર્વથા છોડી દેવાનો લક્ષ રાખીને, એકનિષ્ઠાથી નિજ-સ્વરૂપમાં સ્થિર થવાનો, લીન થવાનો અભ્યાસ પ્રમાદ રહિત થઈને કરવાનો છે. આ કાર્ય કઠિન જરૂર છે પરંતુ અશક્ય તો નથી જ. અને કઠિન પણ એટલા માટે લાગે છે કે જીવાત્માએ અનંત પરિભ્રમણમાં આ પુરુષાર્થ કર્યો નથી. શરૂ શરૂમાં નિજ સ્વરૂપમાં સ્થિર ન થવાય તેમ બનવાનું છે, તો પણ પ્રયાસ ચાલુ જ રાખવાનો છે.

જૈન પરંપરામાં પૂર્ણ વીતરાગ દશા 'આ કાળમાં' થવાની શક્યતા નકારી છે, પરંતુ અન્ય કોઈ દર્શને આ વાતનો નકાર કર્યો નથી. ખેર, સાધકે તો આ વિકલ્પ છોડીને યથાર્થ પુરુષાર્થ કરવામાં કંઈ જ ગુમાવવાનું નથી જ તેમ માની આગળ વધવાનું જરૂરી લાગે છે.

શ્રીમદ્ રાજચંદ્રજી તો લખે છે કે "આ કાળમાં પણ મોક્ષ હોય." અને જો મોક્ષ હોય તો વીતરાગ દશાનો પુરુષાર્થ પણ અવશ્ય હોય. સાધકે મત - મતાંતર તજીને મોક્ષનો પુરુષાર્થ કરવો જ રહ્યો. એ જ કલ્યાણ.

● ● ●

## દર્શનસ્તુતિ

**(પાના નં. ૧૩ પરથી ચાલુ...)**

● "આત્મસ્વભાવ અગમ્ય તે, અવલંબન આધાર;
જિનપદથી દર્શાવિયો, તેહ સ્વરૂપ પ્રકાર."

**— અંતિમ સંદેશ**

**ઉપસંહાર :** આપણે પરમાત્મા અને સદ્ગુરુના સાચા ભક્ત-સેવક બનીએ તો તેમની કૃપાથી આપણને પણ પોતાના સાચા સ્વરૂપની પ્રાપ્તિ થાય. એટલે કે સ્વરૂપની ભ્રાંતિરૂપ અજ્ઞાનનો નાશ થઈ જાય. જેઓ પરમકરુણા કરી આપણા સ્વરૂપની પ્રાપ્તિ કરાવે, તેવા પરમાત્મા-સત્પુરુષનું ઋણ ચૂકવવા આપણે અસમર્થ છીએ. યથાઃ

"શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન."

**— શ્રી આ.સિ.શાસ્ત્ર ગા. ૧૨૪, ૧૨૫**

॥ શ્રી સદ્ગુરુચરણાર્પણમસ્તુ ॥

● ● ●

# હું કેવો મુમુક્ષુ છું ? (જાત પરીક્ષા)

**૧. હું દિવસમાં કેટલી વાર સત્ય બોલું છું ?**
(A) દર વખતે, (B) ઘણી વાર,
(C) ક્યારેક, (D) ક્યારેય નહિ.

**૨. હું કેવા પ્રકારની ચોરી કરું છું ?**
(A) કોઈ નાની-મોટી ચોરી નહિ,
(B) ટેક્સની ચોરી, (C) ઘણા પ્રકારની,
(D) દરેક પ્રકારની.

**૩. હું કેવા પ્રકારનું જીવન જીવી રહ્યો છું ?**
(A) પૂર્ણ બ્રહ્મચારી,
(B) આંશિક બ્રહ્મચારી,
(C) એક પત્ની/પતિવ્રતધારી,
(D) પરસ્ત્રીગમનધારી.

**૪. હું કેટલી અહિંસાનું પાલન કરું છું ?**
(A) સર્વ પ્રકારની અહિંસા,
(B) કોઈ પ્રાણીનો વધ નથી કરતો/કરાવતો,
(C) માખણ, મધ, હિંસક દવાનો પ્રયોગ,
(D) હિંસક વ્યાપાર.

**૫. હું વેપારમાં છેતરપિંડી કરું છું ?**
(A) ક્યારેય નહિ, (B) ક્યારેક
(C) ભેળસેળ કરું છું,(D)નકલી માલ વેચું છું.

**૬. હું લાંચરુશ્વત લઉં છું ? ભ્રષ્ટાચાર કરું છું ?**
(A) કદી નહિ, (B) ક્યારેક,
(C) અનેકવાર, (D) કાયમ માટે.

**૭. દિવસમાં કેટલો સમય ધર્મની આરાધના કરું છું ?**
(A) ૯ થી ૧૦ કલાક, (B) ૬ કલાક,
(C) બે કલાક, (D) બિલકુલ નહિ.

**૮. હું વ્યસનોનું સેવન કરું છું ?**
(A) સાત વ્યસનત્યાગ,
(B) ક્યારેક સટ્ટો-લોટરી,
(C) ક્યારેક વેશ્યાગમન,
(D) દરેક વ્યસનોનું સેવન.

**૯. મેં ધનની મર્યાદા (પરિગ્રહ પરિમાણ) કેટલી કરી છે ?**
(A) મારા જીવનનિર્વાહ જેટલી,
(B) પરિવારની જરૂરિયાત મુજબ,
(C) સમાજમાં જરૂરિયાત અનુસાર,
(D) કોઈ મર્યાદા નહિ.

**૧૦. મારા જીવનનો ઉદ્દેશ શું છે ?**
(A) સમ્યગ્દર્શન,
(B) માર્ગાનુસારીના ગુણોની પ્રાપ્તિ,
(C) શાંતિપૂર્ણ જીવન,
(D) મોજશોખ, ભોગવિલાસ.

**૧૧. મારો દોષ ખ્યાતિમાં (પ્રસિદ્ધિમાં) આવતા હું શું પ્રતિક્રિયા કરું છું ?**
(A) દોષસ્વીકાર કરી દોષનો ત્યાગ,
(B) દોષસ્વીકાર કરું, પણ દોષનો ત્યાગ નહિ,
(C) દોષ સાંભળું પણ સ્વીકારું નહિ,
(D) દોષ બતાવનારને દોષી સાબિત કરું.

**૧૨. કોઈ મને અપશબ્દો કહે ત્યારે...**
(A) શાંતિથી સાંભળીને ક્ષમા કરું છું,
(B) સાંભળું છું પણ ક્ષમા કરતો નથી,
(C) મનમાં ક્રોધ કરું છું,
(D) સામે અપશબ્દો સંભળાવું છું.

૧૩. **કોઈ મારા પર ઉપકાર કરે ત્યારે...**
- (A) કૃતજ્ઞતા પ્રગટ કરું છું,
- (B) ઉપકાર માનું છું પણ કૃતજ્ઞતા પ્રગટ કરતો નથી,
- (C) ક્યારેક આંશિક રીતે ઉપકાર માનું છું,
- (D) કૃતઘ્નતા પ્રગટ કરું છું.

૧૪. **કોઈ સત્ય/ધર્મ બતાવે ત્યારે**
- (A) સત્યને સત્ય માની પ્રોત્સાહન આપું છું,
- (B) સત્યને માનું છું પણ પ્રોત્સાહન આપતો નથી,
- (C) હું તટસ્થ રહું છું,
- (D) સત્યને જૂઠ સાબિત કરું છું

૧૫. **ગુણવાન વ્યક્તિઓને જોઈને હું...**
- (A) ગુણગાન (ગુણપ્રમોદ) ગાઉં છું,
- (B) ગુણવાનનું સ્વાગત કરું છું, પણ પ્રશંસા નહીં,
- (C) ગુણગાન કે પ્રશંસા કરતો નથી,
- (D) ગુણવાનના દોષો બતાવું છું.

**સ્વમૂલ્યાંકનના પરિણામ માટે :**

પ્રત્યેક (A) માટે ૧૦ ગુણ, (B) માટે ૫ ગુણ, (C) માટે ૨ ગુણ, (D) માટે ૦ ગુણ ગણવાં.

ઉત્તમ મુમુક્ષુ : ૧૦૦ થી ૧૫૦ ગુણ

મધ્યમ મુમુક્ષુ : ૫૦ થી ૯૯ ગુણ

કનિષ્ઠ : ૦૦ થી ૪૯ ગુણ


■ ■ ■

## તો ચાલો સત્સંગમાં

**મંજુલાબેન અનિલકુમાર બોટાદરા**

વિશ્વવંદનીય જગતપિતા ભગવાન મહાવીર સ્વામીએ ન કેવળ માનવજગત પર પરંતુ વિશ્વના સમસ્ત જીવજગત ઉપર અસીમ ઉપકાર કર્યો છે. વર્તમાનમાં વિજ્ઞાનયુગનું વર્ચસ્વ છે. પશ્ચિમી સંસ્કૃતિનો ઝેરીલો વાયુ ફૂંકાઈ રહ્યો છે. ઘર એક થીએટર બની ગયું છે. ટીવી ઉપર આવતા ખાન-પાન, ફેશન-વ્યસન વગેરેનો જબરો પ્રભાવ છે. ઘર એક મંદિરનું સ્થાન ધર્મશાળામાં પરિવર્તિત થઈ રહ્યું છે. ઘર, પરિવાર, સમાજ ચારે બાજુ અશાંતિની આગથી ભડકે બળી રહ્યા છે. આ કપરા સમયમાં અસીમ સુખ-શાંતિ તથા ચંદન જેવી શીતળતાનું સ્થાન વિશ્વવાટિકામાં ચાલતા ફરતા કલ્પવૃક્ષ સમાન લોકમાં રહેલા સાધુ-સાધ્વીઓ છે, જે અજ્ઞાની અને સ્વાર્થીને શુદ્ધ બનાવી દે છે. સત્સંગ સોનું છે કે જે પાપીને પાવન બનાવી દે છે.

સત્સંગ જીવનશિલ્પી છે, જે માનવને મંદિરની પૂજનીય મૂર્તિ બનાવી દે છે. સત્સંગ દિવ્ય જડીબુટ્ટી છે, જે ભવાન્તારોના રોગ મટાડી દે છે. સત્સંગ અમૃત છે, જે અસાધ્ય રાજરોગને મટાડી દે છે. સત્સંગ જ્ઞાનનો ભંડાર છે, જે હૃદયની અંધારી ગુફામાં સદ્‌જ્ઞાનની જ્યોતિ જ્વલંત કરાવી દે છે. સત્સંગ સર્ચલાઈટ છે, જે માર્ગ ભૂલેલા પથિકને તથા અજ્ઞાનની અંધારી અટવીમાં આથડતા આત્માઓને સુખશાંતિનો રાજમાર્ગ બતાવે છે. સત્સંગ સમક્તિનો આલોક છે, જે દુર્ગતિના દ્વાર બંધ કરાવે છે તથા મોક્ષનો પંથ બતાવે છે. સત્સંગ શાંતરસનું સરોવર છે, જે આધિ-વ્યાધિ-ઉપાધિથી કરમાયેલા માનવપુષ્પને નવચેતના, નવસ્ફૂરણા પ્રાપ્ત કરાવે છે. સત્સંગના અખંડ પ્રવાહમાં, ગુરુ ભગવંતોના પાવન ચરણોમાં આગમનું અમૃત આત્મસાત્ કરી આગમવાણી સાંભળીએ તો અનાદિકાળના આત્મા ઉપર લાગેલા કર્મોના આવરણો ધીમે ધીમે દૂર થશે. જેવી રીતે ગટરનું પાણી ગંગામાં મળી જાય તો પ્રભુચરણોમાં સ્થાન પ્રાપ્ત કરી લે છે તેવી જ રીતે પાપી અને ક્રૂર આત્માઓને સત્સંગ દ્વારા પ્રભુચરણમાં સ્થાન પ્રાપ્ત થાય છે. અર્જુનમાળી, રોહિણીયો ચોર, મૃગાવતીજી વગેરે ઘણાં જીવ સત્સંગમાં જ તરી ગયા છે.



# બાળ વિભાગ



સંકલન : મિતેશભાઈ એ. શાહ

## વચનભંગ કેમ થાય ?

વલ્લભવિદ્યાનગર ખાતે એક શ્રમશિબિર યોજવામાં આવી રહી હતી અને તેનું ઉદ્‌ઘાટન મૂકસેવક રવિશંકર મહારાજને હાથે કરાવવાનું નક્કી કરાયું હતું.

પણ એ સમયે મહારાજ બોચાસણ ખાતે, અસ્વસ્થ તબિયતને કારણે દાક્તરોની સલાહ મુજબ પૂરો આરામ લઈ રહ્યા હતા.

શિબિરના આગલે દિવસે રાતના શિબિરના કેટલાક આયોજકો બોચાસણ આવ્યા અને જોયું તો મહારાજ નાદુરસ્ત શરીરે એક ખાટલામાં ઊંઘ લેતા પડ્યા હતા.

ઊંઘમાં ખલેલ ન પડે તે માટે આયોજકો બાજુની એક ઓરડીમાં બેઠા અને મહારાજ ક્યારે જાગે તેની રાહ જોવા લાગ્યા.

મહારાજ આખી રાત ઊંઘતા જ રહ્યા, બીજે દિવસે તેઓ જાગ્યા.

તરત જ મહારાજ બોલી ઊઠ્યા, ''અરે, ઉદ્‌ઘાટન મારે કરવાનું છે એ વાત જ હું ભૂલી ગયો હતો ! તમે મને ઠીક યાદ દેવરાવ્યું.''

''પણ આપની તબિયત સારી નથી. વલ્લભવિદ્યાનગર સુધી આવવાનો શ્રમ આપની આ નાદુરસ્ત તબિયત સહન કરી શકશે નહિ.''

''ના, વચન મુજબ મારે શિબિરનું ઉદ્‌ઘાટન કરવા ત્યાં આવવું જ જોઈએ.''

''દાદા, દાક્તરોએ આપને પૂરો આરામ કરવાની સલાહ આપી છે, તેની અવગણના આપ શા માટે કરો છો ? અમે તો આપના આશીર્વાદ લેવા જ આવ્યા છીએ !''

મહારાજે આયોજકોને કહ્યું, ''મારાથી વચનભંગ થઈ શકે નહિ, વચનપાલન માટે રામચંદ્રજીએ સુખવૈભવો છોડીને ચૌદ વર્ષ વનવાસ ભોગવ્યો હતો એ કેમ ભૂલી જાઓ છો ?''

અને તેઓ આયોજકોની સાથે વલ્લભ-વિદ્યાનગર જવા રવાના થયા !

## સાર્થક મુલાકાત

ગ્રીક તત્ત્વચિંતક સૉક્રેટિસ જેવા વિદ્વાન હતા એવા જ એ નિઃસ્પૃહી પણ હતા. ઘરમાં એ ખપપૂરતી જ ચીજો વસાવતા.

એકવાર એમના ઘરે એનો એક મિત્ર આવી ચઢ્યો અને બોલ્યો, ''ચાલો, આજે આપણે એક મોટો સ્ટોર જોવા જઈએ.''

સૉક્રેટિસ અને એનો આ મિત્ર એથેન્સના એ મોટા અને વિખ્યાત સ્ટોરમાં ગયા. સ્ટોર ખરેખર નમૂનેદાર હતો.

બંને મિત્રો આખો સ્ટોર ફરી વળ્યા. સૉક્રેટિસ એક એક વસ્તુને ખૂબ બારીકાઈથી અવલોકતા હતા. એવી કોઈ કીમતી ચીજની તે પ્રશંસા પણ કરતા હતા.

આ જોઈને તેના મિત્રને થયું કે સૉક્રેટિસ જરૂર કોઈ ચીજ અહીંથી ખરીદશે. પણ એ મિત્રની ધારણા સાચી નીવડી નહિ. સૉક્રેટિસે એક પણ ચીજ ખરીદી નહિ. આ જોઈ તેના મિત્રને ખૂબ આશ્ચર્ય થયું.

તેણે પાછા વળતાં, સ્ટોરનાં પગથિયાં ઊતરતાં સૉક્રેટિસને કહ્યું, ''આપને અહીંની વસ્તુઓ કેવી લાગી ?''

"અદ્ભુત ! ખૂબ જ પ્રશંસાજનક !"

"તો પછી એવી અદ્ભુત વસ્તુઓમાંથી આપે એક પણ વસ્તુ શા માટે ન ખરીદી ?"

સૉક્રેટિસ બોલ્યા, "કોઈ વસ્તુ ખરીદવાની મને જરૂર હોય તો હું વસ્તુ ખરીદું ને ? મને આ સ્ટોર જોઈને મનમાં આનંદ અને સંતોષ એ થયો છે કે આ બધી વસ્તુઓ વગર પણ હું સંતોષથી જીવન ગુજારી શકું છું ! આવી કોઈ વસ્તુ ખરીદ્યા વિના પણ મારું જીવન હું સારી રીતે ચલાવી શકું છું એની પ્રતીતિ મને અહીં થઈ ! આ કારણથી અહીંની મુલાકાત મારે માટે ખૂબ સાર્થક બની છે."

## દુઃખિયા પ્રત્યે દયા

નગેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય બંગાળના એક દેશસેવક હતા. એમણે ઘણા ધાર્મિક ગ્રંથો પણ રચ્યા હતા. આવા પ્રખર પ્રચારક સાવ ગરીબ અવસ્થામાં જીવતા હતા. ઘરની ગરીબી કેટલીક વાર તો એવી દારૂણ બની જતી કે ઘરમાં ખાવા અનાજનો એક દાણો પણ હોય નહિ !

પણ ચટ્ટોપાધ્યાયને આ સ્વેચ્છાએ આવકારેલી ગરીબીનો મનમાં જરાયે અફસોસ નહોતો. તેઓ માનતા કે સમૃદ્ધિમાં માણસ ઈશ્વરને ભૂલી જાય છે, જ્યારે નિર્ધનતામાં તે ઈશ્વરને હરેક ક્ષણે સંભારતો રહે છે.

એકવાર કોઈ એક સદ્ગૃહસ્થે પોતાના ઘેર લગ્નપ્રસંગ હોવાથી ચટ્ટોપાધ્યાયને લગ્નવિધિ કરવા બોલાવ્યા. લગ્ન પત્યા બાદ ગૃહસ્થે ભાડા પેટેના થોડા પૈસા ચટ્ટોપાધ્યાયના હાથમાં મૂક્યા. ચટ્ટોપાધ્યાયને થયું કે ચાર-છ દિવસ હવે ટૂંકા થશે, ઘર ચલાવવામાં મુશ્કેલી નડશે નહિ.

પણ તેઓ થોડું ચાલ્યા કે તેમણે માર્ગ પર એક વૃદ્ધ અને માંદો ભિખારી જોયો. તેમણે પેલા બધા પૈસા ભિખારીને આપી દીધા. પોતે આગળ ડગલું ભરે ત્યાં તો એમને એકાએક ખ્યાલ આવ્યો, "અરે, આ બિચારા પાસે આ ઠંડીથી બચવા એકે કપડું પણ નથી !" આવો ખ્યાલ આવતાં જ તેઓ ભિખારી પાસે પાછા આવ્યા અને પોતાના શરીર પર ઓઢેલી ચાદર પેલા ભિખારીને ઓઢાડી દીધી ! ■ ■ ■

## સમાધિતંત્ર - અમૃતરસપાન

(પાના નં. ૧૧ પરથી ચાલુ...)

આત્માનો પ્રચૂર આનંદ પ્રગટે છે. અન્યના અવલંબને આત્મા અનુભવાતો નથી.

દેવગુરુ પાસેથી શું લેવું ? તેમની પાસે છે, જે છે તેની આનંદપૂર્ણ પ્રસ્તુતિ કરશે પણ દેવગુરુનો સ્વભાવ જોઈને – તેઓ આત્મસ્વભાવને માણી રહ્યા છે, તેવું આત્મસ્વરૂપ હું પણ પ્રસન્નતાથી માણું - અનુભવું તો મેં ખરેખર દેવ ગુરુના દર્શન કર્યા કહેવાય. અન્યથા દેવગુરુને બાહ્યભાવે અનાદિકાળથી જોતા આવ્યા છીએ. હવે આત્મ જાગૃતિ સાથે તેઓશ્રીના સ્વરૂપને નિહાળી - નિજ પુરુષાર્થ સાધી મારા વડે મારામાં સ્થિત થાઉં છું. નિજ સ્વરૂપને પામું છું. આ જ એક પરમકાર્ય છે.

- વિષયોથી કરી મુક્ત, મને મેં આત્મભાવથી,
  પરમાનંદથી પૂર્ણ બોધરૂપે કરી સ્થિતિ.

**– પૂ. શ્રી બ્રહ્મચારીજી**

- વિષયમુક્ત થઈ મુજ થકી જ્ઞાનાત્મક મુજ સ્થિત,
  મુજને હું અવલંબુ છું પરમાનંદ રચિત.

**– શ્રી છોટાલાલભાઈ જી. ગાંધી**

- मैंने सभी विषय को विष मान त्यागा
  मेरा जिनेश ! जिस कारण भाग्य जागा ।
  आनंद-धाम मुझको अधुना मिला है
  विज्ञान - नीरज अतः उर में खिला है ॥

**– આચાર્ય પૂ. વિદ્યાસાગરજી મહારાજ**

(ક્રમશઃ)

● ● ●

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં ફેબ્રુઆરી માસમાં આધ્યાત્મિક શિબિરનું આયોજન

સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજીના પાવન સાન્નિધ્યમાં તા. ૧૩-૨-૨૦૧૮ થી તા. ૧૫-૨-૨૦૧૮ (મંગળવાર થી ગુરુવાર) દરમ્યાન ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિર દરમ્યાન શ્રીમદ્ રાજચંદ્ર મિશન, ન્યૂ દિલ્હીના અધિષ્ઠાતા પૂ. રત્નાબેનની સ્વાધ્યાયશ્રેણી યોજાશે. આ ઉપરાંત પૂજ્યશ્રી આત્માનંદજી બા.બ્ર.આદ. સુરેશજીના સ્વાધ્યાયનો લાભ મળશે. જિનાભિષેક, જિનપૂજા ઉપરાંત ભક્તિસંગીત આદિ વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો યોજાશે. શિબિરમાં પધારવા સૌને નિમંત્રણ છે. આપના આગમનની જાણ અગાઉથી સંસ્થાના કાર્યાલયમાં કરવા વિનંતી, જેથી આવાસાદિની સુવિધામાં સરળતા રહે.

## શ્રી આત્મસિદ્ધિપારાયણ

આપણી સંસ્થામાં અવારનવાર પધારીને સત્સંગનો લાભ લેતા પ્રજ્ઞાવંત મુમુક્ષુ આદ. ડૉ. રમાબેન દેસાઈ (અમરેલી) તરફથી તા. ૯-૧૨-૨૦૧૭ના દિવસે આપણી સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. ભાવપૂર્વક પારાયણ બાદ પૂજ્યશ્રીના સ્વાધ્યાયની વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. આ નિમિત્તે આદ. રમાબેન દેસાઈ તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું.

## સંસ્થામાં અંતરંગ તપ 'ધ્યાન' વિષયક લેખિત કસોટીનું આયોજન

મુમુક્ષુ ભાઈ-બહેનો ક્રમબદ્ધ શાસ્ત્રોનું જ્ઞાનાર્જન કરી શકે તે હેતુથી સંસ્થા દ્વારા અવારનવાર લેખિત કસોટીનું આયોજન કરવામાં આવે છે. તા. ૧૨-૨-૨૦૧૮ (શિબિરના આગલા દિવસે) સોમવારના રોજ સંસ્થામાં બપોરે ૩-૧૫ થી ૫-૧૫ દરમિયાન અંતરંગ તપ 'ધ્યાન' વિષયક લેખિત કસોટી યોજાશે. કસોટીનો અભ્યાસક્રમ વેબસાઈટ પર મૂકવામાં આવ્યો છે. અથવા આ અંગે સંસ્થામાં આદ.બા.બ્ર. સુરેશજીનો સંપર્ક સાધવા વિનંતી. પરીક્ષા આપવા આવવાની અનુકૂળતા ન હોય તો પરીક્ષાનું પ્રશ્નપત્ર સંસ્થાની વેબસાઈટ પરથી પ્રાપ્ત કરી ઘરે બેઠા પણ પરીક્ષા આપી શકાશે. વધુમાં વધુ મુમુક્ષુ ભાઈ-બહેનોને લેખિત કસોટીમાં ભાગ લઈ જ્ઞાનાર્જનનો લાભ લેવા વિનંતી છે.

## શ્રી કુંદકુંદાચાર્યના આચાર્ય પદારોહણદિન નિમિત્તે સંસ્થામાં વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો સંપન્ન

માગસર વદ આઠમ એટલે અપ્રમત્ત યોગીશ્વર આચાર્યશ્રી કુંદકુંદસ્વામીજીનો આચાર્ય પદારોહણ દિન. આ દિવસે સવારે પૂજ્ય મુનિશ્રી ચંદ્રગુપ્તજી વિરચિત કુંદકુંદસ્વામીની પૂજા કરવામાં આવી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે મૂળ આમ્નાયમાં મંગલાચરણમાં ભગવાન મહાવીર અને ગૌતમસ્વામી પછી શ્રી કુંદકુંદાચાર્યનું સ્મરણ કરવામાં આવે છે. શ્રી કુંદકુંદસ્વામીના વચનોમાં રહેલા તત્ત્વ અને સત્ત્વને જાણવા પ્રયત્ન કરવો. મહાપુરુષોના ગુણાનુવાદ, સ્મરણથી ઘણા પાપકર્મો નાશ પામે છે અને બુદ્ધિ વિશુદ્ધ બને છે. મહાપુરુષોના જીવનચરિત્રનું વારંવાર સ્મરણ કરવું જોઈએ.

બા.બ્ર.પૂજ્યશ્રી ગોકુળભાઈએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે દ્વિતીય શ્રુતસ્કંધની રચના શ્રી કુંદકુંદસ્વામીથી થઈ. કુંદકુંદસ્વામીના શાસ્ત્રોને શ્રી ગણધરદેવના શાસ્ત્રોની જેમ પ્રમાણભૂત માનવામાં આવે છે. શ્રી કુંદકુંદસ્વામીએ મોક્ષમાર્ગના ઉત્તમ સિદ્ધાંતોને જાળવીને મોક્ષમાર્ગને ટકાવી રાખ્યો છે. કુંદકુંદસ્વામીને 'કલિકાલ સર્વજ્ઞ' કહેવામાં આવે છે. પદ્મનંદિનાથ, વક્રગ્રીવાચાર્ય, એલાચાર્ય, ગૃદ્ધપિચ્છાચાર્ય વગેરે અનેક તેઓના નામ છે. તેઓની મહત્તા દર્શાવતા ઉલ્લેખો જૈન સાહિત્ય અને શિલાલેખોમાં જોવા મળે છે. તેઓએ રચિત શાસ્ત્રોમાં આત્માને પ્રાપ્ત કરવાની વિધિ બતાવવામાં આવી છે. તેઓએ ૧૧ વર્ષની વયે દીક્ષા, ૩૩ વર્ષે આચાર્યપદ પ્રાપ્ત કર્યું. ૯૫ વર્ષનું તેઓનું આયુષ્ય હતું.

બપોરે કુંદકુંદાચાર્યના જીવનચરિત્રને દર્શાવતી સીડી બતાવવામાં આવી.

## સંસ્થામાં ત્રિદિવસીય યુવા ઉત્કર્ષ શિબિર સાનંદ સંપન્ન

યુવા પેઢી સુસંસ્કારિત બને અને દેશને ઉત્તમ નાગરિક મળે તેવા હેતુથી આપણી સંસ્થામાં તા. ૨૪-૧૨-૨૦૧૭ થી તા. ૨૬-૧૨-૨૦૧૭ ત્રિદિવસીય યુવા ઉત્કર્ષ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. શિબિરમાં ચિત્રોડા, ઈડર, લક્ષ્મીપુરા, રાજકોટ, કોટડા, છત્રાલ, બાંસવાડા વગેરે અનેક સ્થળેથી સારી સંખ્યામાં શિબિરાર્થીઓ પધાર્યા હતા. આદ. શ્રીમતી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવારે (રાજકોટ) યુવાશિબિરના આર્થિક સૌજન્યદાતા બનીને પોતાની હૃદયની ઉદારતાનો પરિચય આપ્યો છે; જે બદલ સંસ્થા વતી તેઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. મહાનુભાવોના વરદ હસ્તે દીપ-પ્રાગટ્ય દ્વારા શિબિરનો મંગલ પ્રારંભ થયો. સમગ્ર શિબિરનું સુંદર સંચાલન પ્રતિભાસંપન્ન આદ.શ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **જિનાભિષેક - જિનપૂજા :** શિબિર દરમિયાન ઉત્સાહપૂર્વક જિનાભિષેક-જિનપૂજામાં ભાગ લઈને સૌએ ભાવોની વિશુદ્ધિ કરી હતી.

● **સ્વાધ્યાય - ધર્મવાર્તા - પ્રશ્નોત્તરી : પૂજ્યશ્રી આત્માનંદજીએ** હિતશિક્ષા આપતા જણાવ્યું કે શિબિરમાં પ્રાપ્ત થયેલા બોધને જીવનમાં ઉતારવો. જીવનમાં ઉન્નતિ કરવા સતત પ્રયત્નશીલ રહેવું. પ્રભુ-ગુરુની આજ્ઞાનું પાલન કરીએ અને સર્વ જીવોનું કલ્યાણ ઈચ્છીએ. Where there is a will there is a way.

**આદ. શ્રુતપ્રજ્ઞ સ્વામીજીએ** 'Lesson's of Life' વિષય અંતર્ગત જીવનની ઉન્નતિ કરનારા સૂત્રો આપ્યા હતા : (૧) આહ્‌વાન (ટૅલેન્ટ)ને ઓળખો અને તે માટે સમય ફાળવો. (૨) અજાણી વ્યક્તિ પ્રત્યે સદ્‌ભાવ પ્રગટ કરો. (૩) દૃષ્ટિબિંદુને સમજો અને બદલો. (૪) પોતાની જાતને કઠોર રીતે (શિસ્તમાં રહીને) પ્રેમ કરો. (૫) ડાયરી (દૈનિક નોંધપોથી) લખવાની ટેવ પાડો. (૬) વચન, વ્યવહાર, વ્યવસાયમાં પ્રામાણિક રહો. (૭) દિવસની શરૂઆત સારી રીતે કરો. (૮) અનાવશ્યક બાબતોને ના પાડતાં શીખો. (૯) પૈસાને આશીર્વાદ આપતાં શીખો (લક્ષ્મીને વહેતી રાખો). (૧૦) ઉચિત કામ પર ધ્યાન આપો. (૧૧) આભારપત્ર લખતાં શીખો. (૧૨) હંમેશાં પોતાની સાથે એક સારું પુસ્તક રાખો. (૧૩) સાત્ત્વિક આહાર લો (જંકફૂડ તથા ફાસ્ટફૂડથી બચો). (૧૪) મગજને ઠંડુ રાખો. (૧૫) ક્ષમા આપવાની વૃતિ રાખો. (૧૬) જીવનના માર્ગદર્શક સદ્‌ગુરુને રાખો.

**પૂ. વિવેકજીવન સ્વામીજી**એ અનેકવિધ દષ્ટાંતો દ્વારા જીવનમાં વચનનિષ્ઠા, બ્રહ્મચર્યપાલન, નિર્વ્યસનપણું, પ્રભુશ્રદ્ધા, મૂલ્યનિષ્ઠા, સાદગી, ગુરુશરણ, સેવાભક્તિ, પ્રામાણિકતા જેવા ગુણો કેળવવા પર ભાર મૂક્યો.

પૂજ્ય **બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજી**એ ચાર શબ્દો યાદ રાખવાં જણાવ્યું - (૧) ભાષા : આપણને માતૃભાષા પર ગૌરવ હોવું જોઈએ. (૨) ભૂષા : વ્યક્તિત્વ, સંસ્કૃતિ અને પર્યાવરણને અનુરૂપ વસ્ત્રો પહેરવાં. (૩) ભોજન : સાત્ત્વિક આહાર લેવો. (૪) ભજન : પરમાત્માની ભક્તિ કરવી. માતા-પિતાની સેવા કરવી.

**આદ.બા.બ્ર. સુરેશજી**એ તત્ત્વજ્ઞાન પ્રશ્નોત્તરી અંતર્ગત પરમાત્મ તત્ત્વ, સૃષ્ટિરચના વગેરે અનેક બાબતો પર ચર્ચા કરી હતી. શિબિરાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા ધર્મવિષયક પ્રશ્નોનું તેમણે સુંદર સમાધાન કર્યું હતું.

**આદ. બા.બ્ર. અલકાબેને** અધ્યાત્મજીવનના પાયારૂપ સૂત્રો વિષયક અધ્યાત્મનો અર્થ, અધ્યાત્મ જીવનશૈલી, આત્માના લક્ષણો, આત્માના શત્રુઓ, વસ્તુ સ્વાતંત્ર્યનો સિદ્ધાંત, અપ્રસન્નતાના કારણો, પરિસ્થિતિનો સહજ સ્વીકાર (adjust) વગેરે બાબતો પર છણાવટ કરી હતી.

**આદ. ડૉ. રાગિણીબેને** સ્વાસ્થ્ય જાગૃતિ વિષય અંતર્ગત શુદ્ધ ઑક્સિજનની આવશ્યકતા, આર.ઓ. સિસ્ટમમાં પાણીનો થતો બગાડ અને શરીરને જરૂરી તત્ત્વનો થતો નાશ, ફાસ્ટફૂડ અને જંકફૂડથી થતાં નુકસાનો, સાત્ત્વિક અને તાજા આહારનું મહત્ત્વ, પેઈન કીલર દવાઓના ઉપયોગથી થતા નુકસાનો વગેરે બાબતો પર સુંદર પ્રકાશ પાડ્યો હતો.

**આદ.શ્રી હિતભાઈ મોદી**એ સમાજના વિકાસમાં આપણું યોગદાન, મહાન પુરુષોનો ઉદાર અને સમાજસેવાલક્ષી દૃષ્ટિકોણ, માનવતાનો વિકાસ વગેરે બાબતો પર સુંદર ચર્ચા કરી હતી.

● **યોગ-પ્રાણાયામ :** યોગાચાર્ય **શ્રી વસંતભાઈ બ્રહ્મભટ્ટે** સવારે શિબિરાર્થીઓને યોગ અને પ્રાણાયામ કરાવ્યા હતા.

● **શ્રમયજ્ઞ :** શારીરિક ઘડતર માટે જીવનમાં શ્રમની આવશ્યકતા છે તે બાબત શિબિરાર્થીઓને સમજાય તે માટે પ્રાયોગિક ધોરણે સંસ્થાના વિવિધ વિભાગો (પુસ્તકાલય, સ્વાધ્યાયહૉલ, મેદાન)ની સફાઈ કરાવવામાં આવી હતી.

● **રમતગમત :** શારીરિક સૌષ્ઠવની ખીલવણી થાય તે હેતુથી શિબિરાર્થીઓને કબડ્ડી અને ખો-ખોની રમત રમાડવામાં આવી હતી. ઉત્સાહપૂર્વક સૌ તેમાં જોડાયા હતાં.

● **સાંસ્કૃતિક કાર્યક્રમો :** યુવા શિબિરાર્થીઓએ નાટકો, અભિનયગીત, દેશભક્તિગીત, સંસ્કૃત કાવ્યગાન, એકપાત્રીય અભિનય, યોગાસન, વક્તવ્યો વગેરે રજૂ કર્યા હતાં.શ્રી શિવદાન ગઢવી અને શ્રી ભરતદાન ગઢવીએ ડાયરાના કાર્યક્રમ અંતર્ગત ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરી હતી તથા નિર્દોષ મનોરંજન પૂરું પાડ્યું હતું.

● **શિબિરાર્થીઓના પ્રતિભાવો :** શિબિરાર્થીઓએ પોતાના પ્રતિભાવોમાં શિબિરમાં જીવનોપયોગી પાથેય મળ્યાનો આનંદ વ્યક્ત કર્યો હતો. સૌના મુખારવિંદ પર સંતોષના ભાવો દૃષ્ટિગોચર થતા હતા.

● **અભિવાદન :** શિબિરને સફળ બનાવવામાં સહયોગ આપનાર પ્રતિનિધિઓનું સંસ્થા દ્વારા મેમેન્ટો, ઈનામવિતરણ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમમાં ભાગ લેનાર તમામને રૂા. ૧૦૦/-નો પુરસ્કાર આપવામાં આવ્યો.

● **આભારવિધિ :** આ કાર્યક્રમ અંતર્ગત શ્રી શરદભાઈ ડેલીવાળા તથા શ્રી કપિલભાઈએ શિબિરને સફળ બનાવવામાં યોગદાન આપનારા સૌ કોઈનો સંસ્થા વતી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

| | | |
|---|---|---|
| ● **સોલર સીસ્ટમ :** | (૧) શ્રી સૂર્યકાંતભાઈ ચીમનલાલ શાહ, કોબા | રૂા. ૧૦,૦૦,૦૦૦/- |
| | (૨) શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ, મુંબઈ | રૂા. ૫,૦૦,૦૦૦/- |
| ● **ગુરુકુળ :** | (૧) શ્રી દક્ષાબેન પી. શાહ CA (U.S.A.) (એક વિદ્યાર્થી દત્તક) | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | (૨) શ્રી કોકિલાબેન કે. પરીખ, NJ, USA | ૫૫૦ ડોલર |
| ● **મેડિકલ સેન્ટર :** | (૧) શ્રી દિનેશભાઈ એસ. બાવીસી, રાજકોટ (બોડી પ્રોફાઈલ મેડિકલ કેમ્પ) | રૂા. ૪,૨૫,૦૦૦/- |
| | (૨) શ્રી ચંદ્રકાંતભાઈ ત્રિભોવનદાસ મહેતા, મુંબઈ | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| ● **ભોજનાલય :** | (૧) શ્રી કુમુદભાઈ એસ. મહેતા, મુંબઈ | રૂા. ૧,૦૦,૦૦૦/- |
| | (૨) શ્રી મીતાબેન યોગેશભાઈ શાહ, સીલજ | રૂા. ૧૧,૦૦૦/- |
| | (૩) શ્રી અદિતિ મહેતા, વડોદરા | રૂા. ૧૧,૦૦૦/- |
| | (૪) શ્રી દીપકજી ભૂતા (મ.પ્ર.) હ.શ્રી ઉપેન્દ્રભાઈ ભૂતા | રૂા. ૧૦,૦૦૦/- |
| ● **પુસ્તક પ્રકાશન :** | (૧) શ્રી વીણાબેન મહેન્દ્રભાઈ ખંધાર, કોબા | રૂા. ૧૫,૦૦૦/- |
| | (૨) શ્રી પુષ્પાબેન જયંતિભાઈ શાહ, લંડન (યુ.કે.) | રૂા. ૧૧,૧૧૧/- |
| | (૩) શ્રી શ્રુતિબેન શૈલેષભાઈ માલદે, લંડન (યુ.કે.) | રૂા. ૧૧,૧૧૧/- |
| ● **સાધકનિવાસ :** | (૧) શ્રી કુમુદભાઈ એસ. મહેતા, મુંબઈ | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| | (૨) શ્રી અશોકભાઈ પી. શાહ, મુંબઈ | રૂા. ૫૧,૦૦૦/- |
| ● **યુવાશિબિર :** | શ્રી તરલાબેન દિનેશભાઈ બાવીસી પરિવાર, રાજકોટ | રૂા. ૧,૫૧,૦૦૦/- |
| ● **જ્ઞાનદાન :** | શ્રી જિતેન્દ્રભાઈ સમદરિયા, બેંગ્લોર C\o. ઉદય જ્વેલર્સ, હસ્તે પદ્મ‌ાબેન સમદરિયા | રૂા. ૨૨,૦૦૦/- |
| ● **ઓડીયો-વીડિયો :** | શ્રી કુમુદભાઈ એસ. મહેતા, મુંબઈ | રૂા. ૨,૦૦,૦૦૦/- |
| ● **સાધારણ ખાતું :** | Infinium Motors Pvt. Ltd., Ahmedabad | રૂા. ૩૫,૦૦૦/- |

## ભિલોડા મુકામે 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાસભાગૃહ' (ઓડીટોરીયમ)ના ઉદ્‌ઘાટનનો સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

તા. ૧૬-૧૨-૧૭ના રોજ શ્રીમદ્ જેસીંગબાપા એજ્યુકેશન કેમ્પસમાં ઉપરોક્ત હૉલના ઉદ્‌ઘાટન પ્રસંગે સુંદર સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઘણી મોટી સંખ્યામાં ભાવિકોએ હાજરી આપી હતી.

આ સમારોહમાં પૂજ્યશ્રી ગોકુળભાઈ, કોબાથી પૂજ્ય બહેનશ્રી તથા આદ. બા. બ્ર. સુરેશજી, પૂ. શ્રી શિવુભાઈ પટેલ સહિત કોબા, અમદાવાદ, વસાઈ, ભાલુસણા, ખેરાળુ વિગેરે સ્થળેથી અન્ય સંતો, મહાનુભાવો પધાર્યા હતા. પૂજ્યશ્રી ગોકુળભાઈ તથા સૌ સંતોએ દીપપ્રાગટ્ય કરી સત્સંગનો મંગલ પ્રારંભ કર્યો હતો.

પૂજ્યશ્રી ગોકુળભાઈ તથા પૂજ્યશ્રી શિવુભાઈએ મનનીય પ્રવચન આપ્યા હતા. અન્ય સૌએ શુભેચ્છાઓ પાઠવી હતી. સત્સંગ પછી સ્વામિવાત્સલ્યનું સુંદર આયોજન હતું. સૌએ ભોજન પ્રસાદી લઈ ભાવભીની વિદાય લીધી હતી.

આવા સુંદર આયોજન માટે આદ. મંત્રીશ્રી દામુભાઈ પટેલ તથા સ્કુલના અન્ય સંચાલકો, શિક્ષકો, બાળકોએ ઘણો પ્રેમ-પરિશ્રમ કર્યો હતો તે માટે સૌને અંતરના ભાવપૂર્વક ધન્યવાદ આપીએ છીએ. પૂજ્યશ્રી સૌને શુભાશીર્વાદ પાઠવે છે.

## વસાવટ (સાબરકાંઠા) મુકામે સત્સંગનો કાર્યક્રમ સંપન્ન

તા. ૩૦-૧૨-૨૦૧૭ના રોજ ગોધમજી પાસે આવેલ વસાવટ ગામમાં પૂ. લાલજીબાપાના સમાધિદિન નિમિત્તે સત્સંગ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આપણી સંસ્થામાંથી ૮ જેટલા મુમુક્ષુઓએ હાજરી આપી હતી. આદ. બા. બ્ર. સુરેશજીએ અચ્છે બનો (પરોપકારી જીવન), બચ્ચે બનો (સરળ જીવન), સચ્ચે બનો (આધ્યાત્મિક જીવન) વિષય પર મનનીય સત્સંગ કરાવ્યો હતો. આદ. બા.બ્ર. અલકાબેને ભગવાનનો નિવાસ થાય તે માટે આપણું હૃદય કેવું બનાવવું તે વિષય પર સરળ છતાં સચોટ શૈલીમાં ઉદ્‌બોધન કર્યું હતું. સારી સંખ્યામાં મુમુક્ષુ ભાઈ-બહેનોએ સત્સંગનો લાભ લીધો હતો.

## સંસ્થામાં વિશિષ્ટ સમાજસેવકોનું બહુમાન

ડૉ. જનકભાઈ (Ph.D.) અને ભારતીબેન શાહ પાસે વિવિધ ક્ષેત્રોની અડધો ડઝન અનુસ્નાતક ડીગ્રીઓ હોવા છતાં બંને ઘણા નમ્ર, સરળ અને સેવાભાવી છે. વિકલાંગો (નવું નામ 'દિવ્યાંગો') પ્રત્યે હમદર્દી અને સંવેદનશીલતા (જનકભાઈ દિવ્યાંગ હોવાથી વિશેષપણે) હોવાથી તેમણે અનેક વિકલાંગોના જીવનનો અભ્યાસ કર્યો, પ્રેરણા આપી અને યથાશક્તિ મદદ કરી. તેમાંથી નાત-જાત-દેશ-વેશના કોઈ ભેદભાવ વિના વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર ૪૦ વિકલાંગો વિષે ૪ પુસ્તકો (દરેકમાં ૧૦) પ્રકાશિત કર્યા : (૧) અડગ મનના ગજબ માનવી, (૨) હોંસલોં કી ઉડાન, (૩) કિસીકા દર્દ મિલ સકે તો લે ઉધાર, (૪) જીવતરની સાથે, માણસાઈની વાટે (પ્રકાશક : શ્રી માનવવિકાસ અને કલ્યાણ ટ્રસ્ટ, અમદાવાદ. મો. ૯૪૨૯૦ ૬૭૮૭૯). આ પુસ્તકો ઘણા રોચક અને પ્રેરણાદાયી છે. બંને મૂળ લીંબડી (હાલ અમદાવાદ)ના છે. આપણા આશ્રમમાં વર્ષો સુધી સ્થાયી રહીને સાધના-સેવા કરનાર સ્વ. બાબુભાઈના સુપુત્ર અને હાલ

આશ્રમમાં લાયબ્રેરી, દૈનિક ભક્તિ, સંગીત વગેરેમાં સેવા આપવા સાથે મૂક સાધના કરનાર શ્રી ગૌતમભાઈના જયેષ્ઠ બંધુ તે શ્રી જનકભાઈ. તા. ૧૭-૧૨-૨૦૧૭, રવિવારે બપોરે ગુરુકુળના બાળકોને પ્રેરણા મળે તથા તેમના સેવા-સુકૃતની અનુમોદનાર્થે આ દંપતીના સત્કાર-સન્માનનો પ્રોગ્રામ આશ્રમમાં રાખેલ. તેમના ૪ પુસ્તકો આધારિત ૩૦ મિનિટની વિડીયો જોઈ. સાહિત્યિક અને કૌટુંબિક સંબંધના નાતે પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ અને પ્રતિમાબેન ખાસ આવેલ. પૂ. સાહેબજી, પૂ. બહેનશ્રી, આશ્રમના સર્વ મુમુક્ષુઓ અને ગુરુકુળના બાળકોની હાજરી હતી. શાલ-પ્રશસ્તિપત્રથી બંનેનું બહુમાન કર્યું. ડૉ. કુમારપાળભાઈ અને મહેન્દ્રભાઈ ખંધારે તેમના જીવન-કવન વિષે કહ્યું. જનકભાઈએ તેમના કાર્યક્ષેત્રનો પરિચય આપ્યો. ગૌતમભાઈએ સુંદર પદ સાથે કૌટુંબિક વાતો કરી. જનકભાઈ અને ભારતીબેનનું જીવન પ્રેરણાદાયી અને પ્રશંસનીય છે. આ પ્રસંગે તે દંપતીએ સંસ્થાને રૂા. ૫૦૦૦/-નું દાન આપ્યું. કાર્યક્રમના આયોજનમાં પૂ. બહેનશ્રી, આદ. ઉષાબેન શેઠ, બા.બ્ર. જનકબેન અને ગૌતમભાઈ હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આદ. મહેન્દ્રભાઈએ સુપેરે કરેલ.

## 'મોહનદાસથી મહાત્મા ગાંધી' (મોહનનો મસાલો) નાટકની પ્રસ્તુતિ

આપણા આશ્રમના ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈના સુપુત્ર શ્રી ધ્રુવભાઈનો વિશિષ્ટ આઈડીયા, આયોજન વગેરે પાયાની મહેનતથી આ નાટક અસ્તિત્વમાં આવ્યું છે.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને ભારતના આબાલવૃદ્ધ ઉપરાંત આખા વિશ્વના બધા લોકો તેમને અહિંસક, ક્રાંતિકારી, સત્યના પૂજારી, સાદાઈ, સરળતા, ગરીબો પ્રત્યેની સંવેદનશીલતા, રાષ્ટ્રભક્તિ વગેરે અનેક ગુણોથી જાણીને તેમની મહાનતાને વંદે છે. ભારતની સ્વાતંત્ર્ય લડતના સૂત્રધાર અને સફળતા પ્રાપ્ત કરનાર તરીકે આપણે તેમને શત શત વંદન કરીએ છીએ. તેમની મહાનતાના બે પાયા અહિંસા અને સત્ય તથા ધર્મ અને આત્મા વિષે ગાંધીજીને શ્રીમદ્ રાજચંદ્ર પાસેથી ઘણી પ્રેરણા અને માર્ગદર્શન મળેલ. શ્રીમદ્જી ગાંધીજીના અધ્યાત્મ પથદર્શક હતા.

'મહાત્માના મહાત્મા - યુગપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર' નાટક કે જેના, પૂ. રાકેશભાઈની પ્રેરણાથી, દેશવિદેશમાં લગભગ ૧૫૦૦ શૉ (સાત ભાષામાં) ભજવાયા છે તે સાથે કે શ્રીમદ્ રાજચંદ્ર મિશન - ધરમપુર સાથે આ નાટકને કોઈ સંબંધ નથી.

ગાંધીજી મહાત્મા બન્યા (દક્ષિણ આફ્રિકાના રંગભેદ સામે સત્યાગ્રહની સફળતાથી ભારતની અહિંસક - ક્રાંતિકારી લડતની સફળતારૂપે પૂર્ણ આઝાદીની પ્રાપ્તિ સુધી) તે પહેલા બાલ્યકાળ, કિશોર અવસ્થા અને યુવાવસ્થા દરમ્યાન તેઓ આપણા જેવા જ સામાન્ય હતા. તેમનામાં પણ દોષો અને દુરાચાર હતા. તેમણે પણ ભૂલો કરેલ. પરંતુ પોતાના દોષો અને ભૂલો જોઈ - સમજીને પાછા વળી ગયા તે જ તેમની ભાવિ મહાનતાની શરૂઆત હતી.

આ નાટક એકાંકી છે અને મોનોલોગમાં (એક જ મુખ્ય એક્ટરનો રોલ) છે. તેના લેખક ઈશાન દોશી, ડિરેક્ટર - દિગ્દર્શક મનોજ શાહ, મુખ્ય (અને એકમાત્ર) એક્ટર પ્રતીક ગાંધી, સ્ટેજ આર્ટ અતુલ દોડીયા, ગાયક પાર્થિવ ગોહિલ અને સંયોજક ધ્રુવ શાહ છે.

ગુજરાતી - હિંદી - અંગ્રેજીમાં આ નાટકના સેંકડો શૉ ગામેગામ થયેલ છે અને ખૂબ સારો પ્રતિસાદ

મળેલ છે. નાટકના એક્ટર પ્રતીકભાઈ તથા અન્ય સૂત્રધારોના ઘણા અભિવાદન થયેલ છે. ૯૦ મિનિટનું આ નાટક પ્રેક્ષકોને બરાબર જકડી રાખે છે. નાટક જોતા ઘણી પ્રેરણા મળે છે અને સામાન્ય માનવીમાંથી મહાત્મા બનેલ ગાંધીજી વિષે ઘણું નવું જાણવા મળે છે. શ્રી પ્રકાશભાઈએ શૉ સ્પોન્સર કરેલ. તા. ૧૦-૧૨-૨૦૧૭, રવિવારની સાંજે પંડિત દીનદયાલ ઓડીટોરીયમમાં (રાજપથ ક્લબ પાસે) શૉ હતો. કોબા આશ્રમથી પૂ. બહેનશ્રી સહિત ઘણા મુમુક્ષુઓ ગયા હતા.

## જૈન સમાજ અને શિક્ષણના કાર્ય માટે ડો. મેહુલ સંઘરાજકાને MBEનો એવોર્ડ



ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ડાયરેક્ટર અને ટ્રસ્ટી ડૉ. મેહુલ સંઘરાજકાને ઈંગ્લેન્ડની રાણી દ્વારા ૨૦૧૮ના નવા વર્ષે એનાયત થતા બ્રિટનના ખિતાબોમાં MBEનો ખિતાબ જાહેર કરવામાં આવ્યો. છેલ્લા વીસ વર્ષથી ડૉ. મેહુલ સંઘરાજકા જૈન ધર્મ અને શિક્ષણની બાબતોમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે. વળી, ૩૨ જેટલી જૈન સંસ્થાઓનું ઈન્ટરફેઈથ અને સરકારી બાબતોમાં પ્રતિનિધિત્વ કરતી ઈન્સ્ટિટ્યુટ ઑફ જૈનોલોજીના ડૉ. મેહુલ સંઘરાજકા ડાયરેક્ટર અને ટ્રસ્ટી છે. આ સંસ્થાએ જૈન ઓલ પાર્ટી પાર્લામેન્ટ્રી ગ્રુપ રચીને જૈનોની વસ્તીગણતરી તેમજ 'આર્મિસ્ટિસ દિવસે' જૈનોના પ્રતિનિધિત્વ અંગે મહત્ત્વનું કાર્ય કર્યું છે. બ્રિટનના બીજા નંબરે આવતા જૈન સંગઠન નવનાત વણિક એસોસિયેશનના પણ મેહુલ સંઘરાજકા ટ્રસ્ટી છે. એમણે જૈનપીડિયાના એક્ઝિક્યૂટીવ ડાયરેક્ટર તરીકે યશસ્વી કાર્ય કર્યું છે અને આ જૈનપીડિયા તે વિશ્વભરમાં જૈન ધર્મ અંગેની એક પ્રમાણભૂત વેબસાઈટ છે તેમજ દર વર્ષે એક મિલિયન પેજ જોવામાં આવે છે.

વિશ્વના વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની બાબતોમાં છેલ્લાં વીસ વર્ષથી વધુ સમયથી કાર્યરત એવા મેહુલ સંઘરાજકાએ E-learning Solution શોધીને આજના યુગમાં વિશ્વના કોઈપણ ભાગમાં ડિજિટલ લિટરસી સ્કિલનો વિકાસ સાધવાનું કામ કર્યું છે. નોંધપાત્ર બાબત એ છે કે ડૉ. મેહુલ સંઘરાજકાના પિતા શ્રી હર્ષદભાઈ સંઘરાજકાને પણ એમના જૈન ધર્મનાં કાર્યો માટે આ અગાઉ MBEનો ખિતાબ મળ્યો છે.

ઈન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીના ચેરમેન શ્રી નેમુ ચંદરયાએ આ સમાચાર અંગે આનંદ પ્રગટ કરતાં કહ્યું, "ડૉ. મેહુલ સંઘરાજકાના અવિરત પ્રયત્નોને પરિણામે બ્રિટનના ધાર્મિક ફલક પર હવે જૈનો વધુ સક્રિય ભૂમિકા ભજવી શકશે. એમને મળેલા આ એવોર્ડ બદલ અભિનંદન આપું છું."

## વૈરાગ્ય સમાચાર



**[૧] મુંબઈ :** આપણી સંસ્થામાં અવારનવાર સત્સંગ અર્થે પધારતા આદ.શ્રી ચંદ્રકાન્તભાઈ ટી. મહેતાના ધર્મપત્ની **શ્રીમતી મૃદુલાબેન ચંદ્રકાન્તભાઈ મહેતા**નું તા. ૨૯-૧૧-૨૦૧૭ના રોજ ૮૮ વર્ષની વયે દેહાવસાન થયું છે. આ ધાર્મિક દંપતી પૂજ્યશ્રીના સત્સંગમાં આવતા રહેતા અને કોબામાં સંસ્થાની સ્થાપના થઈ ત્યારથી તો નિયમિત સત્સંગ અર્થે પધારતા. સ્વ. મૃદુલાબેન નિખાલસ, સરળ અને ધાર્મિક વૃત્તિના હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

# સંસ્થામાં યોજાયેલ યુવા ઉત્કર્ષ શિબિરની તસવીરો
(તા. ૨૪-૧૨-૨૦૧૭ થી તા. ૨૬-૧૨-૨૦૧૭)



યોગાચાર્ય વસંતભાઈ



યોગ-પ્રાણાયામ



શ્રમયજ્ઞ





રમત-ગમત



શ્રમયજ્ઞ





યુવા શિબિરાર્થીઓનું અભિવાદન



ડાયરો









સાંસ્કૃતિક કાર્યક્રમો





શિબિરાર્થીઓના પ્રતિભાવો

**Registered under RNI No. : GUJGUJ/2008/25883**
**Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal**
**Regd. No. : GAMC - 309/2018-2020 issued by SSP Ahmedabad valid upto 31-12-2020**
**Publication Date 15th of every month**

## આદ.ડો.જનકભાઈ શાહ તથા શ્રીમતી ભારતીબેનનું સંસ્થા દ્વારા અભિવાદન (તા. ૧૭-૧૨-૨૦૧૭)





## 'મોહનદાસથી મહાત્મા ગાંધી' (મોહનનો મસાલો) નાટકની સફળતાના સૂત્રધારો





### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

૧ 'દિવ્યધ્વનિ' જાન્યુઆરી - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**સ્વ. શ્રી સુમતિચંદ્ર મનસુખલાલ દોશીના સ્મરણાર્થે**

હસ્તે : શ્રીમતી નયનાબેન સુમતિચંદ્ર દોશી પરિવાર (ઘાટકોપર, મુંબઈ)

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

૨ 'દિવ્યધ્વનિ' જાન્યુઆરી - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ

**આદ.શ્રી કાંતાબેન હરજીભાઈ પોકર પરિવાર (અમદાવાદ)**

તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007.
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah